MONDAY
૦૧-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૪
અંક : ૯૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪

### આઝાદી બાદ દર વર્ષે બજેટનાં નામે થાય છે સ્વપ્નોના વાવેતર : ભ્રષ્ટાચારીઓ આખરે યોજનાઓને ગળી જાય છે

# બજેટની ડ્રામાબાજી : ગરીબી- બેરોજગારી ઠેરની ઠેર

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૩૧

આવતી કાલે ૧૧ વાગ્યે સંસદમાં બજેટ બહાર પડવાનું છે ત્યારે સૌ નજર તાકીને બેઠા છે. દરેક લોકો પોતાના હિત ઈચ્છીને બેઠા છે પરંતુ લાભ કોને? દર વર્ષે બજેટ બહાર પડે છે તેનો લાભ ગરીબોને કે મધ્યમ વર્ગને ક્યારે મળ્યો? બજેટ બહાર પડે, યોજનાઓ બહાર પડે, અમીરો વધુ અમીર બને, ગરીબો વધુ ગરીબ બને, નેતાઓ યોજનાઓને ગળી જાય... આ એક નિત્યક્રમ બની ગયો છે. ત્યારે આ વર્ષના બજેટ પર દેશવાસીઓ આશાઓ અને ઈચ્છાઓનો પહાડ બનાવીને બેઠા છે તેનું પરિણામ ૧૧ વાગ્યે આપણી સમક્ષ રજૂ થશે.

નાણાં મંત્રી નિર્મલા સીતારામન ૧ ફેબ્રુઆરીએ ૨૦૨૧-૨૨ માટે બજેટ રજૂ કરશે. આ વખતનું બજેટ ખાસ છે, કેમકે એવું પ્રથમવાર છે, જેમાં બજેટ દસ્તાવેજ પ્રિન્ટ થયા નથી. આ વખતનું બજેટ સંપૂર્ણપણે પેપરલેસ છે અને તેને ડિજિટલી જ રિલીઝ કરવામાં આવશે. સામાન્ય રીતે બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા ૫ મહિના અગાઉથી શરૂ થઈ જાય છે અને અનેક મહત્વની બેઠકો પછી તેને તૈયાર કરવામાં આવે છે.

બજેટમાં સરકાર ત્રણ પ્રકારના આંકડા જણાવે છે. જે હોય છે-બજેટ એસ્ટિમેટ એટલે કે બજેટ અંદાજ, રિવાઈઝ્ડ એસ્ટિમેટ એટલે કે સંશોધિત અંદાજ અને એક્ચ્યુઅલ એટલે કે વાસ્તવિક.

સંસદમાં બજેટ રજૂ કરતા પહેલા રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી હોય છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા પછી તેને કેબિનેટની સામે રાખવામાં આવે છે અને તેના પછી સંસદના બંને ગૃહોમાં તેને રજૂ કરાય છે.





બજેટ રજૂ થયા પછી તેને સંસદનાં બંને ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભામાં પસાર કરાવવાનું હોય છે. બંને ગૃહોમાંથી પસાર થયા પછી ૧ એપ્રિલથી તે લાગુ થઈ જાય છે. આપણા દેશમાં નાણાકીય વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધી હોય છે.

કોરોના મહામારીના લીધે તે આ વખતે બજેટમાં હેલ્થ સેક્ટર પર વધુ ભાર રહેવાની આશા છે. લગભગ નક્કી માનવામાં આવે છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણના પટારામાંથી હેલ્થ સેક્ટર પર વધુ ધન વરસશે. હાલ જીડીપીનો ૧.૪ ટકા ભાગ હેલ્થ સેક્ટર પર ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ આશા છે કે સરકાર તેને વધારીને બમણો કરી શકે છે કારણ કે સરકારનો ટાર્ગેટ ૨૦૨૪ સુધી જીડીપીના ૪ ટકા ભાગ હેલ્થ સેક્ટર પર ખર્ચ કરવાનો છે.

નાણાં મંત્રી નિર્મલા સીતારામન આ વખતે બજેટમાં વૃદ્ધજનોને અનેક રાહતો આપી શકે છે. એક તો તેમના માટે ઈનકમ ટેક્સમાં છૂટની મર્યાદા વધારવામાં આવી શકે છે. બીજું, કોરોના મહામારીના કારણે ઈન્સ્યોરન્સની આવશ્યકતાને જોતા તેના પ્રિમિયમ પર મળનારી ટેક્સમાં રાહત પણ વધારવાની ચર્ચા છે. આ પરિવર્તન જૂની ટેક્સ વ્યવસ્થામાં થશે.

આ બજેટથી લોકોને ઘણી આશા છે બજેટમાં ડિફેન્સ સેક્ટર માટે મોટી જાહેરાતની આશા છે. ચીન સાથે ટકરાવને કારણે એવુ માનવામાં આવી રહ્યુ છે કે નાણા મંત્રી નિર્મલા સીતારમણ ડિફેન્સ સેક્ટર માટે ભારે બજેટની જાહેરાત કરી શકે છે. માનવામાં આવી રહ્યુ છે કે ડિફેન્સ બજેટમાં આત્મનિર્ભર અભિયાનની ઝલક હોઈ શકે છે. કહેવાનો અર્થ એ છે કે સ્વદેશી હથિયારો પર ભાર આપવામાં આવી શકે છે

મહત્વપૂર્ણ છે કે નાણાકીય વર્ષ ૨૦20 માટે મોદી સરકારે સંરક્ષણ બજેટમાં ૬ ટકાનો વધારો કર્યો હતો. આ સાથે જ ડિફેન્સ સેક્ટરનું બજેટ વધીને ૩.૩૭ લાખ કરોડ રૂપિયા થઈ ગયુ હતું. એક વર્ષ પહેલા સંરક્ષણ બજેટ ૩.૧૮ લાખ કરોડ હતું. કેન્દ્ર સરકારે નવા હથિયારોને ખરીદવા માટે આધુનિકીકરણ માટે ૧ લાખ ૧૦ હજાર ૭૩૪ કરોડ રૂપિયા જાહેર કર્યા હતા

બજેટ બાદ કોરોના કાળમાં અર્થવ્યવસ્થાને બૂસ્ટ આપવા માટે સરકારે ડિફેન્સ સેક્ટરમાં પણ કેટલીક મોટી જાહેરાત કરી હતી, ત્યારે નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યુ હતું કે આવા હથિયાર, વસ્તુઓ, સ્પેયર્સને નોટિફાઈ કરશે જેમાં આયાતને બેન કરવામાં આવે અને સ્વદેશી વસ્તુ પુરી પાડવામાં આવશે

આ સિવાય ઓર્ડિનન્સ ફેક્ટરીનું કોર્પોરેટાઈજેશન થશે, પ્રાઈવેટાઈજેશન નહી રહે, તેમણે જણાવ્યુ કે ડિફેન્સ સેક્ટરમાં સ્વદેશી હથિયારો માટે અલગથી બજેટ બનશે, જેનાથી ઘરેલુ કંપનીઓને ફાયદો થશે.

નોકરિયાત લોકોને પૂરી ઉમ્મીદ છે કે આ વખતે સરકાર ટેક્સ છૂટની સીમા વધારી શકે છે. હાલ ટેક્સ છૂટની સીમા ૨.૫ લાખ રૂપિયા છે, જેને વધારીને ૩ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. આવી ઉમ્મીદ એટલા માટે કરાઈ રહી છે કેમ કે પાછલા ૭ વર્ષથી ટેક્સ સ્લેબમાં કોઈ બદલાવ નથી થયો. અગાઉ જુલાઈ ૨૦૧૪માં આવેલ બજેટમાં તાત્કાલીન નાણામંત્રી અરુણ જેટલીએ આ સીમા ૨ લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ રૂપિયા કરી હતી.

## આજથી ગાઈડલાઈનના પાલન સાથે થિયેટર હાઉસફૂલ : સરકારની મંજૂરી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૧

દેશભરમાં ૧૦૦ ટકા દર્શકોની ક્ષમતા સાથે સિનેમા હૉલ ખોલવાની મંજૂરી આપી દેવામાં આવી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કોરોના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે સિનેમા હોલ માટે નવી ગાઈડ લાઈન્સ જાહેર કરી છે. નવા નિયમો અનુસાર, ૧ ફેબ્રુઆરીથી ૧૦૦ ટકા ક્ષમતા સાથે સિનેમા હોલ ખોલી શકાશે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં દેશમાં કોરોના મહામારીની શરૂઆત સાથે જ સિનેમા હોલ, થિયેટર અને મલ્ટી પ્લેક્સ બંધ કરી દેવામાં આવ્યા હતા. હવે નવી ગાઈડ લાઈનનું પાલન કરવા સાથે જ સિનેમા હોલ, થિયેટર્સ અને મલ્ટી પ્લેક્સમાં દર્શકોની હાલની ક્ષમતા ૫૦ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાની મંજૂરી આપવામાં આવી છે.

જ્યારે પ્રકાશ જાવડેકરે જાણકારી આપતા જણાવ્યું કે, દેશભરમાં થિયેટરમાં મૂવી જોવા જનારા માટે ખુશખબર છે. ફેબ્રુઆરીથી ૧૦૦ ટકા દર્શકોની ક્ષમતા સાથે સિનેમા હોલ ખોલવામાં આવી શકે છે. અમારો ભાર ઓનલાઈન બુકિંગ પર વધારે રહેશે. આ સિવાય બે શૉ વચ્ચે સમય રાખવામાં આવે, જેથી ભીડ ના થાય. કોરોના કાળમાં પ્રતિબંધો હવે ઉઠાવવાનો સમય આવી ગયો છે. થિયેટરના ફૂડ સ્ટોલથી સામાન લઈને લોકો અંદર જઈ શકશે.

## પત્ની પાસેથી પૈસા માંગવા એ અત્યાચાર નથી : મુંબઈ હાઈકોર્ટ

(જી.એન.એસ.)નાગપુર,તા.૩૧

મહારાષ્ટ્રમાં બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેંચે ચુકાદો આપ્યો છે કે પત્ની પાસેથી પૈસા માંગવાને સતામણીની શ્રેણીમાં ન મૂકવામાં આવે. આ નિર્ણય સાથે કોર્ટે પત્નીને ૯ વર્ષના લગ્ન બાદ આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનાં આરોપી વ્યક્તિને મુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. સામાન્ય રીતે મહિલાઓ વિરુદ્ધના અત્યાચારના કિસ્સામાં દહેજની માગણી કરવી, માનસિક ત્રાસ આપવો, મ્હેંણા ટોંણા મારવા અને તેના કારણે મહિલા આત્મહત્યા કરે તો તેના માટેની પેરણા આપવાનો ગુનો નોંધવામાં આવતો હોય છે.

જસ્ટિસ પુષ્પા ગનેડીવાલાએ અરજદાર પ્રશાંત જારેની મુક્ત કરવાની અપીલને મંજૂરી આપતા કહ્યું હતું કે, "આ મામલો પતિ-પત્ની વચ્ચેના ઝઘડા સાથે સંબંધિત છે. જ્યાં પતિએ પૈસા માટે પત્ની પર હુમલો કર્યો હતો. પત્ની પાસેથી પૈસાની માંગને કલમ ૪૯૮એ હેઠળ સતામણીની શ્રેણીમાં ન મૂકવામાં આવી શકે.

## વધુ એક વાતચીત : સરકાર-ખેડૂત વચ્ચે આવતી કાલે ૧૩મા રાઉન્ડની બેઠક

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ પછી ખેડૂત નેતાઓ અને સરકાર વચ્ચે ફરી એકવાર વાતચીત શરૂ થવા જઈ રહી છે. સરકારે ૧૩મા રાઉન્ડની બેઠક માટે ૨ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે. વડાપ્રધાને શનિવારે થયેલી સર્વપક્ષીય મીટિંગમાં કહ્યું હતું કે સરકાર ખેડૂતોની સાથે વાત કરવા માટે હંમેશા તૈયાર છે. ખેડૂતોને ૨૨ જાન્યુઆરીએ જે પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો, તે હજુ પણ યથાવત્ છે. કોઈપણ ઉકેલ વાતચીતથી જ આવવો જોઈએ. આ દરમિયાન, ગાઝીપુર અને સિંઘુ બોર્ડર પર ખેડૂતોની સંખ્યા સતત વધી રહી છે. તકેદારીના ભાગરૂપે પોલીસે બંને સ્થળે સુરક્ષા વધારી દીધી છે. આજે ખેડૂતોના આંદોલનનો ૬૭મો દિવસ છે. ગાઝીપુર બોર્ડર પર ખેડૂતોની વધતી સંખ્યા અને ખેડૂતો દિલ્હી તરફ કૂચ ન કરે એ માટે ગાઝીપુર બોર્ડર પર ૧૨ લેયરનું બેરિકેડિંગ કરી દેવાયું છે. પોલીસને આશંકા છે કે ૧ ફેબ્રુઆરીએ સંસદમાં બજેટ રજૂ થવાનું છે ત્યારે ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી શકે છે. જેને ધ્યાનમાં રાખીને આ બેરિકેડિંગ કરાયું છે. નોઈડાથી અક્ષરધામ જતા રસ્તા ઉપરાંત, દિલ્હીથી ઈન્દિરાપુરમ અને નોઈડા જતા રસ્તા પણ બંધ કરી દેવાયા છે.




## અફઘાનિસ્તાનમાં તાલિબાન દ્વારા સૈન્ય મથક પર બોમ્બ બ્લાસ્ટ : ૮ સૈનિકોના મોત

(જી.એન.એસ.)કાબૂલ,તા.૩૧

અફઘાનિસ્તાનના શિરઝાદ જિલ્લામાં શનિવારે આતંકવાદીઓએ સૈન્ય મથકને નિશાન બનાવીને મોટો બોમ્બ-બ્લાસ્ટ કર્યો હતો. તેમાં ૮ સૈનિકો મૃત્યુ પામ્યા હતા. સરકારી અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે. આતંકી સંગઠન તાલિબાન દ્વારા બ્લાસ્ટ પછી મીડિયાને નિવેદન આપીને આ હુમલાની જવાબદારી લીધી છે.



આ મામલે તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે તે એક આત્મઘાતી હુમલો હતો. તેમાં ૫૦ સૈનિકો માર્યા ગયા છે. ઘાયલોની સંખ્યા હજી સામે આવી નથી. આ પછી, કાબુલ શહેરમાં વધુ બે હુમલા થયા, પરંતુ વધારે નુકસાન થયું નહીં. એક જગ્યાએ પોલીસ વાન પર મેગ્નેટિક બોમ્બ વડે હુમલો કરાયો હતો. જેમાં એક નાગરિક ઘાયલ થયો હતો. કાબુલના સલીમ કારવાન વિસ્તારમાં એક કારમાં બ્લાસ્ટ કરાયો હતો. તેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને ત્રણને ઈજા થઈ હતી.

## મેનસા મેમ્બર્સ ક્લબમાં ચાર વર્ષની શીખ બાળકીનો સમાવેશ

(જી.એન.એસ.)લંડન,તા.૩૧

ઉત્કૃષ્ટ બુદ્ધિમત્તાવાળા બાળકોની મેનસા મેમ્બર્સ ક્લબમાં ૪ વર્ષની શીખ બાળકીને સામેલ કરવામાં આવી છે. દયાલ કૌર પોતાના પરિવારની સાથે બર્મિંઘમમાં રહે છે. તેણે ઘણી જ ઓછી ઉંમરથી શીખવાની અસાધારણ ક્ષમતા પ્રદર્શિત કરી અને તે અંગ્રેજી વર્ણમાળાના તમામ અક્ષરોને ૧૪ મહિનાની ઉંમરથી જ ઓળખવા માંડી હતી. દયાલ કૌરે મેનસા ટેસ્ટમાં સામેલ થવા માટે ઉત્સુક્તા વ્યક્ત કરી અને કોરોના વાયરસના કારણે લાગુ લોકડાઉનના કારણે તેમાં ઑનલાઈન માધ્યમથી સામેલ થઈ તથા ૧૪૫ આઈક્યૂ સ્કોર મેળવ્યો હતો.

## ઈઝરાયેલ દૂતાવાસ બ્લાસ્ટની તપાસ એનઆઈએને સોંપવામાં આવે તેવી વકી

### બ્લાસ્ટમાં એનર્જી ડ્રિંકનો ઉપયોગ થયો હોવાની આશંકા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૧

છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં ઈઝરાયલ દૂતાવાસ પાસે થયેલા બ્લાસ્ટને લઈ ચર્ચા કરવામા આવી રહી છે અને દેશભરમાં સુરક્ષામાં વધારો કરવામાં આવી રહ્યો છે. તે જ સમયે આ વિસ્ફોટની તપાસ કરી રહેલી નેશનલ સિક્યુરિટી ગાર્ડના નેશનલ બોમ્બ ડેટા સેન્ટરની ટીમે આશંકા વ્યક્ત કરી છે કે, આ બ્લાસ્ટમાં એનર્જી ડ્રિંકનો ઉપયોગ થઈ શક્યો હોઈ શકે છે. એટલા માટે આવું કહેવામાં આવી રહ્યું છે કારણ કે વિસ્ફોટના સ્થળની નજીક જર્જરિત હાલતમાં એક ડ્રિંકનો ડબ્બો મળી આવ્યો છે. સુત્રોના હવાલેથી જાણવા મળી રહ્યું છે સર્કિટ બોર્ડ ડિવાઈસને છુપાવવા માટે એનર્જી ડ્રિંકના કેનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શક્યતા છે કે તે ટાઈમરથી કનેક્ટેડ હોઈ શકે છે. વિસ્ફોટના સ્થળે એક સર્કિટ બોર્ડ પણ મળી આવ્યું છે. એવી પણ માહિતી આપી છે કે બોમ્બ ડિવાઈસમાં એલ્યુમિનિયમ તેમજ પેંટએરીથ્રાઈટોલ ટેટ્રાનાઈટ્રેટ મળી આવ્યા છે. લેબમાં આની પુષ્ટિ પણ કરી છે. એક સુત્રનું એવું પણ કહેવું છે કે આ વિરોધાભાસી છે કારણ કે એક તીવ્ર વિસ્ફોટક છે અને બીજો ઓછો વિસ્ફોટક છે. જો કે ફાઈનલ અહેવાલ રવિવારે આવશે.

## ભાજપ દૂધ માંગશે તો ખીર આપશું, બંગાળ માંગશે તો ચીરી નાંખશું

### બંગાળના ટીએમસી નેતા મદન મિત્રાનું વિવાદાસ્પદ નિવેદન

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૩૧

બંગાળ વિધાનસભાની ચૂંટણીને લઈ માહોલ ગરમાઈ રહ્યો છે. દિલ્હીમાં ટીએમસીના ૫ નેતાઓ અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. આ દરમિયાન ટીએમસી નેતા મદન મિત્રાએ બંગાળમાં ભાજપના નેતાઓ પર મોટો હુમલો કર્યો છે. મદન મિત્રાએ કહ્યું છે કે જો ભાજપ દૂધ માંગશે તો અમે ખીર આપશું, પરંતુ જો બંગાળ માગશે તો ચીરી નાખશું. આ સિવાય તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ પ્રહાર કર્યા હતા. ટીએમસી નેતાએ ભાજપ માટે અનેક ધમકીભર્યા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. મદન મિત્રાએ કહ્યું કે હું સવારની સભામાં હાજરી આપીશ અને સાંજે મસાલા (શસ્ત્રો) લઈને આવીશ. મદન મિત્રાએ ઉત્તર ૨૪ પરગણાના અશોક નગરમાં સભાને સંબોધન કરી હતી ત્યારે જ આવા આકરા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. મદન મિત્રાએ કહ્યું કે, "હું રાત્રિના સમયે રાજકારણનો મસાલો લઈવે આવીશ, આ મસાલા (હથિયાર) શું છે તેના વિશે હું કોઈને નહીં કહું. તેણે ભાજપ નેતાઓને ધમકી આપતા કહ્યું કે તમે લોકો જે મસાલા (હથિયાર) નો ઉપયોગ કરો છો, અમે પણ તે જ મસાલાનો ઉપયોગ કરીશું.

# દેવભૂમિ દ્વારકાના યુવાનોને સીપોઇ ફાર્મા-આર્મી ભરતીમાં જોડાવાની તક

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર કચેરી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના તેમજ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા અને કચ્છ-ભુજના ઉમેદવારોને જણાવવામાં આવે છે કે, જામનગર આર્મી રીક્રુટમેન્ટ ઓફીસ દ્વારા સીપોઇ ફાર્માની પોસ્ટ માટે આર્મી ભરતીની જાહેરાત કરાઈ છે. જેની રીક્રુટમેન્ટ રેલી શિવાજી યુનીવર્સીટી, કોલ્હાપુર- મહારાષ્ટ્ર ખાતે યોજાનાર છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા સહીત સૌરાષ્ટ્રના જિલ્લાઓ,તથા કચ્છ-ભુજ તેમજ દિવના ઈચ્છુક ઉમેદવારોને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા તથા ભરતીમાં ભાગ લેવા માટે જણાવવામાં આવ્યું છે. આ માટે વેબસાઈટ પર ૨૬-ફેબ્રુઆરી સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકાશે. આ ભરતી માટે ઉમર મર્યાદા ૧૯ થી ૨૫ વર્ષ છે. જેમનો જન્મ ૧ ઓક્ટોબર-૧૯૯૫ થી ૩૦-સપ્ટેમ્બર-૨૦૦૧ વચ્ચે થયો હોવો જરૂરી છે. તેમજ ઉચાઈ ૧૬૭ સેમી., વજન ૫૦ કિગ્રા.અને છાતી ૭૭/૮૨ તેમજ ૧૦+૨ સમકક્ષ પરીક્ષા પાસ કરેલ અને ડી- ફાર્મામાં ૫૫ ટકા ગુણ મેળવેલ હોય (જેની નોંધણી રાજ્ય/ઈન્ડિયા કાઉન્સિલ ખાતે થયેલ હોય) અને બી- ફાર્મા માં ૫૦% ગુણ મેળવેલા (જેની નોંધણી રાજ્ય/ઈન્ડિયા કાઉન્સિલ ખાતે થયેલ હોય) જે વ્યક્તિ ઉપરોક્ત શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જરૂરી છે. ઉપરોક્ત લાયકાત-ઉમર ધરાવતા દેવભૂમિ દ્વારકા તેમજ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા અને કચ્છ-ભુજના ઉમેદવારોને આ ભરતીમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે વેબસાઈટની મુલાકાત લેવા ઉમેદવારોને જણાવવામાં આવ્યું છે.

# ભાણવડમાં કોરોના રસીકરણ મહોત્સવ તરીકે ઉજવાયો



ચક્રવાત ટીમ ભાણવડ, તા.૩૧

ભાણવડ તાલુકાના પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ એક અર્બન હેલ્થ સેન્ટર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના ઉત્સાહથી કોરોના રસીકરણ કાર્યક્રમ ખરેખર ઉત્સવ બની ગયો હતો. અહીંના તબીબી અધિકારીઓ તેમજ સ્ટાફ દ્વારા વેકસીનેશન સાઈટને ખૂબ સરસ રીતે શણગારવામાં આવેલ હતી જ્યાં પ્રવેશતા જ રસી લેવાનો ભય આપમેળે દૂર થઈ જતો હતો.અહીં ૪૫૦ જેટલા આરોગ્ય સ્ટાફ દ્વારા રસી લેવામાં આવેલ છે અને કોઈને પણ કઈ આડઅસર થયેલ નથી. રસીના પ્રથમ ડોઝ બાદ સાચા અર્થમાં આરોગ્ય કર્મચારીને કોરોનાં સામેનું કવચ પ્રાપ્ત થયું છે જેના તેઓ હકદાર છે.આગામી સમયમાં શરૂ થનાર ફ્રન્ટ લાઈન વર્કર રસીકરણ કાર્યક્રમ પણ આ જ રીતે આયોજન પૂર્વક કરવામાં આવશે એવી માહિતી તાલુકા હેલ્થ ઓફિસ ભાણવડ દ્વારા આપવામાં આવેલ.

# જોડિયામાં અંખડ શ્રી રામ ચરિત માનસની ચોપાઈના પાઠ અનુષ્ઠાનનો ૨૯માં વર્ષ માં શુભારંભ

ચક્રવાત ટીમ જોડિયાધામ, તા.૩૧

જામનગર જિલ્લા ના જોડિયાધામ ખાતે આવેલ શ્રી રામ કૃષ્ણ સાધના ટ્રસ્ટ, શ્રી ગીતા વિધાલય, 'માનસ મંદિર' ખાતે પૂજ્ય વિરાગમુનિજીની શુભ પ્રેરણાથી અને પૂજ્ય મોરારીબાપુ ના શુભ આશીર્વાદથી જોડિયાધામના શ્રી ગીતા વિધાલયમાં આવેલ શ્રી માનસ મંદિરમાં પૂજ્ય વિરાગમુનિજીએ તારીખ: ૨૯ /૧ / ૧૯૯૩ ના રોજ એવમ વિશ્વ કલ્યાણાર્થે હરી પ્રસન્નતાથે અંખડ શ્રી રામ ચરિત માનસની ચોપાઈના પાઠ અનુષ્ઠાન શરૂ કરાવેલ જે આજે અવિરત શ્રી રામજીની કૃપાથી ૨૮ વર્ષથી ચાલુ હતા જે અંખડ રામ ચરિત માનસની ચોપાઈના પાઠ અનુષ્ઠાનનો ગઈકાલે તારીખ : ૨૯ /૧ /૨૧ને શુક્રવારના રોજ (૨૯) માં વર્ષમા પ્રવેશ થયેલ છે, આ પ્રંસગે બે દિવસીય શ્રી રામાયણની પ્રતેયક ચોપાઈ દ્વારા હોમાત્મક યજ્ઞ યોજાયેલ હતો જેમાં શ્રી ગીતા વિધાલયના સાધક ભાવિક ભક્તજનો બેઠા હતા તેમજ શાસ્ત્રીજી ઉદયભાઈ, ટ્રષ્ટી વિનુભાઈ ચંદારાણા, વિનાભાઇ કાનાણી, ભતુભાઈ નકુમ, ચેતનભાઈ જાની, શેલેષ ઝાલા, વિપુલભાઈ ચુડાસમા, નરૂભાઈ ગોહિલ, તેમજ સર્વે ગીતા વિધાલયના ભાવિકોએ લાભ લીધેલ હતો, આજે વિશ્વ કલ્યાણાર્થે આજે અઠયાવીસ વર્ષથી ચોવીસ કલાક જોડિયાના નગરજનો આ કલિયુગ પર્વમાં શ્રી રામાયણની ચોપાઈના પાઠ કરીને તન, મનને શાંતિ મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે જે અંખડ પાઠનો ગઈકાલે (૨૯) માં વર્ષમાં પ્રવેશ થયેલ છે.

# આંબરડી (મેઘપર)ના બરાઈ પરિવાર દ્વારા શ્રીરામ મંદિર નિમાણ કાર્યમાં એક લાખનો ચેક અર્પણ



ચક્રવાત ટીમ, તા.૩૧

જામજોધપુર તાલુકાના આંબરડી ( મેઘપર) વતની હાલ ભરૂચ હમીરભાઈ જેઠાભાઈ બરાઈ તથા જેઠાભાઈ કાનાભાઈ બરાઈ (શ્રી સાંઈ કધટ્રકશન કંપની ) દ્વારા અયોધ્યા મુકામે નિર્માણ ધીન રામ મંદિર માટે એક લાખ અગીયાર હજાર એક્સો અગીયારનો ચેક પૂર્વ કેબીનેટ મંત્રી ચીમનભાઈ સાપરીયા તેમજ જિલ્લા ભાજપ મંત્રી તેમજ શ્રીરામ જન્મભૂમિ નિધી સર્મપણ અભિયાનના સંયોજક કૌશિકભાઈ રાબડીયાને હસ્તેતાલુકા ભાજપ અગ્રણી હરેશભાઈ બારીયા દવારા અર્પણ કરવામાં આવેલ.

# જામનગરમાં રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

કોરોના રસીકરણના બીજા તબક્કાનો રાજ્યભરમાં પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન વોરિયર્સ એટલે કે સરકારના વિવિધ વિભાગના કર્મચારીઓ, પોલીસકર્મીઓને રસી આપવામાં આવી રહી છે. જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજ ખાતે બીજા તબક્કાનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે જેવા બીજા તબક્કામાં શરૂ કરવામાં આવેલ રસીકરણમાં જામનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વાસ્તણી, ભૂગભ શાખા કાર્યપાલ એન્જિનિયર અમિત કણસાગરા સહિત સફાઈ કામદારો મોટી સંખ્યામાં કોરોના રસીકરણ કરવા માટે આવ્યા હતા. ડે.મ્યુનિ. કમિશનરે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, કોઈપણ જાતના ભય વગર રસી મુકાવો કારણ કે, વેસ્કિન લીધા પછી કોઈપણ જાતની સાઇડ ઈફેક્ટ હજી જોવા મળી નથી. એકદમ સલામત છે. જયારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું છે કે, જી.જી.હોસ્પિટલ અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે વેકિસન આપવામાં આવી રહી છે અને ખૂબજ મોટાપ્રમાણમાં મહાનગરપાલિકાનો સ્ટાફ ઉપસ્થિત છે. આજે મે પણ વેક્સિન લીધી છે. આ ડ્રાઈવ બે દિવસ ચાલવાની છે. જેમાં બધા કર્મચારીઓને સાંકળી લેવામાં આવે છે. હાલ કર્મચારીઓને વેકિસન અપાઈ રહી છે. પછી સામાન્ય નાગરિકોને રસી આપવામાં આવશે. મહાનગર પાલિકાના નાયબ ઈજનેર અમિત કણસાગરાએ જણાવ્યું છેકે, આજે ગુરુગોવિંદસિંહ સરકારી હોસ્પિટલમાં જે વેક્સિનેશનનો કાર્યક્રમ છે તેમાં મે અને અન્ય કર્મચારીઓએ કોવિડ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે. વેક્સિન લીધાને પોણી કલાકનો સમય થયો છે અને હજી સુધી કોઈપણ પ્રકારની આડઅસર જોવા મળી નથી. એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત જણાઈએ છીએ. અત્યારસુધીમાં ૧૦૦ જેટલા વેક્સિનનો ડોઝ લીધો છે અને કોઈને પણ આડઅસર જોવા મળી નથી. જામનગર કોર્પોરેશનની આરોગ્ય શાખા,જી.જી.હોસ્પિટલ તથા એમ.પી.શાહ મેડીકલ કોલેજના સંયુક્તક્રમે કોરોના રસીકરણના બીજા તબક્કાનો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર સુચના અનુસાર હેલ્થ કેર વર્કર સાથે ફ્રન્ટલાઈન વર્કરને રસીકરણ હેઠળ આવરી લેવાશે. ગૃહ વિભાગ, મહેસુલ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, પંચાયત વિભાગ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ અન્ય કર્મચારી/અધિકારીઓને કોરોના રસીકરણમાં આવરી લેવાશે.

# ધ્રોલ ખાતે ફ્રન્ટલાઈન વર્કરને કોરોના કવચની રસી અપાઇ



ચક્રવાત ટીમ ધ્રોલ, તા.૩૧

ધ્રોલ ખાતે બીજા તબક્કામાં કોરોની વેક્સીન પ્રારંભ કરવામાં આવ્યો હોય જેમાં ફ્રન્ટલાઈન વર્કરને કોરોના વોરીયર્સને રસી આપવામાં આવી છે જેમાં ધ્રોલ પી.એસ. આઈ એમ.એન.જાડેજા સહિત ધ્રોલ પોલીસ સ્ટેશન સ્ટાફને કોરોનો રસી આપી ધ્રોલ નગર પાલિકા ના ચિફ ઓફિસર ધર્મેશ ગોહિલ સહિત ૫૩ લોકો એ ધ્રોલ કેન્દ્ર ખાતે રસીકરણ લીધી હતી આતકેશ ડો. પાભર, તથા સ્ટાફ દ્વારા રસીકરણ કરવામા આવ્યુ હતું.

# વાંકાનેર નજીક હાઈવે પર ટ્રકે બે યુવાનોને હડફેટે લેતા થયેલ મોતના બનાવમાં ટ્રક ચાલક સામે ફરિયાદ

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૩૧

વાંકાનેર શહેર નજીક નેશનલ હાઈવે પર ગઈકાલે એક કાળમુખા ટ્રક ચાલકે ડબલ સવાર બાઈકને હડફેટે લેતા બંને બાઈક સવાર યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. જે ગમખ્વાર અકસ્માતના બનાવમાં મૃતકના પરિવારજનોએ ટ્રક ચાલક વિરુદ્ધ વાંકાનેર પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી ઘનશ્યામભાઇ ગીરધરભાઇ ચાવડા (બોટાદરા-ઉવ. ૪૫, રહે. એમ.ડી. સ્કુલ પાસે, ઉમીયા ઓઇલ મીલ પાસે, પાળીયાદ રોડ બોટાદ)એ આરોપી ટ્રક ટ્રેઈલર નં. ઈન્ન ૫૨ યછ ૩૯૯૦ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલના રોજ મોરબી-વાંકાનેર નેશનલ હાઇવે રોડ ઉઓર સીમસ્ટોન સીરામીકના કારખાનાની સામે ફરીયાદીના નાના ભાઇ ભરતભાઇ ગીરધરભાઇ ચાવડા (બોટાદરા-ઉવ.૪૦) તથા તેના મિત્ર રફીકભાઇ ઉર્ફે રાજુભાઇ રસુલભાઇ માંકડ (ઉવ.૪૨ રહે.બંન્ને બોટાદ) સાથે પોતાના GJ33 D 7399 નંબરના બાઈકમાં પસાર થઈ રહ્યા હતા. ત્યારે આરોપી



ટ્રક ચાલકે પોતાના હવાલાવાળું ટ્રક ટેઇલર પુરઝડપે અને ગફલતરી ચલાવી આ ડબલ સવાર બાઇકને હડફેટે લેતા બાઈક સવાર બન્ને યુવાનોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. બાદ અકસ્માત સર્જીને આરોપી વાહન સ્થળ પર મુકી નાસી છૂટ્યો હતો.

આ અકસ્માતના બનાવમાં મૃતકના પરિવારજનોની ફરિયાદ પરથી વાંકાનેર શહેર પોલીસે ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૩૧

ખંભાળિયામાં શ્રી મહેશ્વરી વણકર સમાજ દ્વારા તાજેતરમાં 'યશ ચેમ્પિયન ટ્રોફી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં દેવભૂમી દ્વારકા તથા જામનગર જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો. આ આયોજનને સફળ બનાવવના ટીમના આયોજકો વાસુભાઈ ડોરૂ, હસુભાઈ ડોરુ, મુકેશભાઈ જોડ તથા ડોરૂ ઈલેવન ટીમ વિગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# જામનગર ખાતે ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ અંગે તાલીમનું આયોજન કરાયું

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ન્યુ દિલ્હી અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યના તમામ જિલ્લા માટે ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ પર તાલીમનું આયોજન અને ગુજરાતમાં ભૂકંપની અસરને પહોચી વળવા ભૂકંપ પર ટેબલટોપ એક્સરસાઈઝનું આયોજન કરવામાં આવેલ હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ન્યુ દિલ્હીથી મેજર જનરલ આતા હસન, ડો. વી.થીરુપુગાઝ અને મેજર વી.કે. દત્તા દ્વારા બ્રીફ તાલીમ આપવામાં આવેલ હતી. રાજ્યકક્ષાએથી મુખ્ય કારોબારી અધિકારી જીએસડીએમએ અને રાહત કમિશનર હર્ષદ પટેલ અને અધિક મુખ્ય કારોબારી અધિકારી જીએસડીએમએ વિકટર મેકવાન, નિયામક જીએસડીએમએ ડો. પાટડીયા દ્વારા સંકલન કરવામાં આવેલ હતું. જિલ્લા કક્ષાએ કલેકટરના માર્ગદર્શન હેઠળ અધિક નિવાસી કલેકટર, આર્મી-નેવી-એરફોર્સ, એસએસબી જેવી ફોર્સની વિંગના અધિકારીઓ, નાયબ કમિશનર જે.એમ. સી. વસ્તાણી, પોલીસ, આરોગ્ય, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટાફ અને જિલ્લા કક્ષાના અધિકારીઓ ઈન્સીડન્ટ રિસ્પોન્સ સિસ્ટમ અને ટેબલટોપ એક્સરસાઈઝમાં જોડાયા હતા. આ તકે એન.ડી.એમ.એના અધિકારીઓએ જામનગર જિલ્લાના અધિકારીઓ સાથે પ્રતિભાવોની આપ-લે કરી હતી.

# શીત લહેર પ્રભાવ: અમદાવાદ આવતી-જતી ૮ ફ્લાઈટ ૨૬

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩૧

ઉત્તર ભારતમાં શીત લહેર અને ધુમ્મસની અસર અમદાવાદ આવતી-જતી ફલાઈટો પર પણ જોવા મળી છે. અમદાવાદ આવતી-જતી ૮ ફ્લાઈટ ૨૬ અને ૬ ફ્લાઈટ ૪૫ મિનિટ કરતા મોડી પડી હતી. ફ્લાઈટો મોડી અને કેન્સલ થવાને કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મોડી પડનારી ફ્લાઈટોમાં ૩ સ્પ ાઇસ જેટની, ૧ ઈન્ડિગોની અને ૩ ગોએરની છે. જ્યારે સ્પાઈસ જેટની સૌથી વધુ ૬ અને ઈન્ડિગોની ૨ ફ્લાઈટો કેન્સલ થઈ હતી. ઠંડીને કારણે કેન્સલ થયેલી ફ્લાઈટો દરેક રિજનની જોવા મળી રહી છે.

# જામનગરમાં શહીદ વિરો માટે મૌન પાડી ઋણ અદા કરાયું

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં શહીદ દિને સવારે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે. જે અનુસંધાને કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત સૌ કલેકટર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શહીદ દિન નિમિતે બે મિનિટનું મૌન પાળવામાં આવેલ હતું. આ તકે કલેકટર રવિશંકર, અધિક નિવાસી કલેકટર રાજેન્દ્ર સરવૈયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મીતાબેન જોષી તથા કલેકટર કચેરીના અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધ્રોલ : પ્રજાસત્તાક દિને કોરોના વોરીયર્સનું સન્માન કરાયુ



ચક્રવાત ટીમ ધ્રોલ, તા.૩૧

ધ્રોલ ખાતે ૨૬ મી જાન્યુઆરી મામલતદાર કચેરી ખાતે ધ્રોલ પ્રાંત અધિકારી હેતલબેન જોશીએ ધ્વજવંદન કર્યું હતું તિરંગાને સલામી આપ્યા બાદ વિશ્વ ભર મા કોરોના ની હાહકાર મચાવી દીધો ત્યારે કોરોના વોરીયસ ની પોતાની જીવની પણ ચિંતા કર્યા વગર પોતે કોરો નો વોરીયર્સ ની યોદ્ધાઓ તરીકે ઓળખ આપી કોરોનો વોરીયર્સનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

# જામનગર આયુર્વેદ યુનિવર્સિટી ખાતે નિ:શુલ્ક તબીબી શિબિરનું આયોજન

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

૪૦ થી ૬૫ વર્ષની મહિલાઓને રજો નિવૃત્તિના સમય દરમિયાન માસિકને લગતી સમસ્યાઓ જેવી કે, અનિયમિત માસિક, ઊંઘ ન આવવી, પેશાબ નીકળી જવું, શરીર ગરમ અથવા ઠંડું પડી જવું, માનસિક ચિંતા, વિચારો આવવા વગેરે સમસ્યા હોય તેની આયુર્વેદ હોસ્પિટલ, આઈ.ટી.આર.એમાં વિનામૂલ્યે સારવાર કરી આપવામાં આવે છે. આ માટે દર બુધવારે અને શુક્રવારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ઓપીડી નં.૭,આઈ.ટી.આર.એ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે નિ:શુલ્ક તબીબી શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આ કેમ્પનો મહત્તમ મહિલાઓ લાભ લે તે માટે આર.એમ.ઓ આઈ.ટી.આર.એ જામનગરની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# દિવાલની પાડતોડ વેળાએ સર્જાયેલા અકસ્માતમાં શ્રમિક યુવકનું મોત

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

જામનગરમાં જનતા ફાટક નજીક કૃષ્ણનગર મેઈન રોડ પર સર્વોદય સોસાયટીમાં દિવાલની પાડતોડ વેળા અકસ્માતે માથે દિવાલ પડતા ઘવાયેલા શ્રમિક યુવકનુ સારવારમાં મૃત્યુ નિપજયુ હતુ. જામનગરમાં અંધાશ્રમ આવાસ વિસ્તારમાં રેલ્વે ટ્રેક નજીક રહેતા અને મજુરીકામ કરતા રાકેશભાઈ ગોવિંદરાવ બારોટ (ઉ.વ.૨૧) નામનો યુવક જનતા ફાટક નજીક કૃષ્ણનગર મેઈન રોડ પર સર્વોદય સોસાયટીમાં એક મકાનના પાડતોડ કામગીરી કરી રહયો હતો જે વેળાએ અકસ્માતે તેના માથે દિવાલ પડતા પગ સહિતના ભાગે ગંભીર ઈજા પહોચતા સારવાર અર્થે હોસ્પીટલમાં ખસેડાયો હતો. જયાં ટુંકી સારવાર દરમિયાન સાંજે તેનુ મૃત્યુ નિપજયુ હતુ. આ બનાવની મૃતકના પિતા ગોવિંદરાવ બાલુરામ બારોટએ જાણ કરતા સીટી સી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયો હતો.

# શહેરના રણમલના ઐતિહાસીક સ્થળોની મુલાકાત લેતા પ્રિન્સીપલ સેક્રેટરી

## શહેરમાં ચાર જગ્યાએ મુલાકાતો દરમિયાન કમિશનર સહિતના અધિકારીઓ જોડાયા

ચક્રવાત ટીમ જામનગર, તા.૩૧

રાજ્યના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મુકેશ પુરી જામનગરની મુલાકાતે આવ્યા છે. મુલાકાત દરમિયાન તેમણે રણમલ તળાવ, લાખોટા કોઠા સહિતની શહેરની વિવિધ જગ્યાઓની મુલાકાત લીધી હતી અને શહેરની દૂર ખીજડિયા બાયપાસ પાસે પક્ષી અભ્યારણ્યની મુલાકાતે ગયા હતા. બાદમાં તેમણે અલગ-અલગ વિકાસ કાર્યોની સમીક્ષાઓ કરી હતી. પ્રિન્સિપલ સેક્રેટરી મુકેશ પુરીએ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ, સીવેજ ટ્રીટમન્ટ પ્લાન્ટ, તળાવની વચ્ચે આવેલો ઐતિહાસિક લાખોટા કોઠાના મ્યુઝિયમની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. મ્યુઝિયમમાં પેઈન્ટિંગ, તોપો અને મ્યુઝિયમમાં રાખેલા રાજાશાહી વખતના ઐતિહાસિક પેન્ટિંગ કરેલા ચિત્રો તેમજ મ્યુઝિયમમાં મુકાયેલી તમામ વસ્તુઓની વિગતો જાણી અને લાખોટા કોઠા પાસે તળાવ તૈયાર કરાયેલો સેલ્ફી જોન ફોટો પાડ્યા હતા. મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું કે, જામનગરામાં સારા વિકાસના કાર્યો થઈ રહ્યાં છે. લાખોટા કોઠાનું રિનોવેશનની ખૂબ સરસ કામગીરી થઈ છે. બનાવેલી વસ્તુઓનો લોકો ઉપયોગ કરી રહ્યાં છે એ સૌથી મોટી વાત છે. બધા શહેરો કરતા જામનગરમાં સ્વચ્છતા સારી દેખાય છે. રાજ્ય સરકાર મદદ કરી રહી છે અને વધારે મદદ કરશે તેમ પણ તેમમે જણાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન જામનગર મહાનગરપાલિકાના કમિશનર સતીશ પેટલ, આસિસ્ટન્ટ કમિશનર ભાર્ગવ ડાંગર, નિવાસી નાયબ કલેક્ટર રાજેન્દ્ર સરવૈયા તેમની સાથે ઉપસ્થિત રહ્યાં હતા.

# ગેરકાયદેસર બંદૂક સાથે શિકાર માટે નીકળેલો શખ્સ ઝડપાયો

## એસ.ઓ.જી. પોલીસે ભાટિયાના શખ્સને દબોચી લીધો

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા હાલ જિલ્લામાં સામાન્ય ચૂંટણીના અનુસંધાને વિવિધ કડક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. જેમાં સ્થાનિક પોલીસ સાથે જિલ્લા એસ.ઓ.જી. પોલીસ એલ.સી.બી. પોલીસ સહીતના સ્ટાફની મહત્વની કામગીરી હાલ કરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી દ્વારા સ્થાનિક પોલીસ વિભાગને ગેરકાયદે પ્રવૃતિ ડામવા અને ચૂંટણી શાંતિપૂર્ણ યોજાય તે રીતેની સુચના આપવામાં આવતા જિલ્લા એસ.ઓ.જી. પોલીસના સઘન હાથ કરવામાં આવેલા પેટ્રોલિંગમાં હેડ કોન્સ્ટેબલ ઈરફાનભાઈ ખીરા તથા નિલેશભાઈ કારેણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર પંથકમાં શિકારની શોધમાં બાવળની જાળી હેઠળ છુપાઈને બેઠેલા કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામના રહીશ અળશી માંડણભાઈ હાસમભાઈ પરમાર નામના ૫૫ વર્ષીય હિન્દુ ડફેર પ્રૌઢને દબોચી લીધો હતો. આ શખ્સ પાસેથી પોલીસે પાસ પરવાના વગરની રૂપિયા બે હજારની કિંમતની જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર) કબજે કરી, આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. પી.આઈ. જે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ.ડી. પરમાર, એ.એસ.આઈ. ભીખાભાઈ ગાગીયા, ઈરફાનભાઈ, નીલેશભાઈ કારેણા તથા અરશીભાઈ માડમ દ્વારા કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**જામ ખંભાળિયા :** હાલ જામનગર નિવાસી રાજ્ય પુરોહિત બ્રાહ્મણ સ્વ. કલ્યાણજી રામજી ભટ્ટના પુત્ર સુરેશચંદ્ર (ઉ.વ. ૬૫) તે નિશિતભાઈ તેમજ જાનકીબેન ભાવિકકુમાર દવેના પિતા તથા સ્વ. નરોત્તમભાઈ, સ્વ. કાંતિલાલ, સુભાષભાઈ, ચંદ્રકાન્તભાઈ, સ્વ. ભાઈલાલભાઈ તેમજ સ્વ. જમનાબેન મણિશંકર ભટ્ટ અને ગં. સ્વ. વસંતાબેન ગૌરીશંકર નાકરના ભાઈ તા. ૩૦ મીના રોજ અવસાન પામ્યા છે. સદગતનું ટેલીફોનીક બેસણું સોમવાર તા. ૧ ના રોજ સાંજે ચાર થી પાંચ સુધી રાખવામાં આવ્યું છે. નિશિતભાઈ મો. ૯૯૦૯૧૧૭૭૭૭.

# પોરબંદરના ફાલ્ગુની મજીઠીયા બન્યા મીસીસ ઈન્ડિયા રનર્સઅપ




ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

ગૃહીણીઓ પણ અનેક ખિતાબો મેળવી શકે તેવો એક કિસ્સો પોરબંદરમાંથી આવ્યો છે. પોરબંદર શહેર ભાજપ પ્રમુખ પંકજભાઈ મજીઠીયાના પત્ની ફાલ્ગુનીબેન મજીઠીયાએ તાજેતરમાં ગોવા ખાતે યોજાયેલ ઈવેન્ટમાં બે ટાઈટલ મેળવ્યા છે અને તે રીતે પોરબંદરનું ગૌરવ પણ વધ્યું છે. ફાલ્ગુનીબેન મજીઠીયા છેલ્લા થોડા વર્ષોથી રાજકોટ સ્થિત છે અને ત્યાં તેઓએ યોગા તેમજ ફીટનેસમાં અનેક એવોર્ડ મેળવ્યા છે અને અનેક ગૃહીણીઓને સ્વસ્થ થવા માટે તેઓ સેવા આપી રહ્યા છે તેમજ સ્કુલ-કોલેજના વિદ્યાર્થીઓને પણ સમયાંતરે યોગા સહિત ફીટનેશની તાલીમ આપે છે તાજેતરમાં ગોવા ખાતે મીસીસ ઈન્ડિયા ડીવાસ ઈવેન્ટ યોજાઈ હતી જેમાં તેઓને મીસીસ ઈન્ડિયા રનર્સઅપ અને ફેશન આઈકોન તેવા બે ટાઈટલ પ્રાપ્ત કરતા મજીઠીયા પરિવાર અને પોરબંદરનું ગૌરવ વધાર્યુ છે. ફાલ્ગુનીબેન મજીઠીયાએ તાજેતરમાં ચાર દિવસ સુધી ગોવા ખાતે યોજાયેલ ઈવેન્ટમાં ૧૦ રાઉન્ડમાંથી પસાર થયા હતા જેમાં ઈન્ટરવ્યુ, ક્રિએટીવ, ઈન્ડિયન એથ્નીક સહિતના રાઉન્ડ ભારતના ખ્યાતનામ નિણર્યિકની સમક્ષ પોતાની ટેલેન્ટ રજુ કરીને મીસીસ ઈન્ડિયા રનર્સઅપ અને ફેશનઆઈકોન જાહેર થયા હતા. આ ઈવેન્ટમાં અનેક ગૃહિણીઓ પણ સામેલ હતી અને તેમાંથી તેઓએ મહત્વના બે ટાઈટલ મેળવ્યા છે. ફાલ્ગુનીબેન એથ્લેટીકસ ક્ષેત્રે પણ મેરેથોન સહિતની ઈવેન્ટમાં ભાગ લઈને મેડલ પ્રાપ્ત કરી ચુકયા છે અને તેઓ ફાલ્ગુની મજીઠીયા ફીટનેસ વેલનેસ સેન્ટર રાજકોટ ખાતે ચલાવે છે જયાં અનેક પ્રકારના યોગા, ઝુંબા, મેડીટેશન, વેઈટલોસ, બોડીરીલેકસસેશન સહિતની સેવા આપી રહ્યા છે. તેઓએ નારીરત્ન એવોર્ડ પણ મેળવ્યો છે અને આ પહેલા ડીવાસ ઈન્ડિયાની ગુજરાતમાં યોજાયેલ ઈવેન્ટમાં પણ તેઓ મીસીસ ગુજરાત બન્યા હતા અને તે ઉપરાંત નેશનલ ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યા છે.

### ફેસ લેસ ડ્રાઈવિંગ લાયસન્સ પ્રક્રિયા ઝડપી

# ભુજ આરટીઓમાં કામગીરી મંદગતિએ ચાલતા ભારે હાલાકી

## ગાંધીજી બતાવો અને ફેસ લેસ ડ્રાઈવિંગ લાયસન્સ કામગીરી કરાવો : ભુજ આરટીઓ




ચક્રવાત ટીમ કચ્છ, તા.૩૧

ગુજરાત વાહન વ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ લગતી કામગીરીઓ ફેસ લેસ કરવામાં આવી છે,છતાં પણ ભુજ આરટીઓ કચેરીમાં મંદગતિએ કામગીરી થઈ રહી છે.ઓનલાઈન પ્રોસેસ ઝડપી હોવા છતાં પણ ભુજ આરટીઓમાં ફેસ લેસ વિભાગ સંભાળતા અધિકારીને જ્ઞાનનો અભાવ હોવાથી મંદગતિએ કામગીરી થઈ રહી છે.સૂત્રો માંથી મળતી જાણકારી મુજબ એક એક મહિના સુધી પણ ફેસ લેસની કામગીરી કરવામાં આવતી નથી.વધુમાં લાગતા વળગતા લોકોના દરરોજનું કામ ઝડપી કરી આપવામાં આવે છે,જેથી સામાન્ય લોકો ઘરે બેઠા ફેસ લેસ લાયસન્સ પ્રક્રિયા તો કરે છે પણ તેમની અરજીઓનો નિકાલ ઝડપી થતો નથી.શા માટે ફેસ લેસ ડ્રાઈવિંગ લાયસન્સ નિકાલ નથી થતું?જેમાં અધિકારીઓ અને એજન્ટોની સાઠગાંઠ હોવાથી સામાન્ય લોકોને દિવસેને દિવસે મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે.અરજદાર દ્વારા ફેસ લેસ ડ્રાઈવિંગ લાયસન્સ લગતી અરજીની થયાના તારીખે જ સંપૂર્ણ પ્રોસેસ પૂરી કર્યા પછી પણ તે જ તારીખે અરજદારોનું કામ થતું નથી. જો ભુજ આરટીઓ કચેરીના ફેસ લેસ વિભાગમાં અધિકારીઓ ઓછાં હોય તો તે તાત્કાલિક અસરથી જાણકાર અને અનુભવી અધિકારીઓની ટીમને ફેસ લેસ વિભાગ સોંપવામાં આવે જેથી દરરોજની આવતી અરજીઓનું અરજી થયાની તારીખે જ નિકાલ થઈ જાય અને સામાન્ય લોકોને થતી તકલીફો દૂર થઈ શકે છે તેમ છતાં પણ ભુજ આરટીઓ કચેરી શા માટે ફેસ લેસ વિભાગમાં રસ નથી લેતા કે રસ લેવું જ ન હોય!!!તેવું લાગી રહ્યું છે.ડ્રાઈવિંગ લાયસન્સ બેક લોગ એટલે કે ડ્રાઈવિંગ લાયસન્સ હોય પરંતુ ઓનલાઈન વેબ સાઈટ પર તેનું રેકોર્ડ ન હોય તેવા કિસ્સામાં ઓનલાઈન અરજી કરવાની હોય છે,પણ ગુજરાત વાહન વ્યવહાર કમિશ્નર કચેરીએ ડ્રાઈવિંગ લાયસન્સ બેક લોગ પ્રક્રિયા સંપૂર્ણ ફેસ લેસ કરી છે, છતાં પણ ભુજ આરટીઓ કચેરીના અધિકારી દ્વારા અરજદારનું જૂનો રેકોર્ડ પી.ડી.એફ. સ્વરૂપ હોય કે પછી ચોપડા સ્વરૂપમાં હોય તેનાથી અરજદારને કોઈ જ લેવા દેવા ન હોવા છતાં પણ અરજદારોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.ડ્રાઈવિંગ લાયસન્સ જૂનો રેકોર્ડ ઓનલાઈન ન હોય તેવા કિસ્સામાં સ્વેચ્છાએ મુખ્ય અધિકારીઓ આગળ આવીને જેમના ચોપડા કે પી.ડી.એફ. સ્વરૂપમાં હોય તેવા ડ્રાઈવિંગ લાયસન્સને ઓનલાઈન રેકોર્ડ ચડાવવા જોઈએ જેથી સામાન્ય લોકોને આરટીઓના વારંવાર ધક્કાઓ વેઠવા ન પડે અને અરજદારોની મુશ્કેલીઓ દૂર થઈ શકે તેમ છે.

# પોરબંદરમાં પંચવટી સોસાયટીમાં કારના કાચમાં તોડફોડ થતા ચકચાર



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

પોરબંદરના કમલાબાગ નજીક પંચવટી સોસાયટીમાં યુવાનની કારના કાચમાં તોડફોડ કરવામાં આવી છે, આ યુવાન ગુન્હો નોંધાવવા પોલીસ મથકે પહોંચ્યો છે. બનાવની વિગત એવી છે કે પોરબંદરમાં કમલાબાગ નજીક હાઉસીંગ બોર્ડ કોલોનીની પંચવટી સોસાયટીમાં રહેતા પ્રણવ સામાણી નામના યુવાને પોતાના ઘર પાસે પાર્ક કરેલી કારના કાચમાં તોડફોડ કરવામાં આવી છે. જેમાં આ યુવાન કમલાબાગ પોલીસ મથકે ગુન્હો નોંધાવવા પહોંચી ગયો છે અને એવું જણાવાયું છે કે અગાઉ ક્રિકેટના સટ્ટાનો કેસ થયો હતો જેમાં પોલીસના નામે પૈસા પડાવવાનું બે શખ્સોએ કારસ્તાન કર્યું હતું. તેના મનદુઃખમાં આ ડખ્ખો થયો છે. વિધીવત ગુન્હો નોંધાયા બાદ કાર્યવાહી હાથ ધરાશે.

# પોરબંદરમાં અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે છાંયા સ્વામીનારાયણ ગુરૂકુળનો ૧,૧૧,૧૧૧નો ફાળો



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

અયોધ્યામાં રામમંદિર નિમર્ણિ માટે છાંયાના સ્વામીનારાયણ ગુકુળ દ્વારા ૧ લાખ ૧૧ હજાર સહિત અન્ય દાતાઓ મળી કુલ અનેક લાખની સેવા અર્પણ કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગુકુલ, છાયા-પોરબંદર દ્વારા ગુશાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીજીના આદેશ અને આજ્ઞાથી પોરબંદર ખાતે શ્રીરામજન્મભૂમિ તિર્થ ક્ષેત્ર મંદિર નિમર્ણિનિધિ સમર્પણમાં શ્રી સ્વામિનારાયણ ગુકુલ, છાયા તરફથી. ૧,૧૧,૧૧૧-૦૦ (એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર પુરા) શાસ્ત્રી સ્વામી ભાનુપ્રકાશદાસજીએ શ્રી સ્વામિનારાયણ ગુકુલ, છાયા પોરબંદર, રાણાવાવ સંસ્થાવતી સમર્પિત કર્યા. આ પ્રસંગે આપણા પોરબંદર જિલ્લાના અગ્રણી ઉદ્યોગપતિ, સામાજિક અને શૈક્ષણિક સેવા કરનાર સંસ્થાના ટ્રસ્ટી પદુભાઈ રાયચુરા અને વડીલ ટ્રસ્ટી હરસુખભાઈ એન.બુદ્ધદેવ તથા પોરબંદર આર.એસ.એસ., જિલ્લા, નગરના સમર્પિત કાર્યકર્તાઓ પણ ખાસ ઉપસ્થિત રહેલ અને સંસ્થાની સેવાને બિરદાવી હતી. પદુભાઈ રાયચુરાએ પણ પોતાની કંપનીવતી રૂપિયા ૧૦૧૦૦૦ અને પોતાના રાયચુરા પરિવારવતી રૂપિયા ૮૧૦૦૦ તથા આસનસોલના તુષારભાઈ ઉપાધ્યાય પરિવારવતી રૂપિયા ૫૦૦૦ મળીને કુલ. રૂપિયા ૨૯૮૦૦૦ની સેવા અર્પણ કરી હતી.

# પોરબંદર છાંયા પાલિકાની ચુંટણીમાં ભાજપના ૯૮ ઉમેદવારો લાઈનમાં

## ૧૩ વોર્ડ માં ૫૨ ઉમેદવારો ની પસંદગી કરવામાં આવશે.... ૩૪૬ ભાજપમાંથી ચૂંટણી લડવા ઇચ્છુકઓને નિરાશા મળશે

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

પોરબંદર અને છાંયા નગરપાલિકાની સંયુકત ચુંટણી યોજાવાની છે અને બુધવારે નિરીક્ષકો ચિમનભાઈ સાપરીયા, ડો. ભરતભાઈ બોઘરા અને ગીતાબેન બારડની ઉપસ્થિતીમાં સેન્સની પ્રક્રિયા યોજાઈ હતી તેમાં સાંજ સુધીમાં ૫૨ ઉમેદવારની પસંદગી માટે અધધધ.... ૩૯૮ ફોર્મ જમા થયા હતા અને તે રીતે આ વખતે નગરપાલિકાની ચુંટણી માટે રેકોર્ડબ્રેક ઉમેદવારો મેદાનમાં ઉતરી પડયા છે અને સૌને નગરસેવક બનવું છે. આ વખતે ચુંટણી માટે ૧૩ વોર્ડનો નવો વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે અને તમામ વોર્ડ ખુબ મોટા વિસ્તારમાં ફેલાયેલા છે. ત્યારે આવેલા ફોર્મની વિગતમાં વોર્ડ નં. ૧ માં ૨૯, વોર્ડ નં. ૨ માં ૨૫, વોર્ડ નં. ૩ માં ૩૧, વોર્ડ નં. ૪ માં ૨૮, વોર્ડ નં. ૫ માં ૩૭, વોર્ડ નં. ૬ માં ૨૯, વોર્ડ નં. ૭ માં ૩૦, વોર્ડ નં. ૮ માં ૩૦, વોર્ડ નં. ૯ ૩૬, વોર્ડ નં. ૧૦માં ૩૩, વોર્ડ નં. ૧૧માં ૨૬, વોર્ડ નં. ૧૨માં ૩૮ અને વોર્ડ નં. ૧૩માં ૨૬ ઉમેદવારોએ ટિકિટ મેળવવા ફોર્મ ભર્યા છે.

# પોરબંદરમાંથી અયોધ્યામાં રામ મંદિર માટે રૂા.૩.૫૧,૦૦૦નો ફાળો એકત્રિત થયો



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

અયોધ્યામાં ભગવાન શ્રીરામના ભવ્યાતિભવ્ય મંદિરના નિમર્ણિ માટે નિધિ એકત્ર કરવા પોરબંદરમાં છેલ્લા કેટલાક સમયથી આયોજનો થઈ રહ્યા છે અને લાખો પિયાનું ફંડ એકઠું કરીને મોકલવામાં આવનાર છે ત્યારે માર્કેટીંગ યાર્ડના ચેરમેન સહિત ડાયરેકટરોએ યાર્ડમાં કાર્યક્રમ યોજીને તેમના દ્વારા તેમજ વેપારીઓ દ્વારા મળીને કુલ રૂપિયા ૩ લાખ ૫૧ હજારનો ફાળો એકઠો કરીને ભગવાન શ્રીરામના મંદિરના નિમર્ણિ માટે અર્પણ કર્યો છે. અયોધ્યામાં રામમંદિરના નિમર્ણિ માટે જુદા-જુદા આગેવાનો અનુદાન આપવા માટે આગળ આવી રહ્યા છે ત્સમગ્ર કાર્યક્રમ માર્કેટીંગ યાર્ડના યુવા ચેરમેનના નેતૃત્વમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સાંસદ અને ધારાસભ્ય સહિત આગેવાનોએ પણ યાર્ડના ટીમવર્કને આવકારીને બિરદાવ્યું હતું.

# સોમનાથનાં આંગણે ઉજ્જૈનનાં બાબા ઉમાકાંતજીનાં સાનિધ્યમાં કાર્યક્રમોનું આયોજન



ચક્રવાત ટીમ સોમનાથ, તા.૩૧

ઉજ્જૈનના બાબા ઉમાકાંતજી પોતાના ૪૦૦ થી વધુ સ્વયંસેવકો સાથે ગુજરાતના પ્રવાસે છે. તેઓ ૩ દિવસ સોમનાથ રોકાયા હતા. જેમાં તેમના સાન્નિધ્યમાં સત્સંગ સભા, પ્રભાતફેરી, તીર્થદર્શન જેવા કાર્યક્રમો સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે શિસ્તબધ્ધ રીતે યોજાયા હતા. આ સાથે હવે તેમના અનુયાયીઓ દ્વારા સોમનાથમાં નિઃશૂલ્ક પ્રસાદ વિતરણ શરૂ કર્યું છે.

બાબા જય ગુરૂદેવ યુપીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી બાબા ઉમાકાંતજીનો આશ્રમ ઉજ્જૈનમાં છે. તેઓ દેશ-વિદેશમાં ફરીને લોકોને વ્યસનમુક્ત અને શાકાહારી બનવા સત્સંગ થકી પ્રેરીત કરે છે. તેમની પ્રેરણાથી અનુયાયીઓ દ્વારા ભોજન માટે ભંડારા ચાલે છે. જેમાં અયોધ્યા કારસેવકપુરમ્, ચીત્રકુટ સહિત દેશના ઘણા સ્થળે ભોજન સેવા ચાલે છે. બાબા ઉમાકાંત મહારાજની મુલાકાત સોમનાથના ટ્રસ્ટી-સેક્રેટરી પ્રવિણભાઈ લહેરી અને ટ્રસ્ટના અધિકારીઓએ લીધી હતી. જેમાં તેમને ટ્રસ્ટના વિકાસકાર્યોની જાણ કરાઈ હતી. આ તકે બાબાના અનુયાયીઓ દ્વારા સોમનાથમાં અન્નક્ષેત્ર, નિઃશુલ્ક પ્રસાદ વિતરણ શરૂ કરવા માટે સંકલ્પ લેવાયો હતો. જેની સોમનાથ ટ્રસ્ટે અનુમતી આપતા તા. ૨૯ જાન્યુઆરી થી નિઃશુલ્ક પ્રસાદ વિતરણ સેવા શરૂ કરાઈ છે.

# પોરબંદરની યુવતિએ જીટીયુમાં મેળવ્યો ગોલ્ડ મેડલ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૩૧

પોરબંદરની યુવતિએ જીટીયુમાં પ્રથમ ક્રમ મેળવતા રાજયપાલના હસ્તે ગાંધીનગર ખાતે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

જીટીયુના ૧૦માં પદવીદાન સમારોહનું ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત, ઈસરોના પૂર્વચેરમેન ડો. ક્રિષ્ના સ્વામી કસ્તુરીરંગન, મુખ્યમંત્રી વિજય પાણી, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતીમાં ૧૩૨ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અપાયા હતા જેમાં છાંયાની જે.એન. પારેલ સ્વામીનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈ.ટી.ની સેમેસ્ટર-૪ની વિદ્યાર્થીની હિનલ જયંતભાઈ સોનઘેલાએ જીટીયુ દ્વારા લેવાયેલ અંતિમ સેમેસ્ટરની પરીક્ષામાં એચઆર સ્પેશ્યલીઝેશનમાં ૯.૪૮ સીપીઆઈ સાથે જીટીયુ તથા કોલેજ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોલેજના ઈતિહાસમાં પણ સૌ પ્રથમ યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર એકમાત્ર વિદ્યાર્થીની છે કે જેમણે માત્ર કોલેજનું જ નહીં, પરંતુ સમગ્ર પોરબંદર જીલ્લાનું ગૌરવ પણ વધારેલ છે.

# ઊના : સનખડા ગામે રસ્તાના વાંકે ૧ માસથી એસટી બસના દર્શન દુર્લભ

## સનખડા, ખત્રીવાડા ગામના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ હેરાન, સવારે ૫ વાગ્યે ૩ કિ.મી. પગપાડા ગાંગડા બસ સ્ટેશને જવું પડે છે



ચક્રવાત ટીમ ઉના, તા.૩૧

ઊના તાલુકાના સનખડા ગામે છેલ્લા ૧ માસથી વધુ સમયથી એસ ટી બસના દર્શન દુર્લભ હોય તેમ સનખડા તેમજ ખત્રીવાડા ગામના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને વહેલી સવારે ૩ કિ.મી. સુધી ચાલીને ગાંગડા બસ સ્ટેશન સુધી જવાની ફરજ પડી રહી છે. જોકે અગાઉ બસ સનખડા ગામ સુધી આવતી હતી. પરંતુ નેશનલ હાઈવે રોડ પર નાનુ ડાયવર્ઝન કાઢેલ હોવાથી એસ ટી બસને વળાંક લેવામાં મુશ્કેલી પડતી હોવાથી બસ આવી શક્તી ન હોવાનું બસના ડ્રાઈવરે વિદ્યાર્થીઓને જણાવેલ હતું. પરંતુ ટ્રેક્ટરથી માંડી તમામ નાના મોટા વાહન ચાલતા ત્યાથી પસાર થતા હોવા છતાં એસ ટી બસનેજ મુશ્કેલી પડી રહી છે. ત્યારે એસ ટી બસના વાંકે બન્ને ગામોના વિદ્યાર્થીઓને વાહન ના અભાવે પગપાડા ગાંગડા બસ સ્ટેશન સુધી જવું પડે છે. ઉના-જાફરાબાદ રૂટની બસ તેમજ ઉના-સનખડા રૂટ બસ અગાઉ સનખડા સુધી આવતી હતી. હાલ ડાઈવર્ઝનના કારણે સાંકળો રસ્તો હોવાથી બસ વળાંક ન લેતા ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ભોગ બનવાનો વારો આવ્યો હોય આ બાબતે ઉના એસ ટી ડેપો દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી તાત્કાલીક સનખડા સુધી બસ પહોચે તેવી વ્યવસ્થા કરે જેથી બન્ને ગામના વિદ્યાર્થીઓ સમયસર શાળાએ પહોચે તેવી બન્ને ગામના લોકોની માંગણી ઉઠવા પામેલ છે.

### ભાવનગર સાઇકલ કલબ દ્વારા સોમનાથથી ભાવનગર

# કોવિંડ-૧૯ રસીકરણ જાગૃતી સાઈકલ રેલીનું આયોજન



ચક્રવાત ટીમ ભાવનગર, તા.૩૧

સોમનાથ થી સાઈકલ યાત્રા ભાવનગર સાઈકલ કલબ દ્વારા આયોજીત કરવામાં આવેલ છે. જેમાં સોમનાથ થી ૩૫૦ કી.મી. અંતર પોરબંદર-જેતપુર સહિતના વિસ્તારોમાં પ્રવાસ કરશે અને કોવિંડ-૧૯ રસીકરણ માટે લોકોને જાગૃત કરશે. આ સાઈકલ રેલીમાં ૧૦ મેમ્બર્સ જોડાયા છે. જેમાં સીનીયર સીટીઝન પણ સામેલ છે. વેકસીન અવેરનેસ માટે તેઓએ ખાસ લીફ્લેટ તૈયાર કરેલ જે લોકોમાં કોવિડ વેકસીન શા માટે જરૂરી છે તેની વિશેષ સમજ પુરી પાડશે. આ યાત્રાની શરૂઆત ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા ફ્લેગ ઓફ થી કરી હતી જેમાં રોટરી કલબ વેરાવળના મેમ્બર્સ જોડાયા હતા.

# વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખના જન્મદિવસ નિમિત્તે આજે રક્તદાન કેમ્પ






ચક્રવાત ટીમ, તા.૩૧

વાંકાનેર તાલુકા યુવા ભાજપના ઉપ પ્રમુખ જગદીશસિંહ બી. ઝાલાના જન્મદિવસ નિમિતે આગામી તારીખ ૦૧/૦૨/૨૦૨૧ સોમવારના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં બહોળી સંખ્યામાં વાંકાનેરની જનતાને રક્તદાન કરવા માટે આહવાન કરવામાં આવ્યું છે. વાંકાનેર શહેરની ગરાસીયા બોર્ડીંગ ખાતે આગામી તા. ૦૧/૦૨/૨૧, સોમવારના રોજ સોમનાથ ક્રેડિટ કો. ઓપ.સો.લી.- વાંકાનેર તેમજ સોમનાથ કન્ટ્રકશન ગ્રુપ-વાંકાનેર દ્વારા વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ જગદિશસિંહ ઝાલાના જન્મદિવસ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન રવામાં આવ્યું છે. જેમાં વાંકાનેરની જાહેર જનતાને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે જ વધુ માહિતી માટે જગદીશસિંહ(મો. ૯૮૭૯૯૫૮૮૯૯), મેહુલભાઈ(મો. ૯૯૦૪૯૬૨૪૪૬) તથા એમ. કે. જાડેજા(મો.૯૮૭૯૦૧૪૧૪૦) પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# દેવળીમાં રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિ બેઠકનું આયોજન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૩૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેદાજી ની દેવળી ગામે રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ સમિતિની બેઠક યોજાઈ આ તકે દેવળી ગામ ના આગેવાનો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા માનનીય સંઘચાલક શ્રી જયંતીભાઈ ગોહિલ એ સૌ ગ્રામજનોને રામ મંદિર ઈતિહાસ વિશે જાણકારી આપી હતી તેમજ ચિરાગસિંહ મોરી દ્વારા આ ઐતિહાસિક કાર્યમાં જોડાવા ગ્રામજનો ને આહવાન કરવામાં આવ્યું હતું... આ તકે શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ સમિતિને શ્રી સુરસિંહભાઈ હમીરભાઈ મોરી - દેવળી તરફથી રૂપિયા ૫૫,૫૫૫/- તથા શ્રી ભગતસિંહ કચરાભાઈ દાહિમા - દેવળી તરફથી રૂપિયા ૫૧,૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો, ઉલ્લેખનીય છે કે કોડીનાર શહેર અને તાલુકામાં રામ જન્મભૂમિ મંદિર નિર્માણ અન્વયે પ્રજાજનો માં ઉત્સાહ ફુહી અનેરો ઉમંગ જોવા મળે છે.

# વેરાવળમાં પોલિયો અભિયાન અંતર્ગત પોલીયો રસીકરણનો પ્રારંભ




ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૩૧

સમગ્ર ભારત દેશમાં આજે રાષ્ટ્રવ્યાપી પોલીયો નાબુદ અભિયાન અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો રસીકરણ કરવામાં આવ્યું હતું. શિશુ મંદિર સ્કુલ વેરાવળ ખાતેથી આજે ડો.ગૌસ્વામીએ પોલીયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. શિશુ મંદિર શાળા બુથ નં-૨૮ માં આજે પોલીયો રસીકરણ અભિયાનનો પ્રારંભ થવાની સાથે ૧૧ માસના બાળક ધ્યેયને પોલીયોના બે ટીપા પીવડાવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારી ચૌધરી, શિશુમંદિશ શાળાના મેનેજીંગ ટ્રસ્ટ્રી સહીતના સહભાગી થયા હતા. આ બુથ પર આંગણવાડી વર્કર મેધલબેન વાળા, હેલ્પર હંસાબેન મકવાણા, આરોગ્ય વિભાગના પારૂલબેન પુરોહિતે ફરજ બજાવી હતી. વેરાવળ સહિત જિલ્લામાં આંગણવાડી અને જાહેર સ્થળોએ પોલિયોના બે ટીપા પીવડામાં આવે છે.

## તંત્રીસ્થાનેથી......

# ખેડૂત નેતા રાકેશ ટિકૈતને વધી રહેલું જન સમર્થન યોગી સરકાર માટે પડકાર...

ખેડૂત આંદોલનમાં દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસે લાલ કિલ્લા પર અને શહેરમાં જે ઘટનાઓ બની તે બાદ ધીમે-ધીમે ખેડૂત આંદોલન ભાંગતું દેખાઈ રહ્યું છે જેમાં ૨૮ જાન્યુઆરીની સવારે લાગી રહ્યું કે જાણે ધીમેધીમે ગાઝીપુરનું ધરણાંસ્થળ ખાલી થવાનું છે. પરંતુ ખેડૂત નેતા રાકેશ ટિકૈતની એક ભાવનાત્મક વીડિયો અપીલે જાણે કે આખી બાજી જ પલટી નાખી. મોડી રાત સુધી ગાઝીપુર બૉર્ડર પર ફરી વાર ખેડૂતોનું આવવાનું શરૂ થઈ ગયું અને ૨૯ તારીખે સવારે ૨૬ જાન્યુઆરીના રોજ દેખાઈ હતી તેવી ભીડ જોવા મળી. એવું લાગી રહ્યું છે કે જાણે અલગઅલગ સીમા પર ચાલી રહેલા ખેડૂત આંદોલનનું કેન્દ્ર હવે ધીમેધીમે સિંઘુ બૉર્ડર અને ટિકરી બૉર્ડરથી શિફ્ટ થઈને ગાઝીપુર બૉર્ડર પર શિફ્ટ થઈ રહ્યું હોય. મુઝફ્ફરનગરમાં થયેલી પંચાયતની તસવીરો પણ રાકેશ ટિકૈત અને ખેડૂત આંદોલનના વધતા સમર્થન તરફ ઈશારો કરે છે. બાકી રહેલી કસર ઉત્તર પ્રદેશમાં સક્રિય રાજકીય પક્ષોએ પૂરી કરી દીધી. જેમાં રાષ્ટ્રીય લોકદળના નેતા જયંત ચૌધરી ૨૯ તારીખની સવારે ગાઝીપુર બૉર્ડર પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે કહ્યું, " હું એક નાગરિક તરીકે અહીં આવ્યો છું. જે વર્ગ માટે ચૌધરી ચરણસિંહે પોતાના જીવનમાં સંઘર્ષ કર્યો, આજે એ વર્ગ સંકટમાં છે. અમારો પક્ષ ખેડૂતોનો પક્ષ રહ્યો છે. નોંધનીય વાત એ છે કે ૨૬ જાન્યુઆરી પહેલાં આ જ ખેડૂત નેતા કૉંગ્રેસના મોટા નેતાઓને આંદોલનમાં સામેલ નહોતા થવા દઈ રહ્યા. બહુજન સમાજ પાર્ટીનાં નેતા માયાવતીએ સંસદના બજેટસત્રમાં રાષ્ટ્રપતિના સંબોધનના બહિષ્કારનો નિર્ણય લીધો. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ઉપમુખ્ય મંત્રી મનીષ સિસોદિયાએ ટ્વીટ કરીને જણાવ્યું કે રાકેશ ટિકૈતની વિનંતી પર દિલ્હી સરકાર તરફથી ખેડૂતો માટે પાણી અને અન્ય સુવિધાઓની વ્યવસ્થા કરી દેવાઈ છે. આ સિલસિલામાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પણ કેવી રીતે પાછળ રહે. તેમણે પણ રાકેશ ટિકૈત સાથે ફોન પર વાત કરી અને ખેડૂતો સાથે ઊભા રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. પ્રિયંકા ગાંધીએ ગુરુવારે જ ખેડૂતોના સમર્થનમાં મોડી રાત્રે બે ટ્વીટ કર્યાં અને ભાજપ પર નિશાન સાધ્યું. ઉત્તર પ્રદેશની રાજકીય પાર્ટીઓની ખેડૂત આંદોલનમાં સક્રિયતાનું એક કારણ વર્ષ ૨૦૨૨ની શરૂઆતમાં થનારી વિધાનસભાની ચૂંટણી પણ ગણાવાઈ રહ્યું છે. રાકેશ ટિકૈત જાટ ખેડૂતનેતા તરીકે ઓળખ ધરાવે છે. ખાસ કરીને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં આવા જાટ ખેડૂતોની સંખ્યા વધુ છે અને ત્યાં હારજીત નક્કી કરવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. હાલની પરિસ્થિતિ જોતા રાજકીય તજજ્ઞો એવું માની રહ્યા છે કે જો આ પરિસ્થિતિ વિધાનસભા ચુંટણી સુધી જળવાઈ રહી અને ખેડૂત આંદોલન સફળ થયું અને જો સરકાર ત્રણેય કૃષિ કાયદાઓ પરત ખેંચે તો તેની સીધી અસર ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણીઓ પર પડશે અને તેનાથી યોગી આદિત્યનાથની મુશ્કેલીઓમાં વધારો થશે જેથી હાલ ખેડૂતો આંદોલનનો ચહેરો એવા રાકેશ ટિકૈત યોગી સરકાર માટે મોટો પડકાર બની શકે છે...



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....




### પ્રકરણ ૫૩

'આઈડિયોલોજી સાયન્ટિસ્ટ'

ડો. ઓમપ્રકાશ શાહ

દેશના સૌપ્રથમ આઈડિયોલોજી ક્લિનિકમાં તમારું સ્વાગત છે.

ગેલેક્સી મોલમાં આજે જ ઓપનિંગ થયેલું હોય એવું લાગતું હતું. હજુ હું ને સાગર મૂવી જોઈને બહાર નિકળ્યા હતા ત્યાં અમારી નજર નવોઢાની માફક શણગાર સજેલાં ક્લિનિક પર પડી.

મેં સાગરને ઈશારાથી બતાવતાં કહ્યું "સાગર, જો તો આ કંઈક નવીન પ્રકારનું ક્લિનિક લાગે છે ?"

"આઈ નો... ડોક્ટર સાહેબે બહુ માર્કેટીંગ કર્યું છે આ કન્સેપટ બેઝ ક્લિનિકનું. આ બહુ ટ્રીકી સાયકોલોજી છે. તમે જે જોઈ શકતાં હોય કે જે જોવા ઈચ્છતા હોય એ જ તમને સ્પષ્ટ રીતે દેખતા કરે. એવું જ કંઈ મેં સાંભળ્યું હતું આ ડૉક્ટર વિશે ? ચાલ ચેક કરીએ ડોક્ટરનું આઈડિયોલોજી સાયન્સ કંઈ રીતે કામ કરે છે." સાગર મારો હાથ પકડીને આગળ વધ્યો.

મેં કહ્યું " રેવા દે યાર. તેનો પહેલો દિવસ છે પછી ક્યારેક જઈશું તેનું ઓપનિંગ ખરાબ નથી કરવું." સાગરે મારું કંઈ ના સાંભળ્યું. અમે ક્લિનિકમાં પ્રવેશ્યા. થોડા માણસો બેઠા હતા. અમને કાઉન્ટર પર ઉભેલા જોઈને રિસેપ્શનિસ્ટ બોલી. "મોસ્ટ વેલકમ સર, આઈડીયોલોજીના ફ્યુચર વર્લ્ડમાં તમારું સ્વાગત છે. હું તમારી શું મદદ કરી શકું ?"

સાગરે એટલી જ વિનમ્રતાથી કહ્યું. " તમે મને જણાવી શકો છો તમે આ ક્લિનિકમાં શા માટે સ્ટાર્ટ કર્યું છે. આ આઈડીયોલોજીનું ગતકડું શું છે. ?"

પેલી હસવા લાગી. "સર વિ આર ફાઈન્ડ યોર સ્કીલ્સ એન્ડ ઓરિજિનલ પર્સનાલિટી. સાથે તેને કેમ ડેવલોપ કરી શકાય કે તેની સાથે કેમ કામ લઈ શકાય એનો ફ્યુચર પાથ ડિઝાઈન કરી આપીએ છીએ...."

"અમારે આ ડૉ.ઓમ પ્રકાશની એપોઈન્ટમેન્ટ જોઈએ છીએ તેઓ ક્યારે મળી શકશે" સાગરે પૂછ્યું.

"તમે લાઈનમાં બેસો થોડી વારમાં તમારો વારો આવી જશે." તેને એક ફોર્મ આપી ભરવા માટે કહ્યું. તે ફોર્મમાં અજબ ગજબની વિગતો પૂછેલી હતી. સાગરને આ ડૉક્ટર ફની લાગ્યો. "મજા પડવાની છે જોજે." અમે બંન્નેએ સવાલનો ચર્ચા કરતાં આખું ફોર્મ ભરી આપ્યું. જેમાં અમુક સવાલો મને વિચિત્ર લાગ્યા. ૪૦ મિનિટ પછી અમારો વારો આવ્યો. અમે અંદર ગયા.

ડોક્ટરની વિશાળ કેબિનમાં અમે પ્રવેશ્યા. બ્લૅક શૂટમાં સજ્જ તે કોઈ વિદ્વાન પ્રોફેસર જેવા લાગતાં હતા. નાની પણ સ્ટાઈલિશ મૂછ, લંબગોળ ચહેરો, ચશ્મા અને પ્રશ્નાર્થ તરીકે તમને તાકતી આંખો અમે બંને તેમની સામે ખુરશીમાં ગોઠવાયા.

"સાગર & ક્રિષ્ના આઈડિયોલોજી ક્લિનિકમાં તમારું સ્વાગત છે." તેમણે હસીને આવકારો આપ્યો.

"ડૉક્ટર સાહેબ. આ મારો દોસ્ત છે. સાયન્સમાં સ્ટડી કરે છે. એને પોતાને ખબર નથી એને ફ્યુચરમાં શું કરવું છે. મિન્સ કેરિયર. ગામડામાંથી આવે છે. હોંશિયાર છે. ફેમિલી તેને ડૉક્ટર બનાવવાના સપના જોવે છે. તો એ ડોક્ટર બની શકે કે કેમ ? તમે જણાવી શકશો ?" સાગરે વગર પૂછયે મારો ઈન્ટ્રો આપતાં કહ્યું.

"અફકોર્સ, આવા કોમ્પ્લિકેટેડ સવાલોના જવાબ આપવામાં મારી માસ્ટરી છે. મારા માનવા મુજબ તમારું નામ ક્રિષ્ના છે. તમારો ચહેરો કહે છે. તમે સતત મૂંઝવણમાં રહતાં હશો.. તમે સતત ઘણાં પ્રેશરનો અનુભવ કરતાં હશો. તમારી પ્રેશર કૂકરની સીટી કે તમારું પેશન જે કહો એ ફોટોગ્રાફી છે. તમને હજુ તમારા ઉપર પૂરતો કોન્ફિડન્સ નથી. જો કે, આ ઉંમરે ના જ હોવો જોઈએ. સો તમારો કેસ હાથમાં લેતાં પહેલાં આપણે થોડી આ કન્સેપ્ટ વિશે વાત કરી લઈએ." ડો. ઓમપ્રકાશે વાત શરૂ કરતાં કહ્યું.

"હું કોઈ જ્યોતિષ નથી. કે નથી ભવિષ્યવેતા. મને સિક્સ સેન્સ તરીકે તમારા વિશે કોઈ ભાવીના સંકેતો પણ નથી મળતા. હુ માણસના દિમાગને સાયન્ટિફીક રીતે ભણ્યો છું. તેની સાયકોલોજીથી લઈ બોડી લેગ્વેંજ અને શબ્દો તથા તેની બોલવાની પદ્ધતિનું સતત અવલોકન કરતો રહું છું. સ્થાનિક સંસ્કૃતિ કે પ્રાદેશિક વારસાગત સંસ્કારોનો પણ ઉંડો અભ્યાસ કર્યો છે. હું અમેરિકામાં ન્યુરોસાયન્સ એને ન્યુરોકાઈનેમેટિક્સ નો કોર્સ MITમાં કરી રહ્યો હતો ત્યારે લાગતું. મોટાભાગના લોકોને પોતાના રસ, રુચિ કે ગમતા કામો વિશે ખ્યાલ નથી. પોતાની વિશેષ આવડતનો પારિચય નથી. જો આ વિશે નાનપણથી જ ખબર હોય તો તેના પર વિશેષ ધ્યાન આપી ડેવલપ કરી સફળતાના શીખરો સર કરી શકાય.

બસ હું તમારા થોડા સાયન્ટિફીક ટેસ્ટ લઈશ. પછી તમારો 'લાઈફ ડેટા' કાઢી તેનું એનાલિસીસ કરીશ. તમારા ગમતા કામ અને તમે ક્યાં ફિલ્ડમાં બેસ્ટ પરફોર્મન્સ આપી શકો છો. એનો કમ્પ્લિટ ડેટા એનાલિસિસ અને રિઝન સાથે આપીશ. આ સ્ટડી માટે મેં એક ખાસ પ્રકારનો સોફ્ટવેર ડેવલોપ કર્યો છે. તમારી એ ડેટા મુજબ આગળ વધવાની ઈચ્છા હોય તો તમારા ફ્યુચરનો રોડ મેપ પણ તૈયાર કરી આપીશ. એથી આગળ વધી કામ ચાલુ રાખવુ હોય તો તમારી મંઝિલ સુધી પહોંચાડવાની જવાબદારી પણ હું લઉં છું. પરંતુ તે માટે તમારે મારી સૂચનાઓ કોઈ પણ દલીલ વગર સ્ટ્રીકલી ફોલો કરવી પડે. આ કામનો લેખિત કોન્ટ્રાક્ટ થશે. સ્ટેપ બાય સ્ટેપ મારી ફી અને ફેસેલિટી વધતી જશે."

"વાહ સર, તમારી બુદ્ધિને પણ દાદ દેવી પડે. શું નવો કન્સેપટ ડેવલોપ કર્યો છે. આ ક્લિનિકનું ફ્યુચર બહુ બ્રાઈટ દેખાઈ રહ્યું છે....મારા દોસ્ત ક્રિષ્નાનું ... તમે કહ્યું એમ બેઝિક ટેસ્ટ કરવો હોય તો કેટલો ચાર્જ છે." સાગર બોલ્યો. હું નક્કી કરી શકતો નહોતો સાગર શું કરવા માંગતો હતો. "તમે તો બહુ ઝડપી છો મારી વાત સાંભળ્યા વિના જ કામ આપવાનું નક્કી કરી લીધું." ડૉક્ટર બોલ્યા.

"એમાં એવું છે ડૉક્ટર સાહેબ જિંદગી બહુ નાની છે. અમારે ઘણાં કામ કરવાના છે. આપણે ગૂગલની જેમ દરેક સર્ચના રીઝલ્ટનું એનાલિસીસ ના કરી શકીએ. આપણાં માટે જે મહત્વનું અને જરૂરી હોય એ પકડી લેવાનું." સાગરે કહ્યું.

તે હસ્યા. "વેરી સ્માર્ટ, કોઈપણ વ્યક્તિના બ્રેઈન મેપ બનાવવાનો ચાર્જ આમ તો એકવીસ હજાર રૂપિયા છે. એન્ડ ૪ હજાર રૂપિયા કાઉન્સિલિંગ ચાર્જ છે. પરંતુ આજે ઓપનિંગ થયું છે. ફર્સ્ટ ડે હોવાથી ૫૦% ડિસ્કાઉન્ટની સ્કીમ છે. એટલે તમને બંને કામ ફક્ત બાર હજારમાં પડશે. બધા ટેસ્ટ માટે આશરે ત્રણ કલાક જેવો સમય લાગશે. એન્ડ રિઝલ્ટ માટે બે કલાક બીજા.

"ઓકે ડન છે. ચાલો તમારું કામ શરૂ કરી દો. હું કાઉન્ટર ઉપર પૈસા જમા કરાવીને મારું એક કામ પતાવી આવું." સાગર ઊભો થયો.

"એક જ મિનિટ,ક્રિષ્ના આઈડિયોલોજી સાયન્સ લૅબનો પ્રથમ ૨૧ પેશન્ટમાંનો એક છે. તમારે શુકન તરીકે ફક્ત એક જ રૂપિયો આપવાનો છે. હું તમારી કોઈ ફી નહીં લઉં. બિકોઝ મેં ફર્સ્ટ ૨૧પેશન્ટ માટે આ પહેલેથી ડીસાઈડ કર્યું હતું." ડોકટરે કહ્યું.

સાગર પોતાનું કામ પતાવવા બહાર ચાલ્યો ગયો. મને આ વિચિત્ર ટેસ્ટ માટે અંદર પુરતો ગયો. તે શા માટે આવો ટેસ્ટ કરાવવાનો હશે ? એ પણ પોતાનો નહીં અને મારો ? મને ના સમજાયું ? મને તો આ બધું ઢોંગી બાવાના ધતિંગ જેવું લાગતું હતું.

મને એક નાનકડી કેબિનમાં બેસાડી ૧૦૦ પ્રશ્નોનું પેપર આપવામાં આવ્યું. માથામાં રિબીન જેવું મશીન પેહેરાવામાં આવ્યું. જવાબ લખાય જાય એટલે લાલ બટન દબાવવા માટે કહ્યું. બધા સવાલો આમ તો રુટીન લાઈફને લગતાં હતા. મને પણ રસ પડ્યો કે આમાં શું હશે વળી ? મે ઝડપથી પેપર પૂરું કર્યું. તો પણ આશરે કલાક થઈ ગયો હતો. પછી મને ઓપરેશન થિયેટર જેવા રૂમમાં લઈ જવામાં આવ્યો. ત્યાં પણ અમુક સેન્સર મારા શરીર પર ફીટ કરવામાં આવ્યા. માથામાં મોટું હેલ્મેટ જેવું પહેરાવવામાં આવ્યું. મારે ત્રણ થી લઈ આઠ મિનિટ સુધીની દસ શોર્ટ મૂવી જોવાની હતી. મેં એ બધી મૂવી જોઈ. બધી અલગ અલગ વિષયો પર હતી. પણ સ્પેશિયલ આ ક્લિનિક માટે ડિઝાઈન કરી બનાવવામાં આવી હોય એવું લાગ્યું. ત્યારબાદ ફરી મને એક કેબીનમાં લઈ જવામાં આવ્યો. ત્યાં મને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા. આશરે ત્રણ કલાક પછી હું ફરી મેઈન ઑફિસમાં આવ્યો.

ત્યારે સાગર આવી ગયો હતો. તે ડૉક્ટર સાથે કોઈ મુદે ચર્ચા કરી રહ્યો હતો. અમે બંનેએ બહાર હોટેલમાં જમવા ગયા. જમતાં જમતાં તેને મને આખી પ્રોસેસ વિશે પૂછ્યું. મે મને પૂછેલા સવાલો અને કરેલાં ટેસ્ટ વાત કહી. બે કલાક અમે બંન્ને ફરીથી ક્લિનિકમાં આવ્યા. આવ્યા.

"તમારા દોસ્તમાં અમુક અસાધારણ શક્તિઓ છે. તેનો આઈક્યું નોર્મલ કરતાં ૩ ગણો વધું છે. સાથે જ ઈમોશન આઈક્યુ પણ ઉંમર કરતાં વધુ મેચ્યોર છે. તે કોઈ એક જગ્યાએ સ્થિર રહી શકે તેમ નથી. તેને સતત કશુંક નવું કરવા જોઈશે. તે સૌથી વધુ એડવેન્ચરને રિલેટેડ ફિલ્ડમાં સક્સેસ જશે. કાં તો પછી આર્ટ રિલેટેડ કોઈ ફિલ્ડમાં. તેનામાં સેકન્ડોમાં પરિસ્થિતિનો તાગ મેળવી નિર્ણય લેવાની કુદરતી ક્ષમતા છે. આ ક્ષમતાને હજુ મહેનત કરી કેળવવામાં આવશે તો એક અનબીટેબલ ખાસિયત બની શકે એમ છે.

બાકી પણ ઘણાં ફીલ્ડ છે પરંતુ ડૉક્ટર બનવાનું તો મને શક્ય જ નથી લાગતું. જો એ એવું વિચારતો હોય તો ફક્ત સમાજમાં તેની પ્રતિષ્ઠા જોઈને કે પછી આપણું સામાજીક માળખું જોઈને નક્કી કરતો હશે. તેની કેરિયરની ટોપ ટેન પૉસીબીલીટીનું લિસ્ટ કારણો અને એનાલિસિસના ડિટેલિંગ સાથે ફાઈલમાં છે. એ નિરાંતે સ્ટડી કરજો. તમને યોગ્ય લાગે તો તો તમારા દોસ્તનું ફ્યુચર ડિઝાઈન કરતાં મને આનંદ થશે. આશા રાખું છું ટૂંક સમયમાં આપણી ફરી મુલાકાત થશે." ડો. શાહે અમને ફાઈલ સોંપતા કહ્યું. હું અને સાગર ડૉક્ટરનો આભાર માની ફાઈલ લઈને બહાર નીકળ્યા.

હું વિચારમાં મગ્ન થઈ ગયો.. એડવેન્ચર અને હું ? એ શક્ય નહોતું. મને મારા લાઈફની કેરિયરની બીજી શક્યતાઓ વિશે જાણવાની બહુ ઉતાવળ હતી. મેં સાગર પાસે ફાઈલ માંગી.

"આ ટેસ્ટ મેં મારા સ્ટડી માટે કરાવ્યો છે. સો, આ ફાઈલ મારું કામ પૂરું ના થાય ત્યાં સુધી મળવાની રાહ ના જોતો."

**(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૧-૦૨-૨૦૨૧, સોમવાર, પોષ વદ-૪, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૩, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૮થી અભિજીત-૧૩-૨૩ સુધી, ૭-૨૭થી અમૃત-૮-૫૦ સુધી, ૧૦-૧૪ થી શુભ-૧૧-૩૭ સુધી, ૧૪-૨૪ થી ચલ-લાભ- અમૃત-ચલ-૨૦-૧૧ સુધી, ૨૩-૨૪ થી લાભ ૨૫-૦૦

**- શુભ હોરા-**

૭-૨૭થી ૮-૨૨ સુધી, ૯-૧૮થી ૧૦-૧૪ સુધી, ૧૨-૦૫થી ૧૪-૫૨ સુધી, ૧૫-૪૭ થી ૧૬-૪૩ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય

» મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.

» કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ

» સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.

» કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઇ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા

» તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.

» મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો

» મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલકતના પ્રશ્નોમાં કોઇ ઉતાવળ ન કરવી.

# રોકડિયા પાક મરચાની ખેતી અને મુલ્યવર્ધન કરી નાણાંની કમાણી કરો...

આપણા દેશમાં મરચાંને એક અગત્યના શાકભાજી તેમજ મસાલાના રોકડિયા પાક તરીકે ઉગાડવામાં આવે છે. મરચાંનો ઉપયોગ શાકભાજી, પાવડર, અથાણાં તેમજ ચટણી જેવી બનાવટોના ઉપયોગ સારૂં કરવામાં આવે છે. ભારતમાં મરચીનું વાવેતર લગભગ ૮.૩૧લાખ હેકટર વિસ્તારમાં થાય છે. જેમાં લાલ મરચાં વિસ્તાર માંથી લગભગ ૧૮.૭૨ લાખ ટન સૂકા મરચાનું ઉત્પાદન છે. ગુજરાતમાં આ પાકનું વાવેતર ઉત્તર તેમજ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કરવામાં આવે છે. વિસ્તારની દ્રષ્ટિએ જોતાં, સૂકાં લાલ મરચાંનો વિસ્તાર લગભગ ૫૪૦૦૦ હેક્ટર જેટલો થાય છે.









ગુજરાત રાજયની ઉત્પાદકતા ૧૦૮૮ કિગ્રા/હે છે. જે દેશના અન્ય રાજયોની સરખામણીમાં સૌથી વધુ છે. જે દર્શાવે છે કે મરચાંની સુધારેલી જાતો તથા સુધારેલી ખેતી પધ્ધતિઓ ખેડૂતો અપનાવતા થયા છે. પિયતની કાયમી સગવડ હોય તેવા વિસ્તારોમાં મરચાંની નફાકારક ખેતી કરી શકાય છે.

ગુજરાત મરચાં–૧ : વર્ષ ૧૯૮૪ માં આ જાત બહાર પાડવામાં આવી હતી.આ જાતનાં પાન મધ્યમ જાડાઈનાં અને પોપટી રંગનાં તથા આ જાતમાં ૬૦ દિવસે ૫૦ ટકા ફુલ બેસે છે. આ જાતનાં મૂળ છીછરા હોય છે અને આ જાતમાં ફળ ૧૧૮ દિવસે પાકી જાય છે. આ જાતમાંથી ૨૪૯૮ કિગ્રા/હે સુકાં મરચાંનું ઉત્પાદન મળે છે.

ગુજરાત મરચાં–૨ : વર્ષ ૧૯૯૫ માં આ જાત બહાર પાડવામાં આવી હતી. જેમાં છોડની ઉંચાઈ ૮૫.૫ સેમી થાય છે. આ જાતનાં પાનની જાડાઈ વધુ તથા તેનાં મૂળ મધ્યમ છીછરાં હોય છે. આ જાત ગુજરાત મરચાં–૧ કરતાં થોડીક વહેલી એટલે કે ૧૧૪ દિવસે પાકતી હતી અને હેકટરે ૨૭૨૪ કિગ્રા જેટલું સૂકાં લાલ મરચાંનું ઉત્પાદન આપે છે.

ગુજરાત મરચાં–૩ : વર્ષ ૨૦૦૯–૧૦ માં ગુજરાત રાજયમાં અનુકૂળ આવે તેવી નવીન જાત બહાર પાડવામાં આવી હતી.



ડો. હેમાંગી ડી. મહેતા
વિષય નિષણાંત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – મોરબી

જગુદણ ખાતે વર્ષ ૨૦૦૬–૦૭ થી ૨૦૦૯–૧૦ દરમ્યાન આ જાતના ઉત્પાદનની ચકાસણી કરવામાં આવેલ હતી. આ જાતથી મરચાંના કુલ ઉત્પાદન અને ઉત્પાદકતામાં સારો એવો વધારો થશે. જેમાં સુકાં લાલ મરચાંનું સરેરાશ ઉત્પાદન ૩૨૭૦ કિગ્રા પ્રતિ હેકટરે જેટલું મળેલ જે ગુજરાત મરચાં–૧ અને ગુજરાત મરચાં–૨ કરતાં અનુક્રમે ૩૨.૮ અને ૨૧.૨ ટકા જેટલું વધારે ગણાવી શકાય. આ જાતની અગત્યની લાક્ષણિકતાઓ તપાસીએ તો પાન જાડાઈમાં મધ્યમ તથા રંગે ઘાટા લીલા રંગના જોવા મળે છે. આ જાતમાં છોડની ઉંચાઈ બેઉ જાતો કરતાં ઓછી (૭૫ સેમી ઉંચાઈ) તેમજ મૂળ અને થડની મજબૂતાઈ ઘણી સારી માલૂમ પડેલ છે તથા છોડના મૂળ ઉંડા જવાને પરિણામે વધુ પવન આવતો હોવા છતાં છોડ જમીન ઉપર ઢળી પડતા નથી. જેથી ડોડવાની ગુણવત્તા તેમજ ઉત્પાદનમાં થતા નુકશાનથી બચી શકાય છે. શરૂઆતમાં છોડ એક જ થડ ઉપર વિકાસ પામે છે અને પાછળથી વધુ ડાળીઓ ફુટવાને પરિણામે પરિણામે હવાની અવરજવર તેમજ સમયાંતરે ખેતી કાર્યો કરવામાં અનુકૂળતા સધાય છે. આ જાતમાં લીલા તેમજ ડોડવાની ગુણવત્તા જેવી કે રંગ, સાઈઝ તેમજ મધ્યમ તીખાશ હોવાથી અન્ય મરચાંની જાતો કરતાં સારા બજાર ભાવ ઉપજે છે. વળી, આ જાતમાં સુકા મરચાં (ઢ્ઢિ ષ્ઢૈંજ્ઞ્રૈ ઙ્ગ્રીી)ની રીકવરી પણ ગુજરાત મરચાં–૧ અને ગુજરાત મરચાં–૨ની સરખામણીમાં વધુ છે. આ જાત પાનના કોકડવા તેમજ એન્થ્રેકનોઝ જેવા રોગો સામે મધ્યમ પ્રતિકાર શકિત ધરાવે છે. તથા મરચાંની વિવિધ જીવાતો જેવીકે થ્રીપ્સ તેમજ મરચાં કોરનારી ઈયળ સામે પણ પ્રતિકારકતા ધરાવે છે. આથી આ જાતનું બિયારણ મેળવી વાવેતર કરવાની ભલામણ છે.









મરચા નું મુલ્યવર્ધન જેમકે, ગ્રીન ચીલી પાવડર, રેડ ચીલી પાવડર, ગ્રીન ચીલી પેસ્ટ( લીલી ચટણી) , રેડચીલી પેસ્ટ( લાલ ચટણી) , લીલા મરચા નું અથાણું, લાલ મરચા નું અથાણું, ચીલી સોસ જેવી આઈટમ બનાવીને વહેંચવા થી આર્થીક રીતે સધ્ધરતા પ્રાપ્ત થાય છે.

ગ્રીન ચીલી પાવડર
રેડ ચીલી પાવડર
લાલ મરચા નું અથાણું
લીલા મરચા નું અથાણું
રેડચીલી પેસ્ટ
ગ્રીન ચીલી પેસ્ટ

હાલ ના સમય માં મરચાનું મુલ્ય વર્ધન કરી તમે ઓનલાઈન માર્કેટમાં તમારી બનાવેલી પ્રોડકટ દેશ વિદેશ માં વહેંચી ખૂબ સારી કમાણી કરી શકો છો.

# જડીબુટ્ટી



સ્ત્રી હોય કે પુરુષ હોય, પરણિત હોય કે અપરણિત ,બધાને લાગું પડે.

જ્યારે પણ તમને એવું લાગે કે હું દુખી છું, મારે ખુબ બધી ઉપાધીઓ છે,

ઉપાધીઓ, તકલીફો કે બીજું કંઈ પણ હોય તેના વિશે નથી લખવું, કારણ કે તે બધાને ખબર જ હોય છે કે આમાં શું શું આવે?

ટૂંકમાં આર્થિક, સામાજિક, શારીરિક કે પછી ગૃહસ્થ જીવન મા બનતી બધી ઘટનાઓ ગણી લેવાની.



અજય પરમાર
લેખક

જયારે તમે ખુબ જ નિરાશ થઈ જાવ, તમને કોઈ પણ રસ્તો ના મળે, તમારુ તન મન બેકાબુ બની જાય, તમે પોતાને દુનિયાનો દુખીમા દુખી આત્મા માનવા લાગો, તમને જ્યારે સતત અવળા વિચારો આવે, જ્યારે તમે કોઈ એવો નિર્ણય લેવા જઈ રહ્યા હો,તો એ બધું બાજુમાં મુકીને ,

ત્યારે એક વાર,

જ્યાં પણ રવિવારી,સોમવારી,બુધવારી કે કોઈ પણ વારે ભરાતી પાથરણા બજાર અથવા તો કોઈ પણ મેળામાં વેપાર કરતાં સ્ત્રી પુરુષો ને જોવા .

તેમાંથી તો ઘણા બધા એવી વિચરતી જાતીઓ માથી આવીને વેપાર કરતા હોય છે કે જેઓની પાસે પોતાનું સરનામું પણ નથી હોતું.

છતાં પણ તેઓ એટલા બધા આનંદ મા હોય અને એટલો બધો પ્રેમ થી વેપાર કરતાં હોય, ફક્ત ગાંઠીયા ભજીયા ખાઈને સાંજ પાડતા હોય,ફક્ત પાંચ દસ રૂપિયા ની વસ્તુઓ વહેંચતા હોય છે,

તેઓને દુર ઉભા રહીને શાંતિથી જોવા પછી વિચાર કરવો અને તમારી તેઓની સાથે સરખામણી કરવી તો તમને ખ્યાલ આવશે કે આપણી પાસે આપણું પોતાનું સરનામું તો છે.

બાકી તો દુનિયામાં બધી ગૌણ વસ્તુઓ છે, ખરી જરુરિયાત તો પ્રેમની હોય છે.

જે કંઈ ઉપાધીઓ તકલીફો હોય છે તે આપણે પોતે જ ઉભી કરી હોય છે એટલે એનુ નિવારણ પણ નાશિપાસ થયા વિના આપણે પોતે જ ગોતવુ રહ્યુ.

**મોજમાં રેવુ ને લડી લેવું.**

# આજથી સવારે ૬.૫૦ વાગ્યે દોડશે પહેલી મેટ્રો



ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

લોકડાઉન બાદ ફરી સામાન્ય લોકો માટે શરૂ થઈ રહેલી મુંબઈ લોકલને ધ્યાનમાં લઈને મુંબઈ મેટ્રો વન પ્રશાસને પણ તેના સમયમાં ફેરફાર કર્યો છે. એ અનુસાર પહેલી ફેબ્રુઆરીથી મેટ્રો સેવા સવારે ૬.૫૦ વાગ્યાથી વર્સોવા અને ૭.૧૫ વાગ્યાથી ઘાટકોપરમાં ઉપલબ્ધ થશે. વર્તમાનમાં મેટ્રો સેવાની પહેલી ટ્રેન વર્સોવાથી સવારે ૭.૫૦ વાગ્યે અને છેલ્લી ટ્રેન ઘાટકોપરથી ૧૦.૧૫ વાગ્યે દોડે છે. મેટ્રો ૧ માં હાલમાં દિવસની ૨૩૦ રાઉન્ડ ટ્રિપ્સ મારે છે.લોકડાઉન થયાના સાત મહિના પછી ૧૯ ઓક્ટોબરથી આ સેવા કાર્યરત થઈ છે અને છેલ્લા ચાર મહિનામાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. રોજ લગભગ ૮૦,૦૦૦ પ્રવાસી મેટ્રોમાં પ્રવાસ કરે છે. નોંધનીય છે કે લૉકડાઉન બાદ ૧૯મી ઑક્ટોબરથી વર્સોવા-ઘાટકોપર મેટ્રો સેવા પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવી હતી. હવે જ્યારે મુંબઈ લોકલ સામાન્ય લોકો માટે શરૂ થઈ રહી છે ત્યારે મેટ્રોએ પણ તેના સમયમાં ફેરફાર કર્યો છે. આ હેઠળ વર્સોવાથી પહેલી ટ્રેન સવારે ૬.૫૦ વાગ્યે અને ઘાટકોપરથી સવારે ૭.૧૫ વાગ્યે દોડશે. આ જ રીતે વર્સોવાથી અંતિમ ટ્રેન રાત્રે ૯.૫૦ વાગ્યે અને ઘાટકોપરથી રાત્રે ૧૦.૧૫ વાગ્યે દોડશે. પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને મેટ્રો અને ઉપનગરીય સ્ટેશનો વચ્ચેના અંધેરી અને ઘાટકોપરના રેલવે ફૂટઓવર બ્રિજ (એફઓબી)ને પણ ખોલી દેવામાં આવશે. મેટ્રોની પહેલી ટ્રેન શરૂ થવાની હશે તેની ૧૫ મિનિટ પહેલા મેટ્રો સ્ટેશન પ્રવાસીઓ માટે ખોલવામાં આવશે. નવ મહિના બાદ મુંબઈની લોકલ ટ્રેન શરૂ થઈ રહી છે ત્યારે હવે મેટ્રોના પ્રવાસીઓની સંખ્યા વધવાની શકયતા છે.

# લોકલ ટ્રેનના પાસની મુદત વધારવામા આવશે : સોમવારથી અસરકારક



ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

મુંબઈ ઉપનગરીય રેલ્વે ૧ ફેબ્રુઆરીથી સામાન્ય મુસાફરો માટે પણ ખુલ્લી રહેશે. આ પૃષ્ઠભૂમિ સામે, તાળાબંધીના કારણે જેના મુસાફરોની મુદત પુરી થઈ છે તેમને આગામી સોમવારથી બાકીના દિવસોમાં વધારો કરવામાં આવશે, એમ પશ્ચિમ અને મધ્ય રેલ્વેએ જણાવ્યું હતું. ઉપનગરીય રેલ્વે સેવા ૨૪ માર્ચ, ૨૦૨૦થી બંધ કરવામાં આવી છે. જે મુસાફરો અગાઉ એક મહિના, ત્રણ મહિના, છ મહિના અને વર્ષભર લોકલ પાસ કઢાવ્યા હતા તેઓની મુદત પુરી થઈ હતી. તેમાંથી ઘણા લોકોએ બીજા વર્ગની સાથે સાથે પ્રથમ વર્ગ પણ પાસ કઢાવ્યા હતા, જ્યારે કેટલાકએ એરકંડિશન્ડ લોકલ પાસ લીધા હતા. સેવા બંધ હોવાથી પ્રશ્ન ઉભો થયો હતો કે શું સામાન્ય મુસાફરો દ્વારા આપવામાં આવતા પાસ લંબાવાશે કે નહીં. મુસાફરોના પાસ વહેલી તકે જૂનથી વધારી દેવામાં આવ્યાં કે તરત જ આવશ્યક સેવા કર્મચારીઓ માટે લોકલ દોડવાનું શરૂ થયું. આ સંદર્ભે, મધ્ય રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શિવાજી સુતરે જણાવ્યું હતું કે મુસાફરીના સમયગાળા દરમિયાન મુસાફરોની મુદત પુરી થઈ હોય અને સ્થાનિક મુસાફરીની અભાવે એક્સ્ટેંશન ન મળી શકતા મુસાફરોના પાસ આવતા સોમવારથી લંબાવાશે. તેવો આદેશ છે. રેલ્વેમા મુસાફરી કરનારા પ્રવાશીઓએ કઢેલ પાસ માટે બાકી રહેલા દિવસોની સંખ્યા મુસાફરી સુધી લંબાવાશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુએ પણ જણાવ્યું હતું કે મુસાફરોને સોમવારથી પાસ એક્સ્ટેંશન મળશે.

# નાંદેડની શંકર નગરી બેંકનુ ખાતુ હેક કરી ૧૪ કરોડની હડપ કરનારા ચાર શખ્સોની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

નાંદેડમાં શંકર નાગરી સહકારી બેંકના ઓનલાઈન કૌભાંડ મામલે ત્રણ વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. શંકર નાગરી સહકારી બેંકના તેના આઈડીબીઆઈ બેંક ખાતુ હેક કરી આરોપીઓ ૧૪.૫ કરોડ રૂપિયા હડપ કર્યા હતા. આ કેસની તપાસ કરતી વખતે લોકલ ક્રાઈમ બ્રાંચે બે કેન્યા અને એક યુગાન્ડાની યુવકીની ધરપકડ કરી છે. ત્રણેય કર્ણાટકના ધરવાડથી પકડાયા હતા. આ જ કેસમાં હુબલીની એક યુવતીની ધરપકડ કરવામાં આવી છે. આ બધાએ ૧૪.૫ કરોડ રૂપિયાની ઓનલાઈન વડે બેંક ખાતુ હેક કરી રૂપિયા અન્ય એકાઉન્ટમા ટાંન્સફર કર્યા હતા. પોલીસ તેની તપાસ પૂર્ણ કરવામાં સફળતા મેળવી છે. જોકે, નાંદેડ પોલીસે તમામ આરોપીઓને ઝડપી લીધા છે. ૧૪ કરોડ ૪૬ લાખ ૫ હજાર ૩૪૭ રૂપિયા કથિત રૂપે નાંદેડની શંકર નગરી સહકારી બેંકમાંથી અન્ય ખાતામા વાળવામાં આવ્યા હતા. આ ઘટના ૪ જાન્યુઆરીએ બેંક મેનેજમેન્ટના ધ્યાનમાં આવી હતી. નાંદેડમાં શંકર નગરી બેંકની આઈડીબીઆઈ બેંક પાસે શાખા છે. બેંક મેનેજમેન્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને આ મામલે તપાસની માંગ કરી હતી. લાહોટી સંકુલમાં આઈડીબીઆઈ બેંકની નજીક શંકર નગરી સહકારી બેંકમાંથી હેકરોએ લૂંટ ચલાવી હતી. બેંકે એનઈએફટી અને આરટીજીએસ દ્વારા બેંક ખાતુ ખાલી કરવામાં આવ્યુ હતુ. પોલીસની ફરિયાદ મળ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. આ ઘટનાની સાયબર સેલ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

# ઈશા મેમણની પોલીસ એસ્કોર્ટ વગર ૭ દિવસના પેરોલ મંજૂર કરતી હાઈ કોર્ટ

## ભાઈના મૃત્યુ બાદની ધાર્મિક વિધિ માટે પરવાનગી આપી

ચક્રવાત ટીમ મુંબઈ તા ૩૧

૧૯૯૩ મુંબઈ સીરિયલ બ્લાસ્ટના આરોપી ઈશા મેમણના ૭દિવસના ઈમરજન્સી પેરોલ મુંબઈ હાઈકોર્ટે પોલીસ એસ્કોર્ટ વિના મંજૂર કર્યા છે. આજ કેસના અન્ય આરોપી અને ઈશા ના ભાઈ યુસુફ મેમણનું યેરવડાની સેન્ટ્રલ જેલમાં ૨૬ જૂન ૨૦૨૦ના હાર્ટએટેક થી મોત થયું હતું પરંતુ કોરોનાને કારણે ધર્મિકવિધી થઈ શકી નહોતી. આથી હવે ઈશા એ આ ધરમિકવિધી પૂરી કરવા કુટુંબીજનો સાથે હાજરી આપવા પેરોલ માંગી હતી. આજ કેસના અન્ય આરોપી ટાઈગર મેમણ હજી ફરાર છે અને પાકિસ્તાનમાં છે. જ્યારે યુસુફ અને ઈશા મેમણને ૧૯૯૩ શ્રેણીબદ્ધ બોબધડાકા માટે આરોપી ગણી આજીવન કારાવસની સજા આપવામાં આવી છે. ૨૬ વર્ષથી ઈશા જેલમાં બંધ છે. જો કે આ પહેલા તેની ત્રણ દિવસની ઈમરજન્સી પેરોલ રોજના પોલીસ એસ્કોર્ટ સાથે મંજૂર કરવામાં આવી હતી અને રોજના પોલીસ એસ્કોર્ટ માટે ૭૦હજાર રૂપિયા એશાએ ચૂકવવાના હતા. આ આદેશને એશાએ હાઈકોર્ટમાં પડકારતાં હાઈકોર્ટે વગર પોલીસ એસ્કોર્ટ તેના ૭ દિવસના પેરોલ મંજૂર કર્યા હતા. જો કે તેણે ત્રીજા અને છઠ્ઠા દિવસે કુર્લા પોલીસમથકમાં હાજરી આપવી પડશે. આ પહેલા તેની ભાભી જેને પણ આજ કેસમાં આજીવન કારાવાસની સજા ફટકારાઈ છે તેને પણ દીકરાના લગ્ન માટે પેરોલ મળ્યા હતા.

# પાલિકા પ્રોપર્ટી ટેક્સમા ફક્ત સામાન્ય ટેક્સ જ માફ કરશે : સામાન્ય મુંબઈગરાઓની ખિસા કાપવાનું ચાલુ

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

મુંબઈ મહાનગરપાલિકાની અગાઉની ચૂંટણીમાં શિવસેનાએ મુંબઈની રહેવાસી ઈમારતોના ૫૦૦ ચોરસ ફૂટ સુધીના ઘરોનો પ્રોપર્ટી ટેકસ માફ કરવાનું આશ્વાસન આપ્યું હતું. આ નિર્ણયનો અમલ કરવામાં આવ્યો હતો, પણ હવે પ્રોપર્ટી ટેક્સ અંતર્ગત આવનારા દસ ટેકસ પૈકી ફકત સામાન્ય ટેકસ જ માફ કરવામાં આવનાર હોવાથી અન્ય નવ ટેકસ ભરવા પડશે.

મહાનગરપાલિકાની તિજોરી લૂંટીને સત્તાધીશો ધનાઢ્યો પર મહેરબાન થઈ રહ્યા હોવાનો આરોપ ભાજપના આશિષ શેલાર દ્વારા લગાડવામા આવ્યો છે. 'મુંબઈ મહાનગરપાલિકાના ૨૦૨૦-૨૧ના બજેટની વર્તમાન સ્થિતિ અત્યંત ગંભીર છે. મુંબઈ મહાનગર પાલિકાના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટના નાણાકીય જોગવાઈઓમાંથી, ૪૮% ભંડોળ ડિસેમ્બર સુધીમાં ખર્ચવામાં આવ્યો છે. પાલિકાએ કુલ આવકમાંથી માત્ર ૪૦% આવક જ વસૂલ કરવામા સફળતા મળી છે.. વાહ રે વાહ સત્તાધારી. શ્રીમંત પાલિકાને નાદારીના ઉંબરે લાવી દીધી. આ જ છે તમારી કરીને દેખાડેલી કામગીરી!', એવો ટોણો શેલારે શિવસેનાને માર્યો હતો.

'બિલ્ડરોને પ્રીમિયમમાં ૫૦ ટકા છૂટ, કોન્ટ્રાકટરોને કેશ ડિપોઝિટ અને બૅંક ગેરન્ટીમાં છૂટ, એડવર્ટાઈઝરને લાઈસન્સ ફીસમાં ૫૦ ટકા છૂટ, હોટેલ માલિકોને પ્રોપર્ટી ટેક્સમાં ત્રિમાસિક માટે ૧૦૦ ટકા છૂટ. તાજ હોટેલને છૂટ. સત્તાધીશોનો ધનાઢ્યો પર છૂટનો વરસાદ અને મહાનગરપાલિકાની તિજોરીની લૂટ! સામાન્ય મુંબઈગરાઓને ૨૦૧૫થી ૨૦૨૦ સુધી પ્રોપર્ટી ટુેકસમાંથી બાકાત કરવામાં આવ્યા. જોકે, હવે તમામ ૫૦૦ ચોરસ ફૂટથી નાના ઘરના માલિકોને પ્રોપર્ટી ટૅકસના દસ પૈકી નવ ટૅકસ ભરવા પડશે! મદદ કરવાનું તો દૂર ઉલટાનું સામાન્ય મુંબઈગરાઓના ખિસા કાપવાનું કામ શરૂ છે', એવું ટીકાસ્ત્ર શેલારે શિવસેના પર છોડ્યું હતું.

# ફ્લાઈંગ રાણી સહિત અન્ય વિશેષ ટ્રેનોને એક્સટેન્શનઃ ફ્લાઈંગ રાણી ૩૧ માર્ચ સુધી દોડાવાશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

મુબઈઃ પ્રવાસીઓની સુવિધા માટે પશ્ચિમ રેલવેમાં ફ્લાઈંગ રાણી સહિત અન્ય વિશેષ ટ્રેનોને એકસટેન્શન આપવામાં આવ્યું છે. ઉપરાંત અન્ય છ જોડી ટ્રેન પણ વિભિન્ન સ્ટેશનથી પસાર થશે, એમ પશ્ર્ચિમ રેલવેએ જણાવ્યું હતું. મુંબઈ સેન્ટ્રલ-સુરત ફ્લાઈંગ રાણી સુપરફાસ્ટ એક્સપ્રેસ દૈનિક ટ્રેન (નંબર ૦૨૯૨૧-૦૨૯૨૨)ને ૩૧મી માર્ચ સુધી એક્સટેન્શન આપવામાં આવ્યું છે. મુંબઈ સેન્ટ્રલથી સુરત વચ્ચે દોડાવાતી ફ્લાઈંગ રાણી(નંબર ૦૨૯૨૧)ને રોજ સાંજના ૫.૫૫ વાગ્યાના સુમારે સુરત માટે ટ્રેન રવાના થશે, જે રાતના ૧૦.૩૫ વાગ્યાના સુમારે સુરત પહોંચશે. એ જ રીતે સુરતથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન સવારના ૫.૪૦ વાગ્યા રવાના થશે, જે મુંબઈ સેન્ટ્રલ સવારના ૧૦.૨૦ વાગ્યે પહોંચશે. બંને દિશામાં આ ટ્રેનના હોલ્ટ સ્ટેશન અંધેરી, બોરીવલી, પાલઘર, દહાણુ રોડ, વાપી, વલસાડ, બિલિમોરા જંક્શન, અમલસાડ, નવસારી, મારોલી, સચિન અને ઉધના જંક્શન રહેશે. બાંદ્રા ટર્મિનસ-જયપુર ત્રિસાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન(૦૨૯૭૯-૦૨૯૮૦)ને બીજી ફેબ્રુઆરી સુધી દોડાવાશે. બાંદ્રા ટર્મિનસ-જયપુર સ્પેશિયલ ટ્રેન દર મંગળવાર, ગુરુવાર તથા સનિવારે બાંદ્રા ટર્મિનસથી સાંજના ૫.૦૫ વાગ્યે જયપુર માટે રવાના કરવામાં આવશે. એ જ રીતે જયુપર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન જયપુરથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે રાતના ૮.૨૫ વાગ્યાના સુમારે બાંદ્રા માટે રવાના થશે. અન્ય લાંબા અંતરની ટ્રેનમાં હિસાર-કોઈમ્બતુર વીકલી એસી સુપરફાસ્ટ ટ્રેન (નંબર ૦૨૪૭૫-૦૨૪૭૬) ત્રીજી ફેબ્રુઆરી, જયુપર-સિકંદરાબાદ વીકલી સ્પેશિયલ (૦૯૭૧૩-૦૯૭૧૪) છઠ્ઠી ફેબ્રુઆરી, અજમેર-અર્નાકુલમ વીકલી સુપરફાસ્ટ (૦૨૯૭૮-૦૨૯૭૭) પાંચમી ફેબ્રુઆરી, જજયપુર-કોઈમ્બતુર વીકલી સુપરફાસ્ટ ટ્રેન બીજી ફેબ્રુઆરી તથા જયપુર-મદ્રાસ-જયપુર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનને પાંચમી સુધી દોડાવવાનો નિર્ણય લીધો છે.

# તરૂણ મિત્ર મંડળની ઐતિહાસિક ૧૦૦મી રક્તદાન શિબીર : મુંબઈમા ૧૩ જગ્યાએ આયોજન

## હેરની ૪૦ હોસ્પીટલમા જમા કરાવ્યુ



ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

તરૂણ મિત્ર મંડળની સંસ્થા દ્વારા યોજવામા આવતા રકતદાન શિબીરનું ૧૦૦મી શિબીર મુંબઈ ૧૩ ઠેકાણે યોજી ૬૮૧૨ યુનિટ રકત ભેગુ કરી શહેરની ૪૦ હોસ્પીટલમા જમા કરાવી ઐતિહાસિક આયોજન કરવામા સંસ્થાને સફળતા મળી છે. તરૂણ મિત્ર મંડલની સંસ્થા દ્વારા વર્ષોથી નેત્રદાન, ત્વચાદાન, બુકબેંક,આરટીઆઈ માર્ગદર્શન,હોસ્પીટલોમા અન્ન વિતરણ , સ્ટોરી ઓફ મેકર્સ લાઈબ્રેરી વગેરે જેવી પ્રવૃતિઓ ચલાવવામા આવે છે.સ્વૈચ્છિક રકતદાન શિબીરની શરૂઆત ૧૯૮૦મા ૫૦ યુનિટ રક્ત ભેગુ કરીને તઃએ હતી.છેલ્લા ૪૧ વર્ષોથી ૯૯ શિબીરોનું નિયમિત રીતે આયોજન કર્યા બાદ જાન્યુઆરી ૨૦૨૧મા સંસ્થાએ સળંગ ૧૦૦મી રકત શિબીરનું આયોજન મુંબઈમા ૧૩ જગ્યાએ કર્યુ હતુ. તેમજ આ આયોજન વડે ૬૮૧૨ યુનિટ રકત ભેગુ કરી શહેરની ૪૦ હોસ્પીટલમા જમા કરાવી ઐતિહાસિક સફળતા સંસ્થાને મળી છે. સંસ્થાર અત્યાર સુધીમા ૧૦૦ શિબીરોમા ૧,૭૬,૦૦૦ થી વધુ યુનિટ રકત ભેગુ એકઠુ કરી ૫,૨૫,૦૦૦ થી વધુ જીવન બચાવવામા યોગદાન આપ્યુ હોવાનો દાવો સંસ્થાએ કર્યો છે. તેમજ ફેબ્રુઆરી ૨૦૨૧મા સંસ્થા દ્વારા ફરી રકતદાન મહોત્સવનો કાર્યક્મ મલાડ અને ગોરેગાંવમા શિબીરોનું આયોજન સંસ્થા દ્વારા કરવામા આવેલ છે.

# પીક-અપ વેન સાથે બાઈક ટકરાઈ : અકસ્માતમા બાઈક સળગી ઊઠતાં બે કિશોર ભડથું

ચક્રવાત ટીમ, મુંબઈ

અમરાવતી જિલ્લામાં પીક-અપ વેન સાથે ટકરાયા બાદ મોટરસાઈકલ સળગી ઊઠતાં બે કિશોર ભડથું થઈ ગયા હતા. આસનગાંવ પોલીસ સ્ટેશનની હદમાં પરાતવાડા નજીક આ ઘટના બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. સાર્થક વૈદ્ય (૧૭) અને નિવૃત્તિ સલાવ (૧૫) શુક્રવારે સાંજના મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે પીક-અપ વેન સાથે તેમની મોટરસાઈકલ ટકરાઈ હતી અને ૨૦થી ૩૦ મીટર દૂર સુધી ઘસડાઈ ગઈ હતી. રસ્તા પર ઘર્ષણને કારણે બાઈકની પેટ્રોલની ટાંકીમાં બ્લાસ્ટ થયો હતો અને બંને કિશોર કાંઈ વિચારે એ પહેલા તેઓ આગની લપેટમાં આવી ગયા હતા. બંનેના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. બંને કિશોર તલાની ગામના રહેવાસી હતા. સાર્થક વૈદ્ય દસમા ધોરણનો, જ્યારે નિવૃત્તિ આઠમા ધોરણનો વિદ્યાર્થી હતો.

# સાંગલીના ૯ કરોડની ચકચારભરી લૂંટ કેસમાં જામીન પર છૂટેલ આરોપીનો પીછો કરી હત્યા



ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

સાંગલીમાં ભરવસ્તીમાં એક શખ્સને તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામા આવી હતી. પીછો કરી હત્યા શહેરના ગણેશનગર વિસ્તારમાં બની હતી. કોલ્હાપુરના વારણાનગરમાં ૯ કરોડની ચોરીના કેસમાં મૈનુદ્દીન મુલ્લા તરીકે ઓળખાતો આ શખ્સ મુખ્ય શંકાસ્પદ હોવાનું સામે આવ્યુ હતુ. ૨૦૧૬માં પોલીસે સાંગલી-મિરાજ રોડ પર આવેલા બેથલેમનગરમાં આવેલા એક ઘર્માંથી મુલ્લા પાસેથી ૯ કરોડ રૂપિયા કબજે કર્યા હતા. પશ્ચિમ મહારાષ્ટ્રમાં લૂંટના મામલે સાંગલી લોકલ ક્રાઈમ બ્રાંચના તત્કાલીન પોલીસ નિરીક્ષક સહિત સાત પોલીસકર્મીની ધરપકડ કરવામાં આવી હતી.હાલમા મૈનુદ્દીન મુલ્લા જામીન પર બહાર આવ્યો હતો. સાંગલી શહેરના ગણેશનગરના અલીશાન ચોકમાં મૈનુદ્દીન મુલ્લાની હત્યા કરાઈ હતી. પીછો કર્યા બાદ ભરવસ્તીમાં રાત્રે ૯ વાગ્યાની આસપાસ મુલ્લાની હત્યા કરાઈ હતી. મુલ્લાએ ઘરમા પ્રવેશ કર્યા બાદ હુમલો કરનારાઓએ તેના પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે વિસ્તારમાં અને શહેરમાં ખળભળાટ મચી ગયો છે. બનાવની જાણ થતાં સાંગલી શહેર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અહીં લોકોની મોટી ભીડ જમા થઈ હતી. મૃતક મૈનુદ્દીન મુલ્લા કોલ્હાપુર જિલ્લાના વારણાનગરમાં ૨૦૧૬ના ૯ કરોડ રૂપિયાની લૂંટનો મુખ્ય આરોપી હતો. પશ્ચિમ મહારાષ્ટ્રમાં લૂંટના મામલે સાંગલી લોકલ ક્રાઈમ બ્રાંચના તત્કાલીન પોલીસ નિરીક્ષક સહિત સાત પોલીસ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી હતી.

# વાંકાનેર : લેબર કવાર્ટરમાં બીજા માળેથી પડી જતા યુવાનનું મોત

ચક્રવાત ટીમ, મુંબઈ, ૩૧

વાંકાનેરના વર્ધમાન સીરામીકમાં લેબર કોલોની ખાતે રહેતા બલવીસિંગ દાતારામ ગુર્જર નામના યુવાનનું બીજા માળેથી પગ લપસી જતા નીચે પ ટકાતાં તેને પગે ગંભીર ઈજા પ હોંચી હતી જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સ્ર્ટલિંગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ગંભીર ઈજાને કારણે તેનું મોત થયું હતું. આ બનાવની વાંકાનેર પોલીસ દ્વારા નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડોમ્બિવલીમાં ગામમા આવવા નકારતા પતિએ પત્નીનું ગળુ ચિરી હત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

પત્નીએ સાથે ગામ આવવાની ના પાડતાં ગુસ્સે ભરાયેલા શખ્સે તેની પત્નીનું ગળું ચિરીને હત્યા કરી હતી. આ ઘટના ડોમ્બિવલીની પૂર્વમાં શેલાર નાકા વિસ્તારમાં બની હતી. મૃતકની ઓળખ મનીષા યાદવ તરીકે થઈ હતી.આઘાતજનક રીતે તેના પતિ શિવકુમારે હત્યા કર્યાની ઘટના બાબતે તિલકનગર પોલીસને ફોન કરીને જાણ કરી આ કૃત્યની કબૂલાત કરી હતી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને શિવકુમાર યાદવની ધરપકડ કરી હતી. શિવકુમાર યાદવ તેની પત્ની મનીષા અને બે બાળકો સાથે ડોમ્બિવલીની પૂર્વમાં શેલાર નાકા વિસ્તારમાં હરિ ઓમ મ્હત્રે વિસ્તારની ચાળીમાં રહેતો હતો. શિવકુમાર આજે તેની પત્ની સાથે ગામ જવા ઈચ્છતા હતા, તેથી તેણે બંનેની ટિકિટ લીધી હતી. આ માટે શિવકુમારે સવારે પત્ની મનિષાને ગામમાં જવા સાથે આવવાની વિનંતી કરી. પરંતુ તેણીએ ના પાડતાંની સાથે જ શિવકુમાર ગુસ્સે થયો હતો. શિવકુમારે મનીષાને ગળા પર છરી વડે હુમલો કર્યો હતો.જેમા મનિષાનુ ગળુ ચિરાતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ બન્યો ત્યારે તેનો મોટો પુત્ર કોઈ કામસર બહાર ગયો હતો. ૧૧ વર્ષનો છોકરો ઘરે હતો .તેમણે તેની માતાને લોહીલુહાણ થયેલી જોતા છોકરો ગભરાઈ ગયો. આ ઘટના બાદ શિવકુમારે તિલક નગર પોલીસને બોલાવી કબૂલાત આપી હતી કે તેણે તેની પત્નીની હત્યા કરી છે. પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ શિવકુમારની ધરપકડ કરી હતી અને તેની સામે ગુનો નોંધ્યો હતો. દરમિયાન આ ઘટનાથી ડોમ્બિવલી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

# પાસરોડા પાટીયાના મુવાડાના ગ્રામજનો દ્વારા ચુટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો



ચક્રવાત ટીમ મહીસાગર,તા.૩૧

મહીસાગર જીલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા પંચાયતના પાટીયાના મુવાડા ના લોકોને રસ્તાની સુવિધા ન મળતાં ગ્રામજનોએ ઈલેકશનનો બહીસ્કાર કરવાનો માર્ગ અપનાવ્યો, લોકોના જણાવ્યા પ્રમાણે ૩ કિલોમિટર જેટલો રસ્તો કાચો હોવાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, રસ્તો પાકો બનાવવા માટે સરપંચ થી લઈ ધારાસભ્ય તેમજ સંસદ સભ્ય સુધી રજુઆત કરવા છતાં રસ્તાની સુવિધા ન મળતાં છેવટે ઈલેક્શન બહીસ્કારનો માર્ગ અપનાવ્યો.આમ ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામા આવ્યો છે કે ૩૫ વર્ષથી કાચો રસ્તો હોવાના કારણે અમારે અવરજવર કરવા માટે અનેક મુશ્કેલીઓને સામનો કરવો પડે છે.પંચાયતમા પણ અનેક વખત રજુઆત કરવામાં આવી છે છતા પણ પંચાયત દ્વારા કોઈ પણ કામગીરી હાથ ધરવામાં આવી નથી.અમે વારંવાર સરપંચ તથા ધારાસભ્ય તેમજ સાંસદ પણ રજુઆત કરી છે પણ અમારી રજુઆત માત્ર એક શોભાના ગોઠીયા સમાન હોય તેમ ગણીને તંત્ર દ્વારા નકારી કાઠવામા આવેલ છે.

# બુલડેક્સ ફ્યુચર્સમાં ૪૬૨ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૩૭૯ પોઈન્ટની સાપ્તાહિક મૂવમેન્ટ

ચક્રવાત ટીમ, મુંબઈ,૩૧

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૫થી ૨૧ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં તેજીનો માહોલ હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટીને બંધ થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન) અને કપાસમાં સુધારાના સંચાર સામે સીપીઓ, મેન્થા તેલ અને રબરમાં નરમાઈ હતી. દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૩૩૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૫૫૦ અને નીચામાં ૧૫,૦૮૦ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૪૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૮૪ પોઈન્ટ વધી ૧૫,૪૫૧ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૭૪૩ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૩૭૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૧૧૨ પોઈન્ટ વધીને ૧૩,૮૩૨ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૦૮૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૭૬૫ અને નીચામાં રૂ.૪૮,૫૩૭ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૨૭ની વૃદ્ધિ સાથે રૂ.૪૯,૪૪૮ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯,૬૪૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૧૧ના ભાવઘટાડા સાથે રૂ.૩૯,૪૯૪ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૯૧૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૭ ઘટી બંધમાં રૂ.૪૮૭૬ના ભાવ થયા હતા. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૫,૯૭૮ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૭,૮૪૮ અને નીચામાં રૂ.૬૪,૧૧૪ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૬૧૭ના ભાવવધારા સાથે રૂ.૬૭,૩૦૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૬,૧૯૭ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૦૬ના ભાવવધારા સાથે રૂ.૬૭,૨૭૧ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૬,૪૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૮૭ના સુધારા સાથે બંધમાં રૂ.૬૭,૨૫૩ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૯૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૯૪૨ અને નીચામાં રૂ.૩,૮૦૯ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૪ના ઘટાડા સાથે બંધમાં રૂ.૩,૮૯૪ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૫.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬.૯૦ ઘટી રૂ.૧૮૦.૭૦ થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૨૧૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮.૫૦ સુધરી રૂ.૧,૨૧૯.૫૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૧,૧૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૧,૩૨૦ અને નીચામાં રૂ.૨૧,૦૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧૦ના સુધારા સાથે રૂ.૨૧,૨૭૦ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જાન્યુઆરી વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૬૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૬.૭૦ ઘટી રૂ.૯૩૦.૪૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૪૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૫,૬૭૫ અને નીચામાં રૂ.૧૫,૨૬૬ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૫ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૩૦૮ના ભાવે બંધ થયો હતો.

# સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં હવે જનતા ગેરેજ ગ્રુપના યુવાનો ઝંપલાવશે



ચક્રવાત ટીમ, તા.૩૧

૫૧ નગરપાલિકાની આવનારા સમયમાં ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. ત્યારે ગીરસોમનાથની ૬ નગરપાલિકા માંથી સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણી રસાકસી થવા જઈ રહી છે, સુત્રાપાડાના જનતા ગેરેજ ગ્રુપ દ્વારા નગરપાલિકાની ચૂંટણી લડવા નિર્ણય કર્યો છે, જનતા ગેરેજ દ્વારા મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં નગરપાલીકા દ્વારા ભ્રષ્ટાચાર સહિત મુદા પર ચર્ચા કરવામાં આવી હતી ત્યાર બાદ નગરપાલિકા લડી લેવાના મૂડ જોવા મળ્યા. કોંગ્રેસ હોય કે ભાજપ બંને પક્ષોના કારણે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. પ્રદૂષિત પાણી, ભૂગર્ભ ગટર તેમજ ઉબડ ખાબડ રસ્તાઓથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જેને લઈને આગામી નગરપાલિકાની ચૂંટણીમાં જનતા ગેરેજ ગુર્પ દ્વારા લોકોના સ્પર્શતા વિવિધ મુદ્દાઓને લઈને લોકોના ઘર સુધી જશે. સુત્રાપાડા નગરપાલિકામાં કોળી સમાજનું પ્રભુત્વ રહ્યું છે, ત્યારે જનતા ગેરેજના યુવાનો પણ નગરપાલિકાની ચૂંટણીમાં જંપલાવશે. સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં જનતા ગેરેજના યુવાનો ચૂંટણી લડે તો વોર્ડ નંબર ૧, ૨ અને ૬ માં ત્રિપાંખિયો જંગ ખેલાય એવી શક્યતા વર્તાય રહી છે.

# ઉનાના કાજરડી ગામનો યુવાન CISFમાં પસંદગી પામ્યો



ચક્રવાત ટીમ ઉના, તા.૩૧

ઊના તાલુકાના કાજરડી ગામે રહેતા અક્ષય પોલાભાઈ રાઠોડ પોતાનું લક્ષ હાંસલ કરવા સતત પોતાની મહેનત સફળ થયેલ હતી. આ યુવાને કેન્દ્રીય ઔદ્યોગીક સુરક્ષા દળમાં પસંદગી પામતા આ સફળતા બદલ રાઠોડ પરીવાર તેમજ કોળી સમાજનું ગૈવર વધારેલ છે.

# લોકલ ટ્રેનમાં પ્રવાસીઓની ભીડ વધી જવાના કારણે જંબો કોવિડ સેન્ટરની સુવિધા ૩૧ માર્ચ સુધી ચાલુ રહેશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

સામાન્ય નાગરિકોને પહેલી ફેબ્રુઆરીથી લોકલ ટ્રેનમાં પ્રવાસ કરવાની મંજૂરી મળ્યા બાદ લોકલ ટ્રેનમાં પ્રવાસીઓની ભીડ વધી જવાના કારણે મુંબઈ મહાનગરપાલિકાએ ૩૧ માર્ચ સુધી જંબો કોવિડ સેન્ટર ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. રાજય સરકારે સામાન્ય નાગરિકો માટે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરવાની મંજૂરી આપવામાં આવ્યા બાદ લોકલ ટ્રેનોમાં ભીડ થવાની છે. લોકલ ટ્રેનમાં ભીડ વધી જતા કોરોના દર્દીઓની સંખ્યા વધવાની શંકાને જોતા મુંબઈ મનપાએ સાવચેતીના પગલે ૬ જંબો કોવિડ સેન્ટરને ૩૧ માર્ચ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. ૩૧ માર્ચ સુધી ૬ જંબો કોવિડ કેયર સેન્ટરને ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવેલી જાણકારી મનપાના એડિશનલ કમિશનર સુરેશ કાકાણીએ આપી હતી. કાકાણીએ જણાવ્યું હતું કે કોરોનાનો ચેપ ભલે નિયંત્રણમાં આવ્યો હશે, પરંતુ કોરોનાનું જોખમ હજી ટળયુ નથી. સામાન્ય નાગરિકોની લોકલ ટ્રેનમાં ભીડ વધાવાની પુરેપૂરી શક્યતાને નજર અંદાજ નથી કરી શક્તા, એટલે ૩૧ માર્ચ સુધી ૬ જંબો કોવિડ સેન્ટરને ચાલુ રાખવાનો નિર્ણયની સાથે મનપાની અને ખાનગી હૉસ્પિટલોમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવશે. દહિસર જંબો કોવિડ સેન્ટર, ગોરેગાંવ નેસ્કો જંબો કોવિડ સેન્ટર, બીકેસી કોવિડ સેન્ટર, વરલી ડોમ, મુલુંડ જંબો કોવિડ સેન્ટર અને ભાયખલાના રિર્ચડ સન્સ ઍન્ડ ક્રુડ્સ આ ૬ જંબો કોવિડ સેન્ટરને ૩૧ માર્ચ સુધી ચાલુ રાખવામાં આવશે.

# થાણેમાં રેતી ચોરનારાઓ સામે કાર્યવાહી, ૮૦ લાખ ૯૪ હજારની ચીજવસ્તુઓનો નાશ



ચક્રવાત ટીમ, મુંબઈ ૩૧

લોકડાઉનમાં તમામ વ્યવહારો બંધ હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ અને તેમની જરૂરી રેતીનો ધંધો ચાલુ હતો. લોકડાઉનમાં મોટા પ્રમાણમાં રેતીની ગેરકાયદેસર ચોરી પણ થઈ રહી હતી. પરંતુ લોકડાઉન બાદ રેતી માફિયાઓ બહાર પર આવી ગયા છે. ગેરકાયદેસર રેતી ખનન ચાલી રહ્યું હોવાની બાતમી તહસિલદારને મળી હતી. તહેસીલદારે કરેલી કાર્યવાહીમાં ૮૦ લાખ ૯૪ હજારની ચીજોનો નાશ કરવામાં આવ્યો છે. `મહેસૂલ વિભાગના અધિકારીઓને માહિતી મળી હતી કે ગેરકાયદેસર રેતી ખનન ચાલી રહ્યું છે પ્રાપ્ત માહિતી અનુસાર મહેસૂલ્ની ટીમે મુમ્બ્રા ક્રીક અને ખાડીના કિનારે રેતી ખનન પર છાપો માર્યો હતો. ખાડી કિનારે ૫૦ થી ૬૦ બ્રાસ રેતીનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો છે. મહેસૂલ ટીમના જણાવ્યા મુજબ માલની કુલ કિંમત આશરે ૮૦ લાખ ૯૪ હજાર રૂપિયા છે. થાણેમાં રેતીના અનેક ચોરો કાર્યરત છે, જેની સામે અનેક વખત કારવાહી કરવામાં આવી છે. જોકે, ગેરકાયદેસર રેતી માફિયાઓ દ્વારા ખોદકામ અને પરિવહન હજુ ચાલુ છે. ખાસ વાત એ છે કે રેતી તસ્કરો રાત્રે અને જાહેર રજાના દિવસે મોટા પ્રમાણમાં રેતી ખોદકામ કરે છે.

# ધોકડવાની રાવલ ડેમ નજીક નદીમાં મહાકાય મગર આવી ચડતા ભયનો માહોલ ફેલાયો



ચક્રવાત ટીમ, તા.૩૧

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામની રાવલ ડેમ નજીક નદીમાં એક મહાકાય મગર આવી ચડતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ધોકડવા નજીક આવેલ રાવલ ડેમ નજીક નદીમાંથી કડકડતી ઠંડીના માહોલ વચ્ચે સૂર્ય ઉગતાની સાથે મહાકાય મગર નદીના પાણી માંથી બહાર આવી સૂર્ય સ્નાન કરતી નજરે પડતા લોકોમાં અફડા તફડી મચી ગયેલ હતી. જોકે ગીર જંગલ માંથી પસાર થતી નદીઓમાં મગરો આવી ચડેલ હોય છેલ્લા ત્રણેક માસમાં એક યુવતી તેમજ એક વૃધ્ધને મગરે પાણીમાં ખેચી લઈ જઈ મોત નિપજાવ્યુ હતું. અને ઉના શહેરના રહેણાંક વિસ્તારમાં પણ મગર આવી ચડ્યાની ઘટનાઓ બની છે. ત્યારે ધોકડવાની રાવલ ડેમ નજીક નદીમાં સુર્ય સ્નાન કરતી મગર કેમેરામાં કેદ થયેલ હતી.

# ઊના પાલિકા દ્વારા બાકી મિલ્કત વેરાની વસુલાત ઝૂંબેશ હાથ ધરાઈ

## રીલાયન્સ આર કોમના બે ટાવર ન.પા.દ્વારા સીલ કરાયા



ચક્રવાત ટીમ ઊના, તા.૩૧

ઊના નગર પાલીકા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી મિલ્કત વેરો બાકી હોય અને ન.પા.દ્વારા બાકી મિલ્કત વેરા અંગે અવાર નવાર નોટીસો પાઠવવા છતાં પણ આસામી દ્વારા મિલ્કત વેરો ભરવામાં આવતો ન હોય ઉના ન.પા. દ્વારા મિલ્કત વેરા વસુલવા ઝુંબેશ હાથ ધરવામાં આવતા મિલ્કત વેરો ભરવામાં બાકીદાર આસામી ઓમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. ઉના ન.પા.ના ચિફ ઓફીસરની સુચનાથી વેરાવસુલ અધિકારી અશ્વિનભાઈ જોષી, પુંજાભાઇ, પ્રતિકભાઈ પરમાર, તેમજ પ્રફુલભાઈ પરમાર સહીતનો સ્ટાફ મિલ્કત વેરા ઓની વસુલાત ઝુંબેશ અંતર્ગત વર્ષોથી મિલ્કત વેરો ભરપાઈ ન કરતા આસામી ઓની મિલ્કતો સીલ કરવાની કામગીરી ન.પા.દ્વારા હાથ ધરવામાં આવેલ જેના ભાગરૂપે આજ રોજ મિલ્કત સીલ કરવા જતાં બે આસામીઓ દ્વારા સ્થળ પરજ રૂ. ૧,૯૮,૮૨૪ સ્થળ પરજ ભરપાઈ કરી આપેલ આ સીવાય શહેરમાં રીલાયન્સ આર કોમના ટાવરના મિલ્કત વેરાના છેલ્લા ઘણા સમયથી રૂ.૧૦,૮૬,૪૧૬ બાકી હોય જે રકમ ભરપાઈ ન થયેલ હોય ન.પા. દ્વારા આ બન્ને ટાવર સીલ કરી દેવામાં આવેલ અને આગામી દિવસોમાં બાકી મિલ્કત વેરા વસુલાતની ઝુંબેશ શરૂ રહેશે. ત્યારે જે કોઈના મિલ્કત વેરા બાકી હોય તેમણે મિલ્કત વેરા ભરી જવા ન.પા. દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

# દીપડાથી બચવા વિઠ્ઠલપુરમાં સરપંચના અધ્યક્ષસ્થાને રાત્રી સભા યોજાઈ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૩૧

વિઠ્ઠલપુર ગામે થોડા દિવસ પેહલા ભેડા અજિત ભાઈ ઉપર દીપડા દ્વારા હુમલો કરવામાં આવેલ અને અજીતભાઈ મૃત્યુ પામેલ પરંતુ ૨૦ દિવસ જેટલો સમય જતા દીપડો હજુ સુધી પકડાયો નથી જેના અનુસંધાને સરપંચ પ્રતાપભાઈ મહિડા દ્વારા જંગલ ખાતા ના અધિકારીઓ સાથે ગામલોકો ની રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યા માં ગામ લોકો જોડાયા હતાં. આટલા દિવસ છતાં દીપડો ના પકડાયો હોય લોક ભય હેઠળ જીવે છે લોકોમાં એક ડર છે કે દીપડો ફરી કોઈ ઉપર જીવ લેણ હુમલો કરશે તો આવા વેંધક સવાલો વસે લોકો એ સાંજના સમયે ઘર બહાર નીકળવાનું બંધ કરી દીધું છે કોડીનાર આલિદર રસ્તો પણ ૭ વાગ્યા પછી સુમસામ થઈ જાય છે. કોઈ વાહન પણ નીકળ તું નથી ગામના બધાં લોકો ડરના કારણે વાડીઓ માં રેવાનું છોડી દીધું છે, જો દીપડો ના પકડાય તો કલેક્ટર સાહેબ ને આવેદન આપી ને જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવશે. લોકો માં આક્રોશ છે કે દીપડો વહેલી તકે પકડાય બાકી મોટી બીજી આવી ઘટના બનશે. આ બાજુ અજીત ભાઈની યાદમાં ગ્રામ પંચાયત દ્વારા અજીત અસ્થિ બેન્કની સ્થાપના કરવામાં આવી છે. પંચાયત દ્વારા દર વર્ષે અસ્થિ ઓને હરિદ્વાર ગંગા નદી માં પંચાયતના ખર્ચે પધરાવવામાં આવશે આમ લોકોની આસ્થા ઓ ધ્યાને રાખી અસ્થિઓનું માં ગંગા માં વિલીન થાય તેવી આયોજન પણ કરવામાં આવ્યું.

# ઊનામાંથી જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

ચક્રવાત ટીમ ઊના, તા.૩૧

ઊનામાં ધુળકોટીયા પાસે તિનપતીનો જુગાર રમતા હોવાની બાતમી આધારે પોલીસે રેઈડ કરતા સાત શખ્સોને મુદામાલ સાથે પકડી પાડેલ હતા. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ પરબત રાજા વાજા, મગન અરજણ બાંભણીયા, રાજુ ગાંડા બારૈયા, અરજણ નાનુ રાઠોડ, પરેશ ઉકા બાંભણીયા, સંજય છગન મકવાણા તેમજ અશ્વિન બાવુ પરમાર આ તમામ શખ્સો જાહેરમાં તિનપતીનો હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી આધારે પોલીસે રેઈડ કરી હતી. અને રેઈડ દરમ્યાન સાત શખ્સોને રોકડ રકમ રૂ.૧૩૮૦ સહીતના મુદામાલ સાથે ઝડપી પાડી સંદિપભાઈ ઝટકાટે પોલીસમાં ફરીયાદ નોધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# વેરાવળમાં વોર્ડ નં. ૮ નાં ભાજનાં પૂર્વ નગરસેવક દેવેન્દ્રભાઈ મોતીવરસે કોંગ્રેસનો પંજો ધારણ કર્યો



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૩૧

વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલીકાની ચુંટણીના પડઘમ વાગી ચુકયા હોવાથી બન્ને પક્ષો તૈયારીઓમાં વ્યસત બન્યા છે ત્યારે ભાજપનાં નગરસેવક કોંગ્રેસમાં જોડાતાં શહેરનું રાજકારણ ગરમાયું છે. વેરાવળ ખાતે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને ૯૦-સોમનાથનાં ધારાસભ્ય ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને શહેર કોંગ્રેસની મીટિંગ મળેલ જેમાં વેરાવળ નગરપાલિકામાં ભાજપ પક્ષમાંથી સતત બે ટર્મથી ચૂંટાઈ આવતા નગરસેવક એવા દેવેન્દ્રભાઈ મોટીવરસે કાર્યકરો સાથે વિધિવત રીતે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરી કોંગ્રેસ પક્ષ સાથે જોડાયા અને જણાવેલ કે આવનારી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો સ્પષ્ટ બહુમતીથી ભવ્ય વિજય થશે. આ મીટિંગમાં તાલાળાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, જિલ્લા કોંગ્રેસ સમિતિ, તાલુકા કોંગ્રેસ સમિતિ, શહેર કોંગ્રેસ સમિતિ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યઓ તેમજ નગરસેવકો તથા આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ભાજપને બાય બાય કરવા અંગે નગરસેવક દેવેન્દ્ર મોતીવરસે એક વાતચીતમાં જણાવેલ કે, મુખ્ય બે કારણોને લઈ નારાજગી હોવાથી ભાજપ છોડી છે. જેમાં એક કારણ ઘણા વર્ષોથી ખારવા સમાજ ભાજપને તન-મન-ધનથી સમર્થન આપી રહયો છે. ભાજપની કેન્દ્ર અને રાજય બન્ને સરકારો પાસે અમારા સમાજએ જે અપેક્ષા રાખેલ તે પરીપુર્ણ થઈ રહેલ ન હોવાથી આજની તારીખે પ્રાથમીક સુવિધા પરીપૂર્ણ કરાતી ન હોવાથી અમોને નારાજગી હતી.

# કોડીનાર મધુવન -સરદાર નગરમાં પોલીયો રવિવારની ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૩૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં આંગણ વાડી કેન્દ્ર દ્વારા પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. તેમા આજે ૦ થી ૫ વર્ષની ઉંમરના બાળકો ને પોલિયો નાં ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા વિના મૂલ્યે બાળકો ને રસીકરણ કરવામાં આવે છે તેમજ પીવડવામાં આવે છે. નાના બાળકોની રોગ પ્રતિકારક શક્તિઓ પણ વધુ સારી બનાવે છે અને વિવિધ બીમારી સામે પણ રક્ષણ પુરૂ પાડે છે. પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી દરેક વાર જરૂરથી પિવડાવી જોઈએ.પોલિયોના બે ટીપાં પિવડાવીને ગુજરાતને કરીશું પોલિયો મુક્ત એ બેનર હેઠળ સમગ્ર કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. તારીખ ૩૧ જાન્યુઆરી પોલિયો રવિવાર કોડીનાર માં જ નહિ સમગ્ર ગુજરાતમાં આંગણવાડી કર્મચારીઓ દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી. ઘરે ઘરે પ્રચાર અને પ્રસાર કરવાનું અને રસીકરણ માટે બાળકોને કેન્દ્ર સુધી લઈ આવવું તે ખૂબ જ પરિશ્રમ નું કાર્ય હતું. સમગ્ર કોડીનારમાં પોલિયો રવિવાર અભિયાન અંતર્ગત કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

# ઉના : બુટલેગરને પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો



ચક્રવાત ટીમ ઉના, તા.૩૧

સ્થાનીક સ્વરાજની ચુંટણીને ધ્યાને રાખી ઊના તાલુકામાં માથાભારે ગુંડાતત્વો તથા અસામાજીક પ્રવૃતિ કરનાર વિરૂધ્ધ યોગ્ય અટકાયતી પગલા લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરેલ હતી. ઉનામાં દારૂના ગુન્હામાં અવાર નવાર ઝડપાયેલ અશ્વિન કરશન મજેઠીયા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં અનેક ફરીયાદ નોધાયેલ હોય આ અંતર્ગત પી આઈ વીએમ ચોધરી તેમજ સર્વેલન્સ સ્ટાફના પી પી બાંભણીયા, સંદિપભાઈ સહીતની ટીમ દ્વારા અશ્વિન કરશન મજેઠીયાની અટકાયત કરવામાં આવી હતી. અને આ બુટલેગરને અમદાવાદ સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધેલ છે. આમ ઉના પોલીસની કામગીરીથી અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

# કોડીનાર તાલુકાનાં પેઢાવાડા ગામની ગરીબ પરિવારની દીકરીએ જુડોમાં ગોલ્ડ મેડલ મેળવી પરિવારનું નામ કર્યુ રોશન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૩૧

દેશમાં યોજાતી ખેલો ઈન્ડિયા સ્પર્ધામાં ગોલ્ડ મેડલ સહિત અનેક સ્પર્ધામાં નામ કર્યું રોશન.ગીર સોમનાથ જીલ્લા ના કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામના રીક્ષા ચાલક પિતાની પુત્રી જુડો મન નેશનલ લેવલે ગોલ્ડ મેડલ મેળવી કોડીનાર તાલુકા અને ડોડીયા પરીવાર નું નામ રોશન કર્યુ છે.કોડીનાર ના પેઢાવાડા ગામેં રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા ભુપતભાઈ ડોડીયા રીક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. બે દીકરી, એક દીકરો અને પતિ-પત્ની આમ કુલ પાંચ લોકોનો આ પરિવાર માત્ર ભુપતભાઈ રોજગારી પર નિર્ભર છે. પરંતુ ભુપતભાઈનાં પરિવારે ક્યારેય કલ્પના ન કરી હોય તેમ તેમના પરિવારની એક દસમાં ધોરણમાં અભ્યાસ કરતી દીકરીએ જુડો ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરી પોતાનું નામ ગીર સોમનાથ સહિત ગુજરાતમાં રોશન કર્યુ છે.સરકારે જુડો ચેમ્પિયન સોનલ ડોડિયાની કુશળતા પિછાણી તેના અભ્યાસ અને જુડોની તાલીમનો પૂરો ખર્ચ ઉપાડી લીધો છે.આ દીકરીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૂત્ર 'બેટી બચાઓ, બેટી પઢાઓ' સૂત્રને સાર્થક કર્યુ છે.કોડીનાર તાલુકાના નાનકડા ગામ પેઢાવાડા ગામની બહાદુર દીકરી આજે દેશની જુડો ચેમ્પિયન બની ચુકી છે.ખેલો ઈન્ડિયા સ્પર્ધા-૨૦૨૦ માં નેશનલ ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ હાંસલ કર્યો. પ્રથમ વખત જુડોમાં આ છોકરીની પસંદગી રાજકોટ ખાતે થઈ હતી.ખેલ મહાકુંભ દરમિયાન જુડોમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, ત્યારબાદ નડિયાદ એકેડેમી ખાતે એડમિશન મેળવી એકેડેમીમાં સખ્ત મહેનત કરી 'ખેલો ઈન્ડિયા' માં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.અને સતત આગળ વધતી ગઈ.આજ સુધીમાં આ છોકરીએ ૬ ગોલ્ડ મેડલ, બ્રોન્ઝ અને સિલ્વર સહિત કુલ ૧૯ મેડલ જુડોમાં મેળવ્યા છે. 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' તે સમજી ચુકેલી આ છોકરી પેઢાવાડા ગામમાં પોતાના નાકડા ઘરમાં રહે છે.

# યુવા કર્મશીલ માનવ બૌદ્ધ અને નિરૂબેન બૌદ્ધના ઘરે પુત્રના જન્મ પર ખૂબ ખૂબ શુભેચ્છાઓ





ચક્રવાત ટીમ, તા.૩૧

પોરબંદરના યુવા કર્મશીલ આયુ. માનવ બૌદ્ધ અને નિરુબેન બૌદ્ધના ઘરે પુત્રના જન્મ થયો છે એ તકે ખૂબ ખૂબ અભિનંદન. આ ધરા પર બાળકના મૈત્રીપૂર્ણ સ્વાગત સાથે ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રહિત અને બહુજન વિચારધારા માટે શ્રેષ્ટ નેતૃત્વ કર્તા બને તે અર્થ અઢળક મંગલ કામનાઓ.

# કોડીનાર : બી.આર. જરગેલા લાંબી સેવાઓ બાદ નિવૃત થયા



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૩૧

૩૮ વર્ષ ને ૪ માસ ની લાંબી ઈનિંગ જિ.આઈ.ઈ.ટી અમદાવાદ થી નાયબ નિયામક તરીકે નિવૃતિ પામતા બી. આર. જરગેલા ના નિવૃત્તિ અને સન્માન કાર્યક્રમ માં નાયબ નિયામક સમગ્ર શિક્ષા અભિયાન શ્રી ખરાડી સાહેબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમદાવાદ મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે ૩૧/૦૧/૨૦૨૧ વય નિવૃતિ (૩૮ વર્ષને ૪ માસની નોકરી પૂર્ણ કરી હતી, જેમાં સરકારી સેવા સાથે લોક સરાહના અને ચાહના પણ મેળવી હતી. તેમની કારકીર્દીની સફર ૨૧/૦૧/૧૯૬૩ થી ૨૧/૦૧/૨૦૨૧માં તેમની જીવન તવારીખમાં તેમનો ઈતિહાસ જોવા મળે છે, તેમણે એક શિક્ષક તરીકે પોતાની સેવા શરૂ કરી ૦૬/૦૯/૧૯૮૨ થી ૨૭/૦૩/૧૯૮૪:-પ્રાથમિક શિક્ષક શારદાગ્રામ જિઃ- જુનાગઢ (ગ્રાન્ટેડ) ત્યાર બાદ તારીખ ૨૮/૦૩/૧૯૮૪ થી ૦૯/૦૧/૧૯૯૨ તેમણે પ્રાથમિક શિક્ષક તરીકે જિલ્લા શિક્ષણ સમિતિ, સુરેન્દનગર, ૩૨૫/-રૂ ફીક્સ પગાર માં પણ સેવા કરી હતી, જુના જસાપર/ થોરીયાળી તા સાયલા, જિઃ-સુરેન્દનગર ત્યાર બાદ ૧૦/૦૧/૧૯૯૨ થી ૦૬/૦૭/૧૯૯૮:-ઉચ્ચત્તર માધ્યમિક શાળા માં શિક્ષક તરીકે (ગ્રાન્ટેડ શાળા) ભ.ભા. વિધ્યાલય કોડીનાર જિ.ગીર સોમનાથમાં સેવા આપી હતી. તારીખ ૦૭/૦૭/૧૯૯૮ થી ૦૧/૧૧/૨૦૦૦ તેમણે આચાર્ય તરીકે (ગ્રાન્ટેડ શાળા) શ્રી ગ્રામ વિધ્યાલય લોકશાળા ધજાળા સંચાલિત લા.મા. વોરા ઉ.બુ. વિધ્યાલયથી શરૂઆત કરી એક પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે નોકરી ની શરૂઆત કરી ને આટલા ઉચ્ચ હોદા પર થી સરકારી નોકરી પૂર્ણ કરી તારીખ ૩૦/૦૧/૨૦૨૧ ના રોજ વય નિવૃત થતા ગૌરવ ની લાગણી થાય છે, ગૌરવમય સરકારી સેવા યાત્રા અને એક સામાન્ય કર્મચારી માથી અંતે અધિકારી તરીકે નિવૃત થવું એ અગત્યની બાબત ગણાવી શકાય.

# ૮૭ વર્ષમાં પ્રથમ વખત નહીં યોજાય રણજી ટ્રોફી : વિજય હઝારે, મહિલા ટૂર્નામેન્ટ અને વીનૂ માંકડ ટ્રોફીની તૈયારી શરૂ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

કોરોના પછી બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન્ડિયા ભારતમાં સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં સફળ રહ્યું છે. હવે બોર્ડ વિજય હજારે, મહિલા વનડે ટૂર્નામેન્ટ અને વિનુ માંકડ અંડર -૧૯ ટ્રોફીનું પણ આયોજન કરશે. બોર્ડ સેક્રેટરી જય શાહે રાજ્યના તમામ એસોસિયેશનને પત્ર લખીને આ માહિતી આપી છે. ૮૭ વર્ષના ઈતિહાસમાં આ પહેલીવાર બનશે જ્યારે કોઈ વર્ષે રણજી ટ્રોફીનું આયોજન નહીં થાય.

તાજેતરમાં સચિવે તમામ સ્ટેટ એસોસિયેશનને પત્ર લખીને વિજય હજારે અને રણજી ટ્રોફીમાં એક ટૂર્નામેન્ટ યોજવા સૂચનો માગ્યા હતા. મોટાભાગના રાજ્યો વિજય હજારે ટૂર્નામેન્ટના સમર્થનમાં છે, કેમ કે તે વનડે ફોર્મેટમાં થાય છે. જ્યારે રણજી ટૂર્નામેન્ટ ટેસ્ટ ફોર્મેટમાં રમવામાં આવે છે. સૈયદ મુસ્તાક અલી ટૂર્નામેન્ટમાં રમનારા એક ક્રિકેટરે કહ્યું હતું કે, રણજીને બદલે વિજય હજારે ટૂર્નામેન્ટ આઈપીએલ પહેલા કરવામાં આવે તો સારું. તેમણે કહ્યું કે, આશા છે કે આઈપીએલની ૧૪મી સીઝનની હરાજી પહેલા અમને કેટલીક વધુ મેચ રમવા માટે મળશે. આ ખેલાડીઓ, ખાસ કરીને યુવાનોને એક અથવા વધુ IPL ફ્રેન્ચાઈઝને પ્રભાવિત કરવાની તક આપશે.

દેશમાં ઈન્ટરનેશનલ ક્રિકેટની વાપસી થઈ રહી છે. ભારત અને ઈંગ્લેન્ડ ૪ ટેસ્ટ, ૫ ટી ૨૦ અને ૩ વનડે મેચ રમશે. પ્રથમ ટેસ્ટ ૫ ફેબ્રુઆરીથી ચેન્નાઈમાં રમાશે. ત્રણેય શ્રેણીની તમામ મેચ ચેન્નાઈ, અમદાવાદ અને પુણેમાં યોજાશે.

કોરોના વચ્ચે ૧૦ જાન્યુઆરીથી સૈયદ મુસ્તાક અલી ટી ૨૦ ટૂર્નામેન્ટ રમાઈ રહી છે. તેની ફાઈનલ ૩૧ જાન્યુઆરીએ તમિલનાડુ અને બરોડા વચ્ચે રમાશે. આ ટૂર્નામેન્ટ બાયો-સુરક્ષિત વાતાવરણમાં રમવામાં આવી રહી છે.

# ફિલ્મ કેજીએફ ચેપ્ટર ટુ ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ થશે રીલીઝ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

રોકિંગ સ્ટાર કન્નડ યશની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ કેજીએફ ૨ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. વિજય કિરગંદુર નિર્માતા અને પ્રશાંત નીલ દિગ્દર્શિત આ ફિલ્મનો પહેલો ભાગ સફળ રહ્યો હતો પરંતુ હવે કેજીએફ ૨)ની જાહેરાતનું વાતાવરણ સર્જાયું છે જોઈને લાગે છે કે ફિલ્મ સિનેમા જગતમાં એક નવો રેકોર્ડ બનાશે. .આ મલ્ટિસ્ટારર ફિલ્મના ટીઝરએ એક એવો ઈતિહાસ રચ્યો છે. ૧૦૦ મિલિયનથી વધુ વ્યૂઝ સાથે, તે અત્યાર સુધીનો સૌથી વધુ જોવાયેલ ટીઝર બન્યું. દરેક લોકો કેજીએફ ૨ ના રિલીઝની રાહમાં હતા હવે તે પૂરી થઈ છે. લોકોને ટીઝર ખૂબ ગમ્યું. આ ફિલ્મમાં યશ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.




સંજય દત્ત અને રવિના ટંડન પણ મુખ્ય ભૂમિકામાં છે. ટીઝરમાં દરેકનો લૂક જોવા મળ્યો હતો. હવે ફિલ્મની રિલીઝ ડેટ બહાર આવી ગઈ છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ તારીખની જાહેરતા કરી. આ ફિલ્મ ૧૬ જુલાઈ ૨૦૨૧ના રોજ રીલિઝ થવાની છે. સંજય ‘કેજીએફ-૨’માં અધીરાનો રોલ પ્લે કરશે. ફિલ્મ કન્નડ, તેલુગુ, હિન્દી, તમિળ અને મલયાલમાં જોવા મળશે. હાલમાં જ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની કંપની એક્સલ એન્ટરટેનમેન્ટ ‘કેજીએફ ચેપ્ટર ૨’ના હિન્દી રાઈટ્સ ૯૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. આપને જણાવી દઈએ કે તાજેતરમાં ૭ જાન્યુઆરીએ યશના જન્મદિવસના એક દિવસ પહેલા જ યશના ચાહકને સરપ્રાઈઝ આપવા માટે ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું.

જોકે ટીઝરને પહેલા ૮ જાન્યુઆરીએ એટલે યશના જન્મદિવસ પર રિલીઝ કરવાનું હતું. ‘કેજીએફ ૨’ના ટીઝરે જબરદસ્ત રેકોર્ડ તોડ્યો હતો.

## પાગલ પ્રેમીએ પહોંચાડી હતી ઈજા

# ઈજાગ્રસ્ત અભિનેત્રી માલવી મલ્હોત્રા થઈ સ્વસ્થ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

અભિનેત્રી માલવી મલ્હોત્રા પાગલ પ્રેમીએ પહોંચાડેલી ઈજામાંથી હાલ સ્વસ્થ થઈ ગઈ છે. હવે તેઓ વાપસી કરવા માટે તૈયાર છે. ‘ઉડાન’ ફેમ અભિનેત્રી માલવી મલ્હોત્રા પર નવેમ્બર ૨૦૨૦ માં પાગલ પ્રેમીએ છરી વડે હુમલો કર્યો હતો. આશિક તેના પેટ અને હાથ પર હુમલો કરી ઘટનાસ્થળેથી ભાગ્યો હતો. હુમલાખોરે તેને લગ્નની ઓફર કરી હતી, જેને માલવીએ નકારી હતી. માલવી મલ્હોત્રાએ કહ્યું કે ડોક્ટરની પરવાનગી લેતા પહેલા હું મારી ક્રિએટીવીટી વધારવા માટે કંઈક શીખવાનો પ્રયાસ કરી રહી છું. માલવીએ કેટલાક પ્રોજેક્ટ્સનું કામ પૂર્ણ કર્યું છે. તેણે કહ્યું કે, ‘હું એક નવા પ્રોજેક્ટ પર કામ કરવા માંગુ છું. હું પ્રોજેક્ટ પર કામ કરવા માટે ડોક્ટરની મંજૂરીની રાહ જોઈ રહી છું.

એક ખાનગી અખબારના રિપોર્ટ અનુસાર, માલવીના બે મ્યુઝિક વીડિયો ટૂંક સમયમાં રિલીઝ થવાના છે. એકને તેનો અવાજ ભૂમિ ત્રિવેદીએ આપ્યો છે, જ્યારે એક ગીત કૃણાલ ગાંજાવાળાએ ગાયું છે. તેણે તમિલ શોર્ટ મૂવીમાં પણ કામ કર્યું છે. તમિલ શોર્ટ મૂવી એમેઝોન પ્રાઈમ વીડિયો પર રીલિઝ થવાની છે. જ્યારે તેની ભાવિ યોજના વિશે પૂછવામાં આવ્યું ત્યારે માલવી મલ્હોત્રાએ કહ્યું કે તે સ્ક્રીન પર પોલીસની ભૂમિકા નિભાવવાનું સપનું જોઈ રહી છે. તે હંમેશાં એક પોલીસ અધિકારીના જીવનથી મોહિત થઈ છે.



તેણે જણાવ્યું કે, જ્યારે તે બાળપણમાં હતી, ત્યારે તે ઢીંગલીઓને બદલે બંદૂકોથી રમતી હતી.

રાણી મુખર્જીએ ‘મર્દાની’ ફિલ્મમાં જેવું ભૂમિકા ભજવી હતી તે મને ખૂબ ગમે છે. વળી, પ્રિયંકા ચોપડાની ફિલ્મ ક્વાન્ટિકોમાં તેની ભૂમિકા ખૂબ પસંદ આવી છે.માલવી મલ્હોત્રા બોલિવૂડના પ્રતિભાશાળી કલાકારો સાથે કામ કરવા માંગે છે. તેણે કહ્યું કે, ‘ઈન્ડસ્ટ્રીમાં ઘણો ટેલેન્ટ છે. હું આયુષ્માન ખુરના, વિકી કૌશલ અને રાજકુમાર રાવ જેવા કલાકારો સાથે કામ કરવા માંગુ છું. જ્યાં સુધી દિગ્દર્શકોની વાત છે, હું સંજય લીલા ભણસાલી, અનુભવ સિંહા અને વિશાલ ભારદ્વાજ સાથે કામ કરવા માંગુ છું.

# દીકરીને મુકવા એરપોર્ટ પર આવેલા શાહરુખ ખાનનો દેખાયો નવો લૂક

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

શાહરૂખ ખાનનો એક વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. કિંગ ખાન આ વિડીયો માં ખૂબ જ આકર્ષિત દેખાય રહ્યો છે વિડીયો માં તે સુહાના ખાન અને પુત્ર અબ્રામ સાથે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો હતો, એરપોર્ટ પર કિંગ ખાન લાંબા વાળો અને ટોપી પહેરીને જોવા મળ્યો હતો, આપને જણાવીએ કે તેનો આ લુક તેની આગામી ફિલ્મ ‘પઠાન’નો છે.

શાહરુખ ખાને પુત્રીને લઈને કહ્યું કે તે લાંબા સમયથી કોરોના મહામારીને લઈને તેઓ મુંબઈ જ રોકાઈ હતી. હવે તે આગળના અભ્યાસ માટે ન્યૂયોર્ક જઈ રહી છે. તે સોશિયલ





મીડિયા પણ ખૂબ એક્ટિવ છે અને તેના ફોલોઅર્સ પણ ઘણા છે.

શાહરૂખ ખાનના વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો, તે છેલ્લી વાર ૨૦૧૮ માં રીલીઝ થયેલી ફિલ્મ ‘જીરો’ માં જોવા મળ્યો હતો.હવે બે વર્ષનાલાંબા બ્રેક બાદ ફરી એક વાર ફિલ્મ ‘પઠાન‘માં જોવા મળશે . ફિલ્મમાં શાહરુખની અપોજિટ દિપિકા પાદુકોણ જોવા મળશે. દિપિકા અને શાહરુખની સાથે આ ચોથી ફિલ્મ હશે. આ પહેલા બંને ઓમ શાંતિ ઓમ, ચેન્નાઈ એક્સપ્રેસ, હેપ્પી ન્યૂ યરમાં કામ કરી ચૂક્યા છે .

# અભિનેત્રી કંગનાએ બ્લાઈન્ડ આઈટમ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી

(જી.એન.એસ.)રાજપીપળા,તા.૩૦

પોતાના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહેલી કંગના રનૌત ફરી એકવાર ચર્ચામાં આવી છે. ગયા અભિનેત્રીએ તેના ટ્વિટર પર બ્લાઈન્ડ આઈટમ પર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી હતી. આ બ્લાઈન્ડ આઈટમ મનોરંજન પોર્ટલ પર અભિનેત્રીના અંગત જીવન સાથે જોડાયેલી છે. આથી જ કંગનાએ તેના પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. કંગનાએ તેને સૌથી પીડાદાયક ગણાવ્યું છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરની સહાય માંગતા તેણે લખ્યું, ‘આદરણીય પ્રકાશ જાવડેકર સર, અમને તમારી મદદની જરૂર છે. જેથી આપણે બોલીવુડની ગટરને સાફ કરી શકીએ. આ પ્રકારની બ્લાઈન્ડ આઈટમ્સ બદનક્ષીના કોઈપણ કિસ્સામાં ફિટ થતી નથી. આપણે તેની સામે લડી શકતા નથી. આને કારણે, કલાકારો ડ્રગ અને ડિપ્રેસનનો શિકાર છે. કૃપા કરીને સહાય કરો. બ્લાઈન્ડ આઈટમ પર પ્રતિબંધ મૂકવો. આ ઓનલાઈન લિંચિંગ છે. આપણે તાજેતરમાં એક યુવાન છોકરો ગુમાવ્યો છે જે આવા ટ્રોલ અને પરેશાનનો ભોગ બન્યો છે. આ પછી પણ કોઈ સુધારો થયો નથી. લોકો હજી પણ આ પ્રકારની ખોટી માહિતી છાપતા હોય છે. આનાથી જાહેર જીવનમાં શરમ અને તણાવ જેવી સ્થિતિનો સામનો કરવો પડે છે. મહેરબાની કરી ને મદદ કરો. અભિનેત્રીએ આગળનાં ટ્વિટમાં લખ્યું કે, ‘બોલીવુડના લોકો હજી પણ બ્લાઈન્ડ આઈટમ લખી રહ્યાં છે.

# ૨૬/૧૧ ના હુમલા પર આધારિત ફિલ્મ ‘મેજર’ ૨ જુલાઈના રોજ થશે રિલીઝ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુના પ્રોડક્શનમાં બની રહેલી ફિલ્મ મેજરની રિલીઝ ડેટ સામે આવી છે. ફિલ્મના નવા પોસ્ટરને શેર કરતાં રિલીઝની તારીખ જાહેર કરવામાં આવી છે. મેજર ૨ જુલાઈ ૨૦૨૧ ના?રોજ રજૂ કરવામાં આવશે. રિલીઝ તારીખની જાહેરાત કરતાં મહેશ બાબુએ લખ્યું, મેજર ડે ૨ જાન્યુઆરીએ હશે મેજર ડે. આ ફિલ્મ મેજર સંદીપ ઉન્નીકૃષ્ણનના જીવનચરિત્ર પર આધારિત છે, જે તાજ હોટેલમાં ૨૬/૧૧ ના હુમલામાં માર્યા ગયા હતા. આ ફિલ્મમાં અદિવી મુખ્ય ભૂમિકામાં છે, જે સંદીપ ઉન્નીકૃષ્ણનની ભૂમિકામાં જોવા મળશે. શોભિતા




ધૂલીપાલા અને સાંઇ માંજરેકર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. અદિવીએ એક મુલાકાતમાં તેના પાત્ર સંદીપ વિશે કહ્યું હતું, સંદીપ ઉન્નીકૃષ્ણનની કહાનીએ મને ખૂબ પ્રભાવિત કરી. મને યાદ છે કે મેં તેનો ફોટો જોયો હતો જે તમામ ચેનલો પર બતાવવામાં આવ્યો હતો. મેં તેની આંખો જોયેલી જેમાં તેણે જુદી જુદી દીવાનગી બતાવી અને હોઠ પર હંસી. તેનો ચહેરો જોઈને મને લાગ્યું કે તે મારા પરિવારનો ભાગ છે.

ત્યારે મને ખબર પડી કે આ તો મેજર સંદીપ ઉન્નીકૃષ્ણન છે જેમણે દેશ માટે પોતાનો જીવ આપ્યો. ફિલ્મના નિર્દેશક શશી કિરણે એક મુલાકાતમાં કહ્યું હતું કે જ્યારે આ ઘટના બની ત્યારે અમારામાંથી કોઈ નહોતું. તે સમયે સમાચારોમાં જે પણ બતાવવામાં આવ્યું, તે આપણે બધા જાણીએ છીએ. સૌથી મોટી પડકાર એ છે કે આપણે આપણી કલ્પના દ્વારા જે પણ બતાવીએ છીએ તેનાથી વાસ્તવિકતાના રંગો ભરીએ.

# ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટઃ સ્ટોક્સ, આર્ચર અને બર્ન્સે પ્રેક્ટિસ શરૂ કરી

## બાકીની ટીમ ૨ ફેબ્રુઆરીથી પ્રેક્ટિસ કરશે

(જી.એન.એસ.)ચેન્નાઈ,તા.૩૦

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૪ ટેસ્ટ મેચની શ્રેણીની પહેલી મેચ ચેન્નાઈમાં ૫ ફેબ્રુઆરીથી રમાશે. આ માટે ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ, પેસર જોફરા આર્ચર અને ઓપનર રોરી બર્ન્સએ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. ઈંગ્લેન્ડની બાકીની ટીમ અને ભારતીય ખેલાડીઓ ક્વોરન્ટીન સમયગાળો પૂરો થયા પછી ૨ ફેબ્રુઆરીથી પ્રેક્ટિસ શરૂ કરશે.

ત્રણેય ઈંગ્લિશ ખેલાડીઓ શ્રીલંકા પ્રવાસ પર ગયા નહોતા. આ કારણોસર, તે ૨૪ જાન્યુઆરીએ જ ચેન્નાઈ પહોંચ્યા હતા અને ૬ દિવસનો ક્વોરન્ટીન પીરિયડ પૂર્ણ કર્યો હતો. શ્રીલંકા પ્રવાસને કારણે બાકીની ટીમ ૨૭ જાન્યુઆરીએ ચેન્નાઈ પહોંચી હતી.

વર્કલોડને કારણે સ્ટોક્સ અને આર્ચરે શ્રીલંકા પ્રવાસથી આરામ લીધો હતો. તે જ સમયે, રોરી બર્ન્સ પેટરનિટી લિવ પર ગયો હતો. તે તાજેતરમાં જ પિતા બન્યો છે. ત્રણેયની ગેરહાજરીમાં ઈંગ્લેન્ડે શ્રીલંકાને ટેસ્ટ શ્રેણીમાં ૨-૦થી હરાવ્યું હતું.

સ્ટોક્સ, આર્ચર અને બર્ન્સે ત્રણ કોરોના ટેસ્ટ પાસ કરી લીધા છે. ઈંગ્લેન્ડની બાકીની ટીમે ક્વોરન્ટીન દરમિયાન તેમનો બીજી પીસીઆર કોરોના ટેસ્ટ પાસ કરી લીધો છે. દરેકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

# ‘મૈંને પ્યાર કિયા’ ૩૧ હજાર રૂપિયામાં સાઈન કરી હતી : સલમાન ખાન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

સલમાન ખાન બોલિવૂડના સૌથી વધુ કામની કરનારા સ્ટાર્સમાંનો એક છે. તેની મોટાભાગની ફિલ્મો બોક્સઓફિસ પર રેકોર્ડ તોડે છે. એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાને જણાવ્યું, ’મારી પહેલી સેલરી ૭૫ રૂપિયા હતી. હું તાજ હોટલમાં કોઈ શોમાં પાછળ ડાન્સ કરતો હતો. મારો એક મિત્ર ત્યાં ડાન્સ કરવા ગયો હતો, માટે તે મને પણ લઈ ગયો અને મેં માત્ર મજા માટે તે કર્યું હતું.’ તેણે જણાવ્યું કે ત્યારબાદ તે કેમ્પા કોલા માટે કામ કરવા લાગ્યો જ્યાં તેને ૭૫૦ રૂપિયા સુધી મળ્યા અને પછી લાંબા સમય સુધી ૧૫૦૦ રૂપિયા મળવા લાગ્યા. વાત-વાતમાં એવું પણ જણાવ્યું કે તેણે ’મૈંને પ્યાર કિયા’ ૩૧ હજાર રૂપિયામાં



સાઈન કરી હતી ત્યારબાદ તેને વધારીને ૭૫ હજાર રૂપિયા મળ્યા હતા. સલમાન ખાનની પહેલી ફિલ્મ ’બીવી હો તો ઐસી’થી જે ૧૯૮૯માં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તેણે ફિલ્મ ’મૈંને પ્યાર કિયા’ માં કામ કર્યું જે તે સમયની સુપરહિટ ફિલ્મોમાંની એક હતી. વર્ષ ૨૦૦૯માં ’વોન્ટેડ’ની રિલીઝ બાદ સલમાનની બધી ફિલ્મો બ્લોકબસ્ટર રહી અને સાથે જ ૧૦૦ કરોડ ક્લબમાં પણ સામેલ થઈ. સલમાન ખાન તેની આગામી ફિલ્મ ’રાધેઃ યોર મોસ્ટ વોન્ટેડ ભાઈ’માં દેખાશે. આ ફિલ્મ તેની રિલીઝ માટે તૈયાર છે. જોકે આ ફિલ્મ અગાઉ ડિજિટલી રિલીઝ થવાની હતી પણ ફિલ્મના ડિસ્ટ્રિબ્યુટર્સે સલમાનને લેટર લખી અપીલ કરી કે ફિલ્મ ડિજિટલી રિલીઝ ન કરે.

# ૩૦૦ કરોડના ખર્ચે ઋતિક રોશન અને દીપિકાને લઈ ‘રામાયણ’ પર બનશે ફિલ્મ





(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

રામાયણ પર આધારિત બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં અનેક ફિલ્મ બની ચુકી છે. ફિલ્મ નિર્દેશકો પોત-પોતાની રીતે આ કહાનીને દર્શકો સામે દર્શાવે છે. પરંતુ હવે એવા અહેવાલ સામે આવી રહ્યાં છે કે, ફિલ્મ નિર્માતા મધુ મેન્ટાના રામાયણ પર એક બીગ બજેટવાળી ફિલ્મ બનાવા જઈ રહ્યાં છે. મધુ મેન્ટાના આ ફિલ્મ પર ૩૦૦ કરોડ રૂપિયા બજેટ ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. અહેવાલ અનુસાર ફિલ્મમાં ઋતિક રોશન અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકા ભજવશે. કહેવામાં આવી રહ્યું છે કે, મધુની આ ફિલ્મ રામયણનું ડાયરેક્શન નિતીશ તિવારી કરવા જઈ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, નિતીશ તિવારી દંગલ જેવી ફિલ્મનું ડાયરેક્શન કરી ચૂક્યા છે. અહેવાલ અનુસાર, મધુ મેંન્ટાના માટે આ ફિલ્મ રામાયણ તેમનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

# કમલા હેરિસનું ઉપરાષ્ટ્રપતિ બનવું એ ઘડી મારા અને પરિવાર માટે એક ભાવુક પળ હતી : પ્રિયંકા

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૦

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બન્યા બાદ કમલા હેરિસને સમગ્ર દુનિયાભરમાંથી સમર્થન અને શુભકામના મળી રહી છે. ભારતનું તેમને સૌથી વધુ સમર્થન મળ્યું છે. હવે એક્ટ્રેસ પ્રિયંકા ચોપડાએ કહ્યું છે કે, કમલા હેરિસનું અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનવું એ ઘડી મારા ખુદ માટે અને મારા મિત્રો, પરિવાર માટે એક ભાવુક પળ હતી’’ પ્રિયંકાએ આ વાત અમેરિકાના ટેલિવિઝન શો દરમિયાન કહી હતી. પ્રિયંકા ચોપડા તેમની નવી ફિલ્મ ‘ધ વ્હાઈટ ટાઈગર’’ના પ્રમોશન માટે અમેરિકાના સૌથી પ્રસિદ્ધ શો ‘ધ લેટ શો વિથ





સ્ટીફન કોલબર્ટ’માં ગઈ હતી. શોમાં તેમણે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનાવા માટે કમલા હેરિસને શુભકામના પાઠવી હતી. શો દરમિયાન સ્ટીફ કોલબર્ટે કમલા હેરિસ વિશે પ્રિયંકાને સવાલ કર્યો હતો. આ સવાલનો જવાબ આપતા પ્રિયંકાએ જણાવ્યું હતું કે, “હું ભારતીય યુવતી છું અને મારા દેશમાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિતના અનેક પદ પર મહિલાએ સેવા આપી છે. કમલા હેરિસને હું માત્ર આટલું જ કહીશ ક્લબ અમેરિકામાં આપનું સ્વાગત છે.

અમેરિકાના ઉપરાષ્ટ્ર બનવા સાથે આ ખૂબ સરસ શરૂઆત છે. આશા રાખીએ કે, બહુ ઝડપથી મહિલાઓ રાજનૈતિક ક્ષેત્રમાં આગળ આવે અને સરકારનો હિસ્સો બને’’.

# આજથી ધો. ૯થી ૧૧ના વર્ગો શરૂ કરાયા પ્રાથમિક શિક્ષણ શરૂ કરવા અંગે વિચારણા

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૧

ગુજરાતમાં શિક્ષણકાર્યને વેગ આપવા સોમવારથી ધોરણ-૯ અને ૧૧ના વર્ગનો પ્રારંભ થશે. કોવિડ-૨૦૧૯ની માર્ગદર્શીકાના સંપૂર્ણ પાલન સાથે ધોરણ-૯ અને ૧૧નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં કોરોનાના કેસમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. રાજ્યમાં જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યું છે. હાલમાં ધોરણ-૧૦ અને



૧૨ના વર્ગ નિયમિત શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે બીજા તબક્કામાં હવે ધોરણ-૯ અને ૧૧ના વર્ગ પણ શરૂ કરવામાં આવશે. સોમવારથી કોવિડ-૨૦૧૯ની માર્ગદર્શિકાના સંપૂર્ણ પાલન સાથે ધોરણ-૯ અને ૧૧ના વર્ગ શરૂ થશે. શિક્ષણકાર્યને રાબેતામુજબ કરવાની દિશામાં સરકારે આ નિર્ણય કર્યો છે. શૈક્ષણિકકાર્ય શરૂ કરવાના સરકારના નિર્ણયને મહદઅંશે આવકાર સાંપડ્યો છે.

શૈક્ષણિકાકાર્યને વેગ આપવાની દિશામાં હવે ધોરણ- ૯ થી ૧૨ના વર્ગ રાબેતા મુજબ થશે. તો ટૂંક સમયમાં હવે ધોરણ-૧ થી ૮ ના વર્ગ લાંબા સમયથી બંધ છે તેને પુન શરૂ કરવાની દિશામાં પણ સરકાર નિર્ણય કરશે.

# રાજ્યમાં કોરોના રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ

**ઉચ્ચ સનદી-પોલીસ અમલદારો તેમજ આરોગ્ય-સફાઈ કર્મચારીઓને રક્ષિત કરાયા**

રાજકોટ,તા.૩૧

રાજ્યમાં કોરોના રસીકરણના પ્રથમ તબક્કા બાદ આજથી બીજા તબક્કાનો પ્રારંભ તમામ શહેરોમાં ઉભા કરાયેલ ૭૫૦ રસીકરણ કેન્દ્રો ખાતે કરવામાં આવ્યો હતો.બીજા તબક્કામાં જિલ્લા કલેક્ટરો, જિલ્લા પોલીસ વડા, પોલીસ કમિશ્નર, મહાપાલિકા કમિશ્નર ઉપરાંત સચિવાલયના ઉચ્ચ અમલદારો ઉપરાંત પોલીસ મહાનિર્દેશકે આજે કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો હતો.

ફ્ન્ટલાઈન કોરોના વોરિયર્સ ડોકટર, નર્સિંગ-મેડિકલ સ્ટાફને પ્રથમ તબક્કામાં રસીકરણ પૂર્ણ થયા બાદ બીજા તબક્કામાં આજરોજ ૭૫૦ રસીકરણ કેન્દ્રો ખાતે થયો હતો. જો સુરતની વાત કરીએ તો, ડો.ધવલ પટેલ, પોલીસ કમિશનરશ્રી અજય તોમર, મ્યુ.કમિશનર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, જિલ્લા પોલીસ અધિક્ષક ઉષા રાડા તથા અન્ય પોલીસ, પાલિકા, પંચાયતના ઉચ્ચ અધિકારીઓએ કોરોના પ્રતિકારક વેકસીન લઈને બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. જયારે બીજા ચરણમાં પાલિકા, પોલીસ તથા અન્ય સરકારના વિભાગના સ્ટાફ સહિત ૩૦,૦૦૦ અધિકારી-કર્મચારીઓને વેકસીન આપવાનો પ્રારંભ થયો છે. કોઈ પણ પ્રકારની ગેરસમજ વિના દરેક નાગરિકો નિયત સમયે વેકસીન લઈને પોતાના પરિવાર સહિત શહેર, રાજય અને રાષ્ટ્રને કોરોથી સુરક્ષિત કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો. શહેરમાં ૮૦થી વધુ કેન્દ્રો પર વેકસીનેશન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પોલીસ, પાલિકા, અન્ય સરકારી વિભાગોના અધિકારી-કર્મચારીઓને વેકસીન આપવામાં આવનાર હોવાની વિગતો તેમણે આપી હતી. આજ રીતે બીજા તબક્કામાં ગાંધીનગરમાં રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ પ્રથમ વૅક્સીન લઈને અભિયાનની શરૂઆત કરાવી હતી. જ્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શાહીબાગના પોલીસ ઈન્સ્પેક્ટર કેડી જાડેજા પ્રથમ વૅક્સીન લેનારા અધિકારી બન્યા હતા.

# પ્રદેશ કોંગ્રેસ દ્વારા મહાપાલિકાના ૨૦૦ ઉમેદવારની યાદી આજે જાહેર થશે

ચક્રવાત ટીમ ગાંધીનગર તા.૩૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજથી ૬ મહાનગરોમાં ચૂંટણી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થનાર છે ત્યારે મુખ્ય હરીફ પક્ષો ભાજપ-કોંગ્રેસ પોતાનાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં ગોકળ ગાયની ગતિએ આગળ વધી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઉમેદવારોની પસંદગીની કામગીરી હાથ ધરવા ગાંધીનગર નજીક એક ફાર્મ હાઉસ ખતે પક્ષનાં આગેવાનો-પ્રભારી તેમજ ચૂંટણી સમિતિના સભ્યોની એક બેઠક ભારે ગુપ્તતાપૂર્વક યોજાયેલ હતી. ટોચનાં આધારભૂત સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગત મુજબ કોંગ્રેસ પક્ષ દ્વારા આવતીકાલે સાંજે અથવા રાત્રીનાં ૪ મહાનગરોના ૨૦૦ જેટલા ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડવામાં આવનાર છે.



પ્રદેશ કોંગ્રેસ વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર રાજ્યની ૬ મહાનગરપાલિકાનાં ઉમેદવારોની મોવડી સમક્ષ આવેલી દરખાસ્તો પર આગેવાનો દ્વારા લંબાણ પૂર્વકની દિવસભરની ચર્ચા વિચારણાનાં અંતે મહાપાાલિકાની ચૂંટણીના કુલ પૈકી ૨૦૦ ઉમેદવારોની આખરી યાદી તૈયાર કરવામાં સફળતા મળેલ છે.

ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં જીતના પ્રબળ દાવેદાર હોય તેવા નામોની યાદી તૈયાર થયેલ છે. આવતી કાલે મહાનગરપાલિકા ઉપરાંત જિલ્લા પંચાયતોના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કોંગ્રેસી નેતાઓ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. મહાનગરપાલિકાની તૈયાર કરાયેલ યાદીમાં કેટલાક પૂર્વ કોર્પોરેટરોનાં વોર્ડ તથા પુરેપુરી પેનલ પણ બદલાય તેવા અણસાર મળી રહ્યા છે.

ઉમેદવારોની ચાલતી પસંદગી પ્રક્રિયામાં પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષી નેતા (વિધાનસભા) પરેશ ધાનાણણી અર્જુન મોઢવાડીયા તેમજ કેટલાક ધારાસભ્યો ઉપરાંત સંગઠનના કેટલાક પદાધિકારીઓ દ્વારા ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. સોમવાર રાત્રી સુધીમાં મહાપાલિકાનાં ૨૦૦ જેટલા ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ મંગળવારે પણ મહાપાલિકાનાં ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવનાર છે.

# સુરતમાં ૭૦૦ ગ્રામના અને ૬ મહિને જન્મેલા બાળકનો ત્રણ મહિનામાં સફળ ઈલાજ કરાયો

(જી.એન.એસ.)સુરત,તા.૩૧

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં અધૂરા મહીને જન્મેલા બાળકની સારવાર કરવામાં આવી રહી છે. બાળક ૭૦૦ ગ્રામ વજન સાથે પોણા ૬ મહિને જન્મ્યું હતું અને ત્યારબાદ તેને સુરતની એક હોસ્પિટલમાં લાવવામાં આવ્યું હતું. સુરતના તબીબ દ્વારા તેની સારવાર કરવામાં આવી હતી. ૩ મહિનાની સારવાર બાદ આખરે બાળકનું વજન પણ વધ્યું હતું, અને તે બિલકુલ સ્વસ્થ થયું છે.



સુરતના વરાછા રોડ પર આવેલી ધી નાઈસ ચિલ્ડ્રન હોસ્પિટલમાં પોણા ૬ મહિને જન્મેલા એક બાળકને સારવાર માટે લાવવામાં આવ્યું હતું. બાળક જન્મ્યું ત્યારે તેનું વજન માત્ર ૭૦૦ ગ્રામ જેટલું હતું. બાળકને બચાવવું ત્યારે ખુબ જ અઘરું હતું. હોસ્પિટલના ડો. નિકુંજ પઢશાળા દ્વારા બાળકની સારવાર કરવામાં આવી હતી. અંદાજિત ૩ મહિના સુધી બાળકની સારવાર ચાલી હતી અને આખરે બાળક સ્વસ્થ થયું છે. બાળકને ડિસ્ચાર્જ કર્યું હતું ત્યારે બાળકનું વજન ૧ કિલો અને ૮૦૦ ગ્રામ પર પહોંચ્યું હતું. ડો. નિકુંજે જણાવ્યું કે, આ પ્રકારના બાળકને બચાવવાના ચાન્સ બહુ ઓછા હોય છે અને ૧૦ માંથી ૩ બાળકો જ આવા કેસમાં બચી શકે છે.

# રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું

**નલિયા, જૂનાગઢ, કેસોદ, ગાંધીનગર, ડીસા, અમરેલી, રાજકોટ અને અમદાવાદમાં ઠંડી**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૩૧

રાજ્યમાં આજે એકંદરે અત્યંત ઠંડા રહેતા શહેરોમાં તાપમાનનો પારો નજીવો ઉંચો ચઠયો હતો. આગામી બુધવાર સુધી તાપમાનમાં નજીવી રાહત જોવા મળશે. સંભવત આગામી શુક્રવારથી ફરી વાતાવરણમાં થોડો હળવો ફેરફાર થવા સંભાવનાઓ હવામાનશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે.

રાજ્યમાં આજે સૌથી ઠંડા વિસ્તાર ગિરનાર પર્વત રહેલ જ્યારે શહેરોમાં નલિયા ૫.૮, જૂનાગઢ ૬.૭, કેશોદ ૭.૧, ગાંધીનગર ૭, અમરેલી ૮, ડીસી ૮.૮, કંડલા એરપોર્ટ ૯, અમદાવાદ ૯.૫, વલસાડ ૧૦, પોરબંદર ૧૦.૨, વિદ્યાનગર ૧૦.૪, રાજકોટ ૧૦.૫, મહુવા ૧૦.૬, ભાવનગર ૧૨, દિવ ૧૨.૩ અને સુરેન્દ્રનગર ૧૩.૨ ડીગ્રી નીચું તાપમાન નોંધાયુ હતું. રાજ્યમાં એકંદરે પવનની ઝડપ ૨ થી ૪ કિ.મી. પ્રતિ કલાક તેમજ ભેજનું પ્રમાણ ૭૮ ટકાથી ૧૬ ટકા સુધી મહત્તમ તાપમાન ૨૨ ડીગ્રીથી ૩૧.૫ ડીગ્રી જેવું નોંધાયું હતું.

# આજથી રાજ્યની ૬ મહાનગરપાલિકાની ચૂંટણીના ફોર્મ ભરવાની શરૂઆત

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૧

ગુજરાતની છ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થયા બાદ ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ સોમવારથી શરૂ થશે. જ્યારે આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાનાર છે. આ અંગે જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની સાથે જ સોમવારથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થશે. મુખ્ય રાજકીય પક્ષો દ્વારા આ અંગેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પંચ દ્વારા પણ નિરીક્ષકોની નિમણૂક કરી દેવામાં આવી છે. ત્યારે મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારો પસંદગી પ્રક્રિયાને લઈને મેરેથોન બેઠકોનું આયોજન થઈ ચૂક્યા છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી નિયમ મુજબ, ગુજરાત રાજ્ય મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વિધિવત ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે, ત્યારે તા.૧લી ફેબ્રુઆરીએ ૬મહાનગર પાલિકા વિસ્તારના કલેક્ટરો દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. રાજ્યના છ મહાનગર વિસ્તારમાં ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત સોમવારથી થશે અને ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી નિર્ધિરિત કરી હોવાથી રાજ્યના મહાનગરોમાં ચૂંટણીનું વાતાવરણ જામશે.

આદર્શ આચારસંહિતાના અમલ વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા માટે થઈને ચૂંટણી આયોગ પણ સજ્જ થઈ ગયું છે. છ મહાનગર પાલિકા વિસ્તારમાં ૧૪૪ વોર્ડ ની ચૂંટણી યોજાનારી છે. આ માટે ૫૧ જેટલા ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, મહાનગર વિસ્તારમાં ૧૧૪૭૭ જેટલા મતદાન મથકો નક્કી કરી દેવામાં આવ્યા છે. આ પૈકીના ૩૮૫૧ સંવેદનશીલ મતદાન મથકો છે અને ૧૬૫૬ અતિ સંવેદનશીલ મતદાન મથકો ઓળખી કાઢવામાં આવ્યા છે.

# વડોદરામાં રસી લીધા બાદ બે કલાક પછી સફાઈ કામદારનું શંકાસ્પદ મોત

**હોસ્પિટલ ખાતે જિજ્ઞેશ સોલંકી ફરજ પરના તબીબે મૃત જાહેર કરી પેનલ સી. એમ.ની કાર્યવાહી આદરી**

વડોદરા,તા.૩૧

આજે રાજ્યમાં કોરોના સામે રક્ષણ આપતી રસી કોરોના યોદ્ધાઓને આપવાના બીજા તબક્કાનો પ્રારંભ થતા રાજ્યમાં ૭૫૦થી વધુ સ્થળોએ રસીકરણ કેન્દ્રો ખાતે રસી આપવાની કાર્યવાહી આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન વોડદરા શહેર સેવા સદન ખાતે વોર્ડ નં. ૯માં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સ્વસ્થ યુવાનને કોરોનાની રસી આપવામાં આવ્યા પછી આશરે અઢી કલાક બાદ આ યુવાનને ગભરામણ થતા બેભાન થઈ પડી જતા સારવાર માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના મહિલા તબીબે યુવાનને મૃત જાહેર કરેલ હતો.મૃત્યુ પાછળનું સાચું કારણ શોધવા નિષ્ણાંતોની પેનલ મારફત પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરવા નક્કી કરેલ છે.

# સુરતમાં ચાકુના ઘા ઝીંકી ૧૯ લાખની લૂંટ : બે આરોપીઓની અટકાયત કરાઈ

(જી.એન.એસ.)સુરત,તા.૩૧

સુરત શહેર જાણે કે ક્રાઈમ કેપિટલ ઑફ ગુજરાત બની રહ્યું હોય તેવી ઘટનાઓ દિનપ્રતિદિન ઘટી રહી છે. શહેરમાં હત્યા, લૂંટ જાણે કે સામાન્ય ઘટના થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. કાયદો અને વ્યવસ્થા પર પોલીસનું નિયંત્રણ નથી તેના લીધે રોજ રોજ પચરંગી ગુનાઓ સામે આવી રહ્યા છે. દરમિયાનમાં ગઈકાલે સુરતમાં કેમિકલના વેપારીને ચાકુના ઘા મારી ધોળેદિવસે ૧૯ લાખ રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી હતી. મોટર સાયકલ પર પૈસાનો થેલો લઈને જઈ રહેલા કેમિકલના વેપારીને રસ્તામાં લુખ્ખાએ આંતરી અને તેને ચાકુના ઘા ઝીંકી થેલો ઝૂંટવી લીધો હતો.

આ ઘટનાનો લાઈવ સીસીટીવી વીડિયો સામે આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે બે શખ્સોને ઓળખી કાઢ્યા છે અને તેની અટકાયત કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આ લૂંટના સૂત્રધાર લુખ્ખા તત્વો છે. જોકે, તેમને વેપારીના પૈસા આવવા અને જવાનો સમય ખબર હોવાની શંકા છે. પેઢીના સીસીટીવી વીડિયોમાં પણ શકમંદ નજરે પડ્યો છે જે બહારના સમયે ખૂબ લાંબો સમય સુધી શંકાસ્પદ અવસ્થામાં જોવા મળ્યો છે. દરમિયાનમાં પોલીસે આ મામલે બે શકમંદોની અટકાયત કરી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરી લેવામાં આવશે. પોલીસના ઉચ્ચ અધિકારી આ મામલે પ્રેસ કૉન્ફરન્સ કરીને માહિતી આપે તેવી શક્યતા છે.

# વડોદરામાં ખાનગી શાળાઓએ ઉઘરાવેલી વધારાની ફી પરત કરવા હૂકમ

(જી.એન.એસ.)વડોદરા,તા.૩૧

મહાનગરપાલિકામાં ફી વધારા અંગે વ્યાપક ફરિયાદો ઉઠતા રાજ્ય સરકાર દ્વારા ફી રેગ્યુલેશન કમિટીની રચના કરવામાં આવી હતી. ખાનગી શાળાઓ દ્વારા વસૂલવામાં આવતી મનમાની સામે લગામ લગાવવા માટે રેગ્યુલેશન કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટી દ્વારા તાજેતરમાં જ ગ્લોબલ ડીસ્કવરી સ્કુલ અને સંત કબીર સ્કૂલ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બંને શાળાના વિદ્યાર્થીઓને ૧૫ લાખ રુપિયા પરત કરવાનો હુકમ કર્યો છે. ફી રેગ્યુલેશન કમિટીએ ગ્લોબલ ડીસ્કવરી સ્કુલ ના ૫૧૬ વિદ્યાર્થીઓને ૩૬.૯૯ લાખ ૪ ઈસ્ટોલમેન્ટમાં આપવાનો આદેશ કર્યો હતો. પહેલા ઈન્સ્ટોલમેન્ટમાં રોકડા રૂપિયા આપવાના અને ત્યારબાદ ત્રણ હપ્તા વિદ્યાર્થીઓને નવા વર્ષમાં ફીમાં એડજએસ્ટ કરવાનો હુકમ કર્યો છે. સંત કબીર સ્કૂલ ને ૧,૫૬૩ વિદ્યાર્થીઓને ૨૬.૨ લાખ ફી પેટે પરત કરવાનો હુકમ કર્યો છે. જેમાં પણ પહેલો હપ્તો રોકડ અને બીજા બે હપ્તા ફીમાં એડજેસ્ટ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# એએમસીની ચૂંટણીમાં પાકિસ્તાનથી આવેલા ૧૭૩ હિંદુઓ કરશે મતદાન

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩૧

કેન્દ્ર સરકારે તા.૨૩-૧૨-૨૦૧૬થી જિલ્લા મેજિસ્ટ્રેટની રૂએ કલેકટરને ભારતીય નાગરિકત્વની સત્તા આપી હતી તે પછી અત્યાર સુધીમાં ૭૬૮ પાકિસ્તાની હિંદુઓને ભારતીય નાગરિકતા અપાઈ છે. આ તમામ પાકિસ્તાની હિંદુઓ પાકિસ્તાની નાગરિકતા મેળવ્યા બાદ પહેલીવાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણી એટલે કે, એએમસીની ચૂંટણીમાં મતદાન કરશે. આ પૈકી અમદાવાદમાં વસતાં ૧૭૩ પાકિસ્તાની હિંદુઓ તો નાગરિકતા મળ્યા બાદ પહેલીવાર ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરશે. નાગરકિતા એ કોઈપણ માણસ માટે જે તે દેશમાં રહેવાનો એક પાયાભૂત આધાર ગણી શકાય. કોઈપણ વ્યક્તિ દેશમાં વસવાટ કરતો હોય પણ પરંતુ તેની પાસે નાગરિકતાનો પુરાવો ન હોય તો તેવા સંજોગોમાં દેશમાં તેને તમામ હક અને અધિકાર પ્રાપ્ત થતાં નથી. ભારતીય નાગરિકતા મેળવ્યા વિના ભારતમાં વસતાં પાકિસ્તાની હિંદુ નિર્વાસિતોને રોજગાર સહિત અન્ય તકલીફનો સામનો કરવો પડતો હોય છે. ભારતીય નાગરિકતા મેળવવાની પ્રક્રિયા જટિલ અને સમય માગી લે તેવી હોય છે. પાકિસ્તાનથી આવેલા નિર્વાસિત હિંદુઓને પહેલાં ભારતીય નાગરિકતા મેળવવા માટે છેક દિલ્હી સુધીના ધક્કા ખાવા પડતા હતા પણ કેન્દ્ર સરકારે તા.૨૩-૧૨-૨૦૧૬ના રોજ ભારતીય નાગરિકતા આપવાની પ્રક્રિયાને સરળ બનાવી હતી.








